# પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૭ ● અંક-૧ ● જાન્યુઆરી ૨૦૧૦ ● પાના ૨૮ ● કીમત રૂા. ૧૦

## જિન-વચન
### ધર્મતત્ત્વમાં શ્રદ્ધા

आहच्च सवणं लद्धुं सद्धा परम दुल्लहा ।
सोच्चा णेयाउणं मग्गं बहवे परिभस्सई ।।

–उत्तराध्ययन– १-११

સંજોગવશાત્ ધર્મશ્રવણની તક મળવા છતાં ધર્મતત્ત્વમાં શ્રદ્ધા થવી એ પરમ દુર્લભ છે. સાચા ધર્મમાર્ગ વિશે જાણવા મળે છતાં ઘણા માણસો તે માર્ગથી ભ્રષ્ટ થઈ જાય છે.

कदाचित् धर्मश्रवण का अवसर पा लेने पर भी उस में श्रद्धा होना परम दुर्लभ है । धर्म की ओर ले जानेवाले सही मार्ग को जानकर भी बहुत लोग इस मार्ग से भ्रष्ट हो जाते हैं ।

Even after getting an opportunity to hear religious discourses, it is very difficult to have faith in religion. There are many who get lost even after being shown the right path.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન-વચન'માંથી)

# આચમન

## અધિકાર

વૈજ્ઞાનિક નવલકથાઓ લખી વિશ્વખ્યાતિ પ્રાપ્ત કરનાર ઈંગ્લેન્ડના લેખક એચ. જી. વેલ્સે ગાંધીજીને એકવાર પ્રશ્ન કર્યો, 'મિ. ગાંધી! માનવીનો અધિકાર કોના કોના પર હોઈ શકે?'

ગાંધીજીએ એનો ઉત્તર નીચે મુજબ આપ્યો:

'મિ. વેલ્સ, હકીકતમાં તો કોઈનો કોઈના પર કશો અધિકાર નથી! મારી પત્ની, મારો પુત્ર કે મારા કોઈ સ્વજન પર પણ મારો કશો જ અધિકાર નથી. આ બ્રહ્મજ્ઞાન મને ત્યારે જ લાધ્યું જ્યારે મેં આવો કોઈ મારો અધિકાર તેમના પર ચલાવવાનો પ્રયાસ કર્યો. પણ તે દિવસથી મેં આવો અધિકાર તેમના પર ચલાવવાનું છોડી દીધું. એને બદલે તેમના પ્રત્યેની મારી ફરજ બજાવવાનું શરૂ કર્યું. મારા કર્તવ્યનું પાલન કરવાનો મેં પ્રારંભ કર્યો અને પછી તો મારી એ ફરજ કે કર્તવ્યના પાલન દ્વારા જ મને અધિકાર પ્રાપ્ત થયો!'

'આ વાત બધા માટે સાચી હોવી જોઈએ કે પ્રત્યેક માનવી પોતાના મિત્રો, કુટુંબીજનો, સગાંસ્નેહીઓ અને દેશ-બાંધવોની સેવા કરીને, તેના ફળરૂપે જ સત્તા કે અધિકાર પ્રાપ્ત કરી શકે. સત્તા કે અધિકાર પ્રાપ્ત કરવા આ વિના અન્ય કોઈ માર્ગ નથી. માણસ પોતાની ફરજનું કે કર્તવ્યનું પાલન કરીને જ સત્તા કે અધિકાર પ્રાપ્ત કરી શકે છે. જે માણસ બીજા માણસ પ્રત્યેની ફરજ કે કર્તવ્ય અદા કરવાનું ચૂકે છે તેને કોઈની ઉપર અધિકાર કરવાનો હક રહેતો નથી.'

અનેક નવલકથાઓ લખનાર એચ. જી. વેલ્સને આ સાંભળીને મનમાં થયું કે આજે પોતે 'અધિકાર' વિષે એક નવું જ જ્ઞાન સંપ્રાપ્ત કર્યું!

## નિર્ધાર

ડરબનમાં કસ્તૂરબા બીમાર પડ્યા.

માંદગીમાંથી ઊઠી શકે એ માટે દાક્તરે માંસનો સેરવો ખાવાની ભલામણ કરી.

ગાંધીજીએ બાને વાત કરી.

બા બોલ્યા, 'ના, મારાથી એ નહીં બને. મારા દેહને પરમાટીથી હું અભડાવીશ નહીં. એ કરતાં હું મરણ પામું એ વધારે સારું. દેહ વટલાવીને જીવવાનું મને પસંદ નથી!'

'પણ દાક્તર કહે છે કે અહીં રહીને દવા કરાવવી હશે તો મારી સૂચનાનો અમલ કરવો પડશે!'

'તો આપણે અહીં રહેવું નથી.'

ગાંધીજી કસ્તૂરબાનો નિર્ધાર સમજી ગયા.

દાક્તરને તેમણે કસ્તૂરબાનો નિર્ધાર કહી સંભળાવ્યો.

દાક્તર બોલ્યા, 'એ તો સ્ત્રી કહેવાય! પણ તમે તો સમજો છો ને? તેમને અહીંથી બહાર બીજે લઈ જવામાં જાનનું જોખમ છે અને મને લાગે છે કે, જો તમે એમને અહીંથી બીજે ક્યાંક લઈ જશો તો રસ્તામાં જ એ મરણ પામશે!'

'તો મરણ ક્યાં બે વાર આવવાનું છે?'

કસ્તૂરબા તો પોતાના નિર્ણયમાં મક્કમ હતા. તેમણે ત્યાંથી ચાલ્યા જવાનો નિશ્ચય કરી લીધો હતો.

રસ્તામાં તેઓ ગાંધીજીને એક જ વાત કહ્યા કરે, 'તમે મારી સહેજ પણ ચિંતા કરશો નહીં. મને કશું જ થવાનું નથી. ખરો ભય હતો તેમાંથી તો હું મુક્ત બની છું. હવે ભય છે જ ક્યાં?'

બાની અપૂર્વ હિંમત જોઈને ગાંધીજી પણ ચકિત થઈ ગયા. ✶✶✶

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ |
|---|---|---|---|
| (૧) | ગાંધી : યુગસર્જક મહામાનવ | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | ક્ષમા-ધર્મ : ખ્રિસ્તી ધર્મમાં અને અન્ય ધર્મોમાં | ડૉ. ઈશાનંદ વેમ્પની | ૬ |
| (૩) | 'સર નેઈમ લેસ' | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૧૦ |
| (૪) | ધર્મ : મૃત્યુંજયી મહારથી | પૂ. આચાર્યપ્રવર શ્રીમદ્ વિજય-પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ | ૧૧ |
| (૫) | પત્ર-ચર્ચા : સાધુ-સાધ્વીઓના વિહાર, માર્ગ અકસ્માત, આધુનિકતા વિગેરે | સુનંદાબહેન વોહોરા | ૧૩ |
| (૬) | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ૭૫મી વ્યાખ્યાનમાળા સંપન્ન | શ્રી કેતન જાની | ૧૫ |
| (૭) | વ્યક્તિઓમાં રહેલા બીજભૂત વ્યક્તિત્વને પ્રગટ કરે તે જ સાચી કેળવણી | શ્રી ગુણવંત બરવાળિયા | ૧૮ |
| (૮) | જયભિખ્ખુ જીવનધારા-૧૪ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૧ |
| (૯) | શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૧૫ | પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ | ૨૪ |
| (૧૦) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જીતેન્દ્ર બી. શાહ | ૨૬ |
| (૧૨) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૭ |
| (૧૩) | પંથે પંથે પાથેય : એક પુણ્યદર્શન | ભોગીલાલ શાહ | ૨૮ |



**'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી**

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨

૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે

૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭

૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩

૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૦માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૭માં વર્ષમાં પ્રવેશ

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**

**પૂર્વ તંત્રી મહાશયો**

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : ૫૭ ● અંક : ૧ ● જાન્યુઆરી ૨૦૧૦ ● વિક્રમ સંવત ૨૦૬૬ ● વીર સંવત ૨૫૩૭ ● મહા સુદ –તિથિ-૧ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●     ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ધનવંત તિ. શાહ

## ગાંધી : યુગસર્જક મહામાનવ

૨જી ઑક્ટોબર કરતાં ૩૦ મી જાન્યુઆરીના દિવસે આ મહામાનવ વિશેષ યાદ આવે.

રામ, કૃષ્ણ, મહાવીર અને બુદ્ધ પછી આ અવતારી મહાત્માને આ ધરતીએ નિહાળ્યા. આ ધરતીનું આ અહોભાગ્ય અને એ સમયે આ ધરતી પર જે જે જીવો હતા એ તો પરમ સદ્‌ભાગી!

પહેલી ૩૦ મી જાન્યુઆરીનું હું સ્મરણ કરું છું ત્યારે હૃદયમાં અનેક આંદોલનો આકાર લે છે. મેં ગાંધીના પ્રત્યક્ષ દર્શન કર્યા નથી, પણ ગાંધી વાતાવરણમાં મારો ઉછેર થયો છે એટલે કેટલોક સમય ગાંધીમય રહેવાનો લ્હાવો મળ્યો છે. અને પછી જ્યારે વાસ્તવિક જીવનમાં પ્રવેશ થયો ત્યારે આ ગાંધીને કારણે જ અનેક સંઘર્ષો અને સંવેદનોનો અનુભવ પણ કર્યો છે, મારી પેઢીના સર્વેની આ વાસ્તવિકતા છે.

**આ અંકના સૌજન્યદાતા :**
**શ્રીમતી પદ્માવતીબહેન એફ. ઝવેરી પરિવાર**
**હસ્તે : કીરના સુરેન્દ્ર ઝવેરી**

ત્યારે હું ચોથા ધોરણમાં અભ્યાસ કરતો હતો. મારું પૂરેપૂરું બાળ માનસ. એ સોનગઢ આશ્રમ – શ્રી મહાવીર જૈન ચારિત્ર રત્ન કલ્યાણ આશ્રમ – ખાદી ધારી જૈન સાધુ કલ્યાણચંદ્રજી બાપા અને એવા જ ગાંધી વાદી. 'ગાંધી બાવની'ના સર્જક કચ્છના મેઘાણી જેવા મેધાવી અમારા ગૃહપતિ દુલેરાય કારાણી. એ ૩૦ જાન્યુઆરીના દિવસે રાત્રે પ્રાર્થના પહેલાં અચાનક એક પ્રાર્થના સભા યોજાઈ. અમે બધાં શિસ્ત પ્રમાણે ગોઠવાઈ ગયા. શું થયું એની કાંઈ સમજ ન પડે. થોડી વારે ધ્રૂસકે ધ્રૂસકે રડતા પૂ. કલ્યાણચંદ્રજી બાપા, અને એવા જ આંસુભર્યા ચહેરે કારાણી સાહેબ પધાર્યા. થોડી વારે અમારી શાળાના આચાર્ય કવિ નાથાલાલ દવે પધાર્યા. અમારા આદર્શ શિક્ષક ભોળાભાઈ ખસિયા પણ મુખ ઉપર અપાર વેદના સાથે પ્રાર્થના ખંડમાં આવ્યા.

વાતાવરણ ક્ષુબ્ધ અને શાંત હતું. મને કાંઈ સમજ ન પડે. રાગ-દ્વેષથી પર એક જૈન સાધુ આમ રડે? કારાણી સાહેબ જેવા આમ બાળકની જેમ ચોધાર આંસુ વહાવે? આ પ્રશ્નો ત્યારે બાળ માનસમાં જાગ્યા હતા, પણ એનો ઉત્તર ન હતો, છતાં ગાંધી વિશે પ્રવચનો સાંભળ્યા પછી વાતાવરણની એવી અસર થઈ કે આંતરમન ગાંધીમય થઈ ગયું.

અમને બહાર ભારતમાતાની મૂર્તિ પાસે લઈ જવામાં આવ્યા. પ્રવચનોમાં સાંભળ્યું કે આ સ્થળે ગાંધીજી પધાર્યા હતા, અને એમના સ્વહસ્તે આ મૂર્તિની સ્થાપના થઈ હતી. આ સાંભળ્યું ત્યારે મન તો અહોભાવમાં ઝૂકી ગયું કે જે ધરતી ઉપર ગાંધીજીના પગલાં થયા હતાં ત્યાં અમે ઊભા છીએ?

સર્વે મહાનુભવોએ ગાંધીજીવનના શબ્દો પાથર્યા, પરંતુ એમાં શબ્દો કરતાં આંસુ વિશેષ હતા. એ થોડાં શબ્દો હતા એટલે જ તો જીવનભર ગાંધી વિશેના ઘણાં શબ્દો સાંભળવા-વાંચવાની જિજ્ઞાસા વધતી રહી.

પૂ. કલ્યાણચંદ્રજી બાપા પ્રખર ગાંધીવાદી, અને પોતાના વિદ્યાર્થી

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com

બાળકો ઉપર પણ ગાંધી સંસ્કાર પડે એવું ઈચ્છે. આશ્રમ જૈનોનું, જૈન સિદ્ધાંતોની ક્યાંય અવગણના નહિ, તેમજ કોઈ ક્રિયાઓનો અતિ આગ્રહ પણ નહિ. બગીચામાં ફૂલ વિકસે એમ બાળકને વિકસવા દ્યો એજ સિદ્ધાંત. એટલે જ્યાંથી જે સુગંધો મળે એ જીવન સુગંધો પૂ. બાપા અને કારાણી સાહેબ આશ્રમમાં લાવે.

એટલે જ અમને પૂ. સંતબાલજી, નારાયણભાઈ દેસાઈ, સ્વામી આનંદ, પુનિત મહારાજ, શિવજી દેવસી ગઢડાવાળા, રમણલાલ દેસાઈ, ગોપાળરાવ વિદ્વાંસ, નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોળી-દર્શક, કૃષ્ણલાલ શ્રીધરાણી, જયભિખ્ખુ, રતિલાલ દેસાઈ, મહારાજા કૃષ્ણકુમાર સિંહજી, તેમજ અન્ય પ્રસિદ્ધ સાહિત્યકારો, ચિંતકો અને સોનગઢ ભાવનગર, પાલિતાણાની મધ્યમાં હોઈ વિહાર કરતા અનેક જૈન સાધુ ભગવંતો અને આચાર્યો તેમજ દરવેશ જેવા તાંસળીવાળા બાબાનો જીવન લાભ મળ્યો. આ સર્વે ગાંધીજીની અનેક વાતો કરે જ કરે, એટલે ગાંધી તો આંતરમનમાં સ્થિર થઈ ગયા. ગાંધી એટલા અહોભાવથી સ્થિત થઈ ગયા કે કૉલેજકાળમાં ગાંધીજીના પુસ્તક 'નીતિ નાશને માર્ગે' ઉપર અમારા વિદ્વાન સાહિત્યકાર સુરેશ જોષીએ ટીકા લખી ત્યારે મારી બુદ્ધિને દુર્વાસાનો સ્પર્શ થયો હતો, પરંતુ વરસો પછી સમજાયું કે સુરેશ જોષી સાચા હતા, અને જીવંત ગાંધીજીએ એ વાંચ્યું હોત તો એ વિદ્વાન સાથે સંમત થાત. ગાંધી બધી જ જગ્યાએ બધાંની દૃષ્ટિએ સાચા ન પણ હોય, એટલે તો ઈનામમાં એમને ૩૦ જાન્યુઆરીએ છાતીમાં ગોળીઓ મળી. કાશ, એ વ્યક્તિઓએ જૈન ધર્મના મહાન સિદ્ધાંત સ્યાદ્‌વાદને જાણ્યો-સમજ્યો હોત તો આ હિંસા ન થાત. પણ કોઈ ધર્મ કે સિદ્ધાંતને જયારે 'ઝનુની'ના કાચબાની પીઠ જેવા વસ્ત્રો પહેરાવાય છે ત્યારે સહઅસ્તિત્વ અને સમજભર્યા પરિણામ ન જ આવે.

ત્યાર પછીની બીજી ૩૦મી જાન્યુઆરીના એક સાંજે અમારા કારાણી સાહેબ બપોરે એમના ઘરે જમવા ન ગયા, ત્યારે એમની ઑફિસમાં લેખન કાર્યમાં મગ્ન એવા અમારા સાહેબને જમવાની અમે વિનંતિ કરી ત્યારે એમણે અમને કહ્યું, 'આજે ઉપવાસ છે. ૩૦ મી જાન્યુઆરી, ગાંધી નિર્વાણ દિન છે એટલે'. મારા બાળ માનસમાં વધુ એક આશ્ચર્ય અને અહોભાવ ઉમેરાયા. (કચ્છમાં દુષ્કાળ પડ્યો હતો ત્યારે બેથી ત્રણ વર્ષ આ કારાણી સાહેબે દૂધ વગેરેનો ત્યાગ કર્યો હતો.)

અને મેં નક્કી કર્યું, હું પણ આ દિવસે હવે હંમેશાં ઉપવાસ કરીશ, ખાદી અને અહિંસક વસ્તુ વાપરીશ અને સોનું નહિ પહેરું. પૂ. કલ્યાણચંદ્રજી બાપા અને કારાણી સાહેબના જીવનમાં આ નિયમો હતા. ઉત્તમ શિક્ષકો મળે તો બાળ માનસનું કેવું ઘડતર થાય છે એનું આ ઉદાહરણ.

ત્યારબાદ વધુ અભ્યાસ અર્થે આશ્રમમાંથી મુંબઈ આવ્યો ત્યારે ઉપરના નિયમો પકડી રાખ્યા, પ્રત્યેક ૩૦ મી જાન્યુઆરીના મણિભુવનમાં જવાનું વગેરે.

પરંતુ એક વખત એક માંદગીને કારણે ઉપવાસનું વ્રત છૂટી ગયું.

ખાદી અને અહિંસક વસ્તુ અને અંગ ઉપર સુવર્ણત્યાગ તો જીવનમાં રહ્યા.

મુંબઈનો ખાદી ભંડાર અને બાજુની પેટિટ લાયબ્રેરી અમારું જાણે મંદિર.

એક દિવસ ખાદી ભવનમાં કપડાં લેવા હું ગયો ત્યારે ખાદી ભવનના કરોડોના ગોટાળા વિશે સાંભળ્યું, એના કોર્ટના કેસો વિશે જાણ્યું અને મનમાં ઉદ્વેગ, સંઘર્ષ અને મંથન ભરાયા અને ખાદી છોડી.

હું, કિશોર પારેખ, અનિલા અને કલાબહેન ખાદી ભવનમાંથી બહાર નીકળ્યા અને મેં મારો આ નિર્ણય મારા એ મિત્રોને કહ્યો, એટલે તરત જ કલાબેને ફોન શોધી મારી વાગ્દત્તાને ફોન કરીને કહ્યું, 'ખુશખબર, તારો ધનજી હવે ધર્મેશ બની ગયો છે.'

તે દિવસે અમારા કિશોરે સામેની ગલીની 'વેસ્ટ કોસ્ટ' હૉટલમાં ઈડલી-ઢોસાની આ નિમિત્તે અમને રૂા. ૫/-ની પાર્ટી આપી!

ગાંધી શરીર ઉપરથી ઉતર્યા પણ અંતરમાં તો વધુ ને વધુ સ્થિર થતા ગયા.

ગુજરાતી સાહિત્યમાં ગાંધી ઉપર અત્યાર સુધી ઉત્તમ કવિતા લખી મહાકવિ ન્હાનાલાલે, 'ગુજરાતનો તપસ્વી' શીર્ષકથી. આ જ કવિને ગાંધીજી સાથે ક્યાંક સૈદ્ધાંતિક વાંકુ પડ્યું, અને કવિએ ગાંધીને કહ્યું, 'વર્ધાનો વંઠેલ', ત્યારે ગાંધીજીએ સરદારને કહ્યું, 'દુઝણી ગાય હોય તો એ ક્યારેક પાટું પણ મારે, આપણે કવિની કવિતાનું દુઝણુ મ્હાણવાનું!' આ ગાંધી ન્હાનાલાલનો મેળાપ પછી ક્યારેય ન થયો, કોઈએ થવા ના દીધો, એથી ગુજરાતી સાહિત્યને નુકશાન વિશેષ થયું. કવિની ખુમારીને સલામ!

આ જ કવિએ 'હરિ સંહિતા', નામે ત્રણ ગ્રંથમાં મહાકાવ્ય લખ્યું.

એ મહાકાવ્યમાં કવિએ કલ્પના કરી છે કે કુરુક્ષેત્રના યુદ્ધ પછી કૃષ્ણ દ્વારકા નિવાસ કરે છે, અને થોડાં વર્ષો પછી પરિવાર સાથે ભારત યાત્રાએ નીકળે છે અને શાંતિ અને સંસ્કૃતિના સંદેશ વહેતા કરે છે. જો કવિને ગાંધીજી સાથે વાંકુ ન પડ્યું હોત તો આ મહાકાવ્યનો નાયક કૃષ્ણની જગ્યાએ ગાંધીજી હોત, અને આ કાવ્ય

પ્રસિદ્ધિને શિખરે પહોંચ્યું હોત. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી ગાંધીજીની પણ વિશ્વશાંતિ માટે આ જ મહેચ્છા હતી.

કૉલેજ કાળમાં મન ભરીને ગાંધીજીને વાંચ્યા. અત્યારના વિદ્યાર્થીઓને પણ ગાંધી સાહિત્ય એટલું જ પ્રીતિપાત્ર અને પ્રેરણાત્મક લાગે છે, એની પ્રતીતિ ગાંધી સાહિત્યના મબલખ વેચાણ પરથી થાય છે. હમણાં ક્યાંક વાંચ્યું કે રૂપિયા પાંચસોની નોટમાં ગાંધીની છબીની નકલી નોટમાં નકલ નથી થઈ શકતી! જો કે આ કમાલ ટેકનોલોજીની છે, પણ જશ તો ગાંધીની અસલિયત અને ગાંધી સત્યને જ.

ગાંધી પૂરા વૈષ્ણવજન. નરસિંહ મહેતાના વૈષ્ણવજન જેવા. પણ મને તો ગાંધી પૂરા શ્રાવક લાગે છે. શ્રીમદ્ શ્રીમદ્ રાજચંદ્રના વિચારોની ગાંધીજી ઉપર અમીટ અસર. કેટલાકે અતિ ઉત્સાહમાં શ્રીમદ્‌ને ગાંધીના ગુરુસ્થાને પણ બિરાજાવી દીધા છે. ભગવાન મહાવીરના સર્વ સિદ્ધાંતોને ગાંધીજીએ જીવનમાં ઊતાર્યા. મહાવીરની જેમ ગાંધી સર્વદર્શી હતા. સર્વધર્મ સમભાવનો સ્વીકાર અને માણસ માણસ વચ્ચેના વર્ણભેદનો અસ્વીકાર એ મહાવીરનો સિદ્ધાંત ગાંધીએ આત્મસાત કર્યો હતો. ૧૯૪૭માં કાશ્મીરનું રક્ષણ કરવા ભારતીય સેના ત્યાં પહોંચી ત્યારે અહિંસાના આ પૂજારી આ કાર્યનો વિરોધ કરશે એવી ભારત સરકારને દહેશત હતી, પણ ગાંધીએ તો રક્ષણ કરવા જતા એ વિમાનોને અહિંસાના દૂત કહ્યા.

મહાવીરનો અનેકાંતવાદ અને સ્યાદ્‌વાદ ગાંધી જીવનના રોમે રોમમાં હતા.

માફ કરજો, ગાંધી વિશે લખતા લખતા થોડું અંગત લખાઈ ગયું. પરંતુ ગાંધી વાતાવરણમાં ઉછરેલા મારા જેવા ઘણાંએ ગાંધી જીવનના આદર્શોને જીવનમાં ઉતારવા સંઘર્ષો કર્યા હશે, અને આઝાદી પછીની દેશની વર્તમાન વાસ્તવિકતાએ એ સર્વેને નિરાશામાં ડૂબકી મરાવી હશે. આ સમસંવેદન છે!

આ લખવાના બે નિમિત્ત બન્યા, એક તો ગાંધી નિર્વાણ દિન અને બીજું અમે મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો ગાંધીજીએ કલ્પેલી સ્વાવલંબી બુનિયાદી કેળવણી આપતા વાળુકડના લોક વિદ્યાલય માટે પર્યુષણ દરમિયાન સંઘ દ્વારા એકત્રિત કરેલી રૂા. પચ્ચીસ લાખ જેવી રકમ એ સંસ્થાને અર્પણ કરવા જઈ રહ્યા છીએ ત્યારે શ્રી મહાવીર જૈન ચારિત્ર રત્નકલ્યાણ આશ્રમની ધરતીના દર્શન કરવાની અમૂલ્ય તક મળી, એટલે એ બધું યાદ આવી ગયું.

સાંઠ વર્ષની પ્રૌઢા પાસે પિયરની વાત કાઢો તો એના નકલી દાંત બહાર આવી જાય એવું ખડખડાટ હાસ્ય એના સ્મિતભર્યા મુખમાંથી વહેવા માંડે એ દૃશ્ય જોયું છે?

અને 'કે તને સાંભરે રે' કહેનાર કોઈ મળે ત્યારે તો કૃષ્ણ પણ સંદિપની આશ્રમને યાદ કરીને કેવા આળોટ્યા હતા? 'મને સાંભરે રે'નો જાદુ જ ચેતનભર્યો છે.

આ દેશ, આ દેશના નેતાઓ, માત્ર ભૌતિક સમૃદ્ધિની વાહ વાહ ગાતા આપણા બૌદ્ધિકો અને ક્રિમિનલ જીવન જીવનારા સાંસદો ફરી ફરી મુખ્ય પ્રધાનો બને, એવા પ્રધાનોના ઘરેથી નોટોના કોથળા મળે ત્યારે ગાંધીજનોની વેદના કેટલા ડૂસકા ભરે? ત્યારે આ બાપુ જ ખભે હાથ મૂકીને આપણને કહેશે, 'ઈડિયટ! મુન્નાભાઈ! લગે રહો!'

**❑ ધનવંત શાહ**

* * *

આપણા એક ઋષિ કવિ રાજેન્દ્ર શાહનો દેહ નવા અવતાર માટે વિલિન થયો. એ ગુજરાતી સાહિત્યને ઘણું આપીને ગયા, અને અમૂલ્ય પામીને ગયા! એ ગાંધીયુગના કવિના આત્માને કોટિ કોટિ વંદન.

**❑ તંત્રી**


**રસપ્રદ કથા, અભિનવ દર્શન, વિશિષ્ટ પ્રસ્તુતિ**

**ત્રણેનો ત્રવેણીસંગમ રચાશે**

**• કથા તત્ત્વ, સંગીત અને સ્તવન દ્વારા •**

***ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ નિમિત્તે***

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા

આયોજિત દ્વિદિવસીય

**।। મહાવીર કથા ।।**

જૈનદર્શનના આંતરરાષ્ટ્રીય ચિંતક,

તીર્થંકર મહાવીર વિશેનાં ગ્રંથોના પ્રસિદ્ધ લેખક

**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા**

**પ્રથમવાર મુંબઈમાં યોજાશે**

**।। મહાવીર કથા ।।**

(૧) તા. ૨૭–૩–૨૦૧૦, શનિવાર, સાંજે ચાર કલાકે
સ્થળ : કે. સી. કૉલેજ હૉલ, ચર્ચગેટ, મુંબઈ.

(૨) તા. ૨૮–૩–૨૦૧૦ રવિવાર, સવારે દસ કલાકે
સ્થળ : ભારતીય વિદ્યા ભવન, હૉલ, ચોપાટી, મુંબઈ.

**પ્રવેશપત્ર માટે**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો સંપર્ક કરવા વિનંતી.**

# ક્ષમા-ધર્મ : ખ્રિસ્ત ધર્મમાં અને અન્ય ધર્મોમાં

❑ ડૉ. ઈશાનંદ વેમ્પેની

આદરણીય અધ્યક્ષશ્રી, પૂજ્ય સાધુ મહાત્માઓ અને
અન્ય આમંત્રિત સજ્જનો અને સન્નારીઓ,

આ પ્રવચન શ્રેણીના છેલ્લા દિવસે અને પવિત્ર પર્યુષણ પર્વના છેલ્લા તબક્કામાં ક્ષમા-ધર્મ વિશે બે બોલ કરવા આમંત્રણ મળ્યું, એ બદલ મુંબઈ જૈન યુવક સંઘના સર્વ કાર્યકર્તાઓને મારો આભાર. આ કાર્યક્રમના સંયોજકશ્રી ડૉ. ધનવંત શાહે મને કહેલું કે મારું પ્રવચન મુખ્યત્વે ખ્રિસ્તી ધર્મમાં ક્ષમા-ધર્મ એ અંગે હોવું જોઈએ. એમણે કહેલું કે અનેકાન્તવાદ અને સ્યાદ્વાદ એવા તત્ત્વદર્શનના હિમાયતીઓ કૂપમંડૂક તરીકે રહેવાને બદલે અન્ય ધર્મો વિશે જાણવા આતુર હશે. 'મિચ્છામી દુક્કડં' એવી ક્ષમા-ધર્મની શુભેચ્છા પાઠવ્યા પછી આપ સૌ પધારેલાં છો. આ પવિત્ર પર્યુષણ પર્વના છેલ્લા દિવસે ક્ષમા-ધર્મ વિશે પ્રવચન આપવાનો પ્રસંગ મળ્યો છે એ માટે મને ખૂબ આનંદ થાય છે. પૂજ્ય મુનિ શ્રી વાત્સલ્યદીપજીએ મને કહેલું કે આ સભામાં હાજરી આપનારા મહાનુભાવો 'અહિંસા પરમો ધર્મ', 'સત્યમેવ જયતે' અને 'વસુધૈવ કુટુંબકમ્' એવા સૂત્રોની ભાવના જીવનમાં ઉતારનારા છે.

કેટલાક કૉલેજિયનોએ મારા આ વાર્તાલાપ વિશે સાંભળીને કહ્યું: 'અમે સ્વપ્નની દુનિયામાંથી બહાર આવી વાસ્તવિકતાની નક્કર ભૂમિ પર પગ મૂકી શકીએ એવો કોઈ વિષય લઈને બોલોને? જ્યાં સુધી ચીન અને પાકિસ્તાન આપણી આજુબાજુ હોય અને કાશ્મીરનું કોકડું ઉકલ્યા વગર રહે અને આપણા દેશમાં ખૂણે અને ખાંચરે આતંકવાદીઓ બેફાટ ફરે છે ત્યારે આપણે એકે-૪૭ બંદૂકના ધર્મની વાત કરવી જોઈએ, ના ક્ષમાધર્મની.

**આપણો વાર્તાલાપ ટૂંકમાં**

ખ્રિસ્તી ધર્મના ક્ષમા-ધર્મની વાત શરૂ કરું તે પહેલાં ધર્મ વિવિધતાના આપણા દેશના અન્ય ધર્મોનો આછો ખ્યાલ રજૂ કરવા કોશિશ કરીશ. ખ્રિસ્તી ધર્મની શીખામણનું હાર્દ રજૂ કરે એવી એક ઘટનાના ઉલ્લેખ પછી ક્ષમા-ધર્મ વિશેનો આ વાર્તાલાપ શરૂ કરીશ, જો કે ચાર-પાંચ મિનિટ માગી લે તોપણ. માફી આપવાના આ આદેશને જીવનમાં ઉતારવાથી માનવજીવનને મળતા કેટલાક ફાયદાઓના ટૂંકા ઉલ્લેખ પછી ક્ષમા-ધર્મ કાયર લોકો માટે નથી એ બતાવવા ક્ષમા-ધર્મમાં પુણ્યપ્રકોપના અવકાશની વાત કરીશ.

**ભારતના અન્ય ધર્મોમાં ક્ષમા-ધર્મની ટૂંકી નોંધ**

ભારત જેવા ધર્મ વિવિધતાના દેશમાં માત્ર પોતાના જ ધર્મ વિશે બોલવામાં કંઈક અજુગતું તો છે જ. હાલમાં બધે જ સંભળાય છે એવો એક મંત્ર છેઃ To be religious is to be inter-religious એટલે ધર્મ વિવિધતાના સંદર્ભમાં ધાર્મિક થવું એટલે આંતરધાર્મિક થવું જરૂરી છે. પણ સમયમર્યાદાની અંદર બોલનાર મારાથી અન્ય ધર્મો વિશે માત્ર આછો જ ખ્યાલ આપી શકાય.

સનાતન ધર્મ એમ ગણાતા હિંદુ ધર્મમાં ક્ષમા-ધર્મની પરંપરા ઊંડી છે. આ પરંપરામાં બહુ ચગાયેલો એક મંત્ર છેઃ 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્'. ગીતામાં (૧૬:૧-૩) ભગવાન શ્રીકૃષ્ણ દૈવી સંપત્તિનું વર્ણન કરે છે ત્યાં ક્ષમા અને ધૈર્યને ખાસ સ્થાન આપે છે. હિંદુ, જૈન તથા બૌદ્ધ પરંપરામાં વારેઘડીએ સંભળાતો એક મંત્ર છે: 'અહિંસા પરમો ધર્મ'. અહિંસા, સંયમ અને સ્યાદ્વાદ જ્યાં હોય ત્યાં ક્ષમા-ધર્મ કેન્દ્રસ્થાને હોય છે. જૈન સપ્તભંગીનયની જેમ માણસોને કટ્ટરપંથી વિચારધારાથી બચાવે એવો સિદ્ધાંત છે વેદાંતનો ચતુષ્કોડીનય. 'એકમ સત્ વિપ્રા બહુધા વદન્તિ' એ ઋગ્વેદની ઉક્તિ આપણને કટ્ટરપંથમાંથી મુક્ત કરી શકે. ભગવાન રામ, કૃષ્ણ અને ઈસુ જેવા અવતારી પુરુષો, ભગવાન મહાવીર જેવા તીર્થંકરો, ભગવાન બુદ્ધ અને એમના પ્રતિબિંબ જેવા બોધિસત્ત્વો, ગુરુ નાનક જેવા શીખ ગુરુઓ, વગેરે મહાત્માઓની ક્ષમાશીલતા કાયરતાની ન હતી. આ યુગપુરુષોએ પોતાના નિકટના શિષ્યો અને અનુયાયીઓને લોકસંગ્રહ માટે, ધર્મસંસ્થાપના માટે અને વિશ્વકુટુંબની સ્થાપના માટે ઝઝૂમવાની હાકલ કરતા રહ્યા. ઈસ્લામમાં જિહાદના અર્થનો અનર્થ થાય છે તોપણ મુસલમાન મૌલાનાઓ પવિત્ર કુરાન ટાંકીને શીખવે છે કે જિહાદનો સાચો અર્થ અધર્મ અને અન્યાય સામે ઝઝૂમવો એ જ છે (કુરાન ૨:૩૯-૪૦, ૫:૮, ૪૯:૧૩). કમનસીબી એ છે કે આવા ક્ષમા-ધર્મ વાળા આપણા દેશમાં કોમી રમખાણ અને આતંકવાદ ચાલ્યા જ કરે છે.

**ક્ષમા-ધર્મને પડકારનારી સામાન્ય ખ્રિસ્તી જીવનમાંથી એક ઘટના**

સાઈઠ-પાંસઠ વર્ષ પહેલાંની એક વાત છે. પુરાણી પરંપરાના કે. જી. કલાસથી મારો સહાધ્યાયી થઈ ચૂકેલા ટોમી નામના એક છોકરાની વાત છે. કે. જી. કલાસથી લખતાં-વાંચતાં-ગણતાં વગેરે શીખ્યા પછી અમે બંને બીજા ધોરણમાં દાખલ થયા. અમારી સ્કૂલના પહેલા દિવસના કાર્યક્રમો પછી અમે આડોશપાડોશના અન્ય મિત્રો સાથે ટોમીના ઘર નજીક પહોંચ્યા. ઓચિંતા ચોથા ધોરણના એક મોટા છોકરાએ ટોમીને રમત-રમતમાં એક કાચી કેરીથી જોરદાર ઘા કર્યો. એ રડી પડ્યો અને રડતાં રડતાં ઘર આંગણાના દાદર ચઢવા લાગ્યો. ઘર આંગણે ઊભેલો એનો મોટોભાઈ જૉની એની પાસે દોડી આવ્યો. કેવી રીતે પેલા મોટા છોકરાએ એને કાચી કેરીથી ઘા કર્યો એ વાત જાણી લીધી. જૉનીભાઈએ ગુસ્સાથી લાલચોળ થઈને ટોમીના હાથમાં એક પથ્થર મૂક્યો અને સખ્તાઈથી કહ્યું: 'આપણા કુટુંબમાં કોઈ પણ માર ખાઈને બમણું વસુલ કર્યા વગર

રડતાં રડતાં ઘર આંગણે પગ મૂકતા નથી. કાલે તું પાછો આવે ત્યારે એ જ છોકરાને આ પથ્થરથી માર ખાધાનો આક્રંદ અને શોરબકોર મને સાંભળવા જોઈએ. યાદ રાખ આપણા પૂર્વજો રાજાના સલામતી દળના આગેવાનો હતા.'

ટોમીભાઈ અને હું કેરાલાના સંત થોમસ ખ્રિસ્તીઓ એમ જણાતા અને પહેલા સૈકાથી નંબૂદરી બ્રાહ્મણ કોમથી ખ્રિસ્તી બનલા ખ્રિસ્તી કુટુંબના હતા. આવા કુટુંબોમાં સાંજે અડધા-પોણા કલાકની કુટુંબપ્રાર્થના હોય છે. દાદા-દાદીઓ, મા-બાપ વગેરે વડીલોને બેસવાના ખાસ આસનો હોય છે. આ કુટુંબ ભક્તિની એક ખાસ પ્રાર્થના ઈસુએ શીખવેલી 'હે અમારા બાપ' એ પ્રાર્થના છે (માથ્થી ૬:૭-૧૫). એની એક કડી આ છે: 'જેમ અમે અમારા અપરાધીઓની ક્ષમા કરીએ છીએ તેમ તમે અમારા અપરાધોની ક્ષમા કરો.'

દાદાની ઈચ્છા પ્રમાણે ઘરમાં સૌથી નાના એવા ટોમી પાસે 'હે અમારા બાપ' જેવી કેટલીક પ્રાથમિક પ્રાર્થનાઓ વડીલો વંચાવતા. પણ આજના દિવસે 'હે અમારા બાપ' બોલવાની એણે સાફ ના પાડી. માબાપની અને ખુદ દાદાની આજ્ઞા માન્યા વગર એણે બીજી પ્રાર્થનાઓ વાંચવાનું શરૂ કર્યું. ઘરમાં સૌથી પ્રતિષ્ઠિત દાદાની આજ્ઞા તોડતાં જોઈને ગુસ્સે થઈને ટોમીની મમ્મીએ એને એક તમાચો માર્યો. તે રડતાં રડતાં એની રૂમ તરફ નાઠો.

દાદાએ એની મમ્મીને ઠપકો આપ્યો. પ્રાર્થનાનો કાર્યક્રમ પૂરો થયા પછી બધા એના વિશે વાત કરતાં રહ્યાં. દાદીએ કહ્યું કે આવી પવિત્ર પ્રાર્થના બોલવા ના પાડનાર ટોમીને કંઈ ભૂત વળગ્યું હશે! એની મમ્મી એક ગ્લાસ દૂધ લઈને રૂમની અંદર પ્રવેશી તે પહેલાં બારીની એક બાજુએ ઊભી રહીને ચોરીછૂપીથી ટોમી ખાટલા ઉપર શું કરતો હતો એ નિહાળવા લાગી. મોટાભાઈએ આપેલા પથ્થરને હાથમાં આમતેમ ફેરવતાં તે આડો પડ્યો હતો. મમ્મી આવી ત્યારે એણે ઝડપથી એ પથ્થર તકીયાની નીચે સંતાડી દીધો. ટોમીને વહાલથી દૂધ પીવડાવતી વખતે મમ્મીએ શાંત સ્વરથી પૂછ્યું કે તારા હાથમાં આ પથ્થર કયાંથી આવ્યો? આ તો અમસ્તો આંગણામાંથી લીધો, એમ કહીને એણે ગુસ્સામાં મમ્મીના હાથમાંથી દૂધ લઈ પીવા લાગ્યો. મમ્મી ધીમે રહીને રૂમમાંથી બહાર ગઈ અને દાદાને આ વાત કરી. ઘણા પુત્ર-પૌત્રોના હઠ, ઝઘડા અને શબ્દોની સાઠમારી જોયેલા દાદાને લાગ્યું કે દાળમાં કંઈક કાળું છે. સ્વસ્થ મને દાદા ટોમીના રૂમમાં પ્રવેશ્યા. તેઓ ટોમીના ખાટલા પર બેસી એના માથા ઉપર વહાલથી હાથ ફેરવવા લાગ્યા. ટોમીને તો દાદા તરફ ખૂબ પ્રેમ અને આદરભાવ. આવા પ્રેમાળ દાદા પાસેથી ટોમી કોઈ પણ વાત છુપાવતો નહોતો.

ટોમી પાસેથી ઘણી બધી વાતો જાણી લીધા પછી દાદાએ છેવટે એને પૂછ્યું, 'ટોમી બેટા, તું 'હે અમારા બાપ' એ પ્રાર્થના કેમ બોલ્યો નથી?' જવાબમાં એણે નાના બાળકોને ઘણા ચિત્રો દ્વારા અને નાટ્યાત્મક રીતે 'હે અમારા બાપ' જેવી પ્રાર્થના શીખવનાર એક બુઢ્ઢા લાંબી દાઢીવાળા ફાધરની વાત કહી. એ ફાધરે શીખવેલું કે આપણા દુશ્મનોને માફી આપ્યા વગર 'હે અમારા બાપ' એ પ્રાર્થના બોલવાનો અર્થ એ છે કે, 'હે પરમેશ્વર પિતા, જેમ અમે અમારા અપરાધીઓની ક્ષમા ના કરીએ છીએ તેમ તમે અમારા અપરાધોની ક્ષમા ના કરો અને અમને સ્વર્ગના પરમસુખને બદલે નરકની પીડાઓ આપો.' એ પછી એમણે સ્વર્ગ વિશેના આકર્ષક ચિત્રો અને નરક વિશેના ઘૃણા ઉપજાવે તેવાં ઘણાં ચિત્રો પણ બતાવેલાં. આ વાત કહ્યા પછી ટોમીએ દાદાને પૂછ્યું, 'દાદાજી, કોને આવા નરકમાં જવું ગમે?'

દાદાએ રૂમ બહાર આવીને ટોમી પાસેથી લીધેલો પથ્થર જૉનીને બતાવ્યો. એમણે પૂછ્યું, તને ખ્યાલ છે આ પથ્થર ટોમી પાસે ક્યાંથી આવ્યો? જૉની ગભરાઈને જવાબ ન આપતાં દાદાએ પહાડી અવાજમાં પૂછયું: 'કેમ તેં આવું કર્યું?' જવાબમાં જૉનીએ કહ્યું, 'કુટુંબની ઈજ્જત માટે'. ઘરના બધા સભ્યો ઊભા રહીને આ નાટક જુએ છે તે જાણીને દાદા મોંની ગંભીરતા છોડીને મંદ સ્વરે પ્રેમથી જૉનીને કહ્યું, 'તું વેર વાળવાની ઈચ્છા સાથે 'હે અમારા બાપ' એ પ્રાર્થના બોલ્યો, એથી આ પ્રાર્થનાના અર્થનો અનર્થ કેવી રીતે થયો તે તું સમજે છે? ના સમજે તો તારાથી પંદર વર્ષ નાના ટોમી પાસેથી શીખી લે. તું પુખ્તવયનો થયો છે અને આવતા વર્ષે તારું લગ્ન થવાનું છે. ક્ષમા-ધર્મના પાળનારા યુગલો રોજ ઝઘડતાં રહે. આવા કુટુંબોમાં શાંતિ ના રહે. કાલે સવારે તું ટોમીને લઈને મારી પાસે આવજે અને આપણે ત્રણેય પેલા છોકરાને ઘેર જઈશું. કેરીથી ઘા કરનાર છોકરાને અને તેના માબાપને સાથે બોલાવીને આપણા ઘેર જઈશું. કેરીથી ઘા કરનાર છોકરાને અને તેના માબાપને સાથે બોલાવીને આપણા ઘેર શું થયું એ કહ્યા પછી ક્ષમા-ધર્મ વિશે બેએક વાત હું કરવાનો છું. ત્યારે જૉની તને સમજાશે આપણા કુટુંબની ઈજ્જત એટલે શું.' આ ઘટના પછી બંને કુટુંબોનો સંબંધ વધારે નિકટનો થયો અને આ બંને છોકરાઓ દિલોજાન મિત્રો બની ગયા.

**બાઈબલમાં ક્ષમા-ધર્મ**

આ દાખલાને પૂર્વભૂમિકા તરીકે રાખીને આ વિશે બાઈબલમાં ઈસુ શું શીખવે છે એ જરા જોઈશું.

બાઈબલમાં ઈસુ ઘણી બધી દૃષ્ટાંત કથાઓ વડે પ્રભુ પરમેશ્વર કેવા દયાળુ અને ક્ષમાશીલ છે એ ભાર દઈને શીખવે છે (દા. ત. લૂક ૧૫). ઈસુએ શીખવેલું કે જેમ આપણા પરમપિતા ક્ષમાશીલ છે તેમ એમના બધાં સંતાનોએ પણ હોવું જોઈએ. ઉપરાંત બધા લોકોને ભગવાનનાં સંતાનો અને આપણા ભાઈબહેનો ગણીને હંમેશાં માફી આપવી જોઈએ. બાઈબલના સંત માથ્થીકૃત પવિત્ર પુસ્તકમાં ઈસુને શિષ્યો પૂછે છે, સાત વાર ક્ષમા આપવાથી બસ છે? ત્યારે

ઈસુએ આપણે હંમેશાં જ ક્ષમા આપવી જોઈએ એ સલાહ સાથે એક દૃષ્ટાંત કથા કહી (માથ્થી ૧૮ઃ ૨૧-૩૫).

આ લાંબી કથાનો સાર ટૂંકમાં કહું છું. એક ઠાકોર જેવા શેઠ પોતાના કારભારીએ બે-એક વર્ષ પહેલાં હમણાં પાછા આપીશ એમ કહીને, ઉછીના લીધેલા ત્રણ લાખ જેટલા રૂપિયા કંઈ ને કંઈ બહાને હજુ સુધી પરત કર્યા નથી. શેઠે ગુસ્સે થઈને કારભારીને કહ્યું કે મને અબઘડી આનાકાની કર્યા વગર પૈસા પરત કર. કારભારીએ બહુ લાચાર થઈને આજીજી કરી કે 'હું દેવામાં ડૂબી મરું છું. આપ ઠાકોરજી વગર કોઈ મને બચાવી ના શકે'. શેઠે દયા ખાઈને આટલી મોટી રકમનું દેવું નાબૂદ કર્યું. પણ કારભારી બંગલાની બહાર આવ્યો કે તરત જ તેની પાસેથી ૧૦૦ રૂપિયાનું દેવું લીધેલા એક મજૂરને પકડ્યો. તે પોતાનું દેવું ચૂકવવા અસમર્થ છે એમ જાણી એને ખૂબ માર્યા પછી કેદખાના તરફ લઈ ગયો. શેઠે આ વાત જાણી કે તરત જ કારભારીને બોલાવડાવીને કહ્યુંઃ 'મેં મારા લાખો રૂપિયા તારી પાસેથી જતા કરીને તને માફી આપી હતી, તારે પણ આ ગરીબ મજૂરને માફી આપવી જોઈતી હતી.' એમ કહીને શેઠે કારભારીને કેદમાં પૂર્યો. ઈસુએ આ દૃષ્ટાંત કથા વડે આપેલી શિખામણ એ છે કે પરમેશ્વર આપણે પસ્તાવો કરીને એમની પાસે માફી માગીએ ત્યારે આપણાં મોટાં મોટાં પાપોની પણ માફી આપે છે તેમ આપણે આપણા ભાઈ-ભાંડુંઓની નાની-મોટી ભૂલચૂકની માફી આપવી જોઈએ.

ઈસુ ક્ષમા ધર્મ ઉપર એટલો બધો ભાર મૂકતા હતા કે એમણે આવી ચોંકાવનારી એક વાત કરીઃ 'વેદી ઉપર નૈવેદ્ય ધરાવતાં તને યાદ આવે કે, તારા ભાઈને તારી સામે કંઈ ફરિયાદ છે, તો તારું નૈવેદ્ય વેદી આગળ જ રહેવા દઈ નીકળી પડજે. પહેલાં તારા ભાઈ સાથે સમાધાન કરજે અને ત્યાર પછી આવીને નૈવેદ્ય ધરાવજે' (માથ્થી ૫ઃ ૨૩-૨૪). યહૂદીઓની શિખામણ પ્રમાણે 'આંખને સાટે આંખ અને દાંતને સાટે દાંત' એ હિસાબે વેર વાળવું જોઈએ (મહાપ્રસ્થાન ૨૧ઃ૨૨–૨૫, અનુસંહિતા ૧૯ઃ૨). પણ ઈસુએ એની તદ્દન વિરુદ્ધ શિખામણ આપીઃ 'હું તમને કહું છું કે, તમારા શત્રુ ઉપર પ્રેમ રાખો અને તમને રંજાડનાર માટે દુઆ માગો; તો જ તમે તમારા પરમપિતાના સાચાં સંતાન થઈ શકશો. તે કેવો, ભલા અને ભૂંડા સૌને સૂર્યનો પ્રકાશ આપે છે, અને પાપી અને પુણ્યશાળી સૌને માટે વરસાદ વરસાવે છે' (માથ્થી ૫ઃ૪૪-૪૫).

ઈસુ માત્ર શિખામણ દ્વારા જ નહિ પણ પોતાના આચારથી જ ક્ષમા-ધર્મનું મહત્ત્વ શીખવતા હતા. એવા ઘણા બધા ઉદાહરણોમાં આપણને સ્પર્શે એવું એક રજૂ કરું છું (યોહાન ૮ઃ૧–૧૧). યહૂદી ધર્મના મુખ્ય ન્યાયાધીશ મોશેએ આપેલા નિયમ પ્રમાણે કોઈ સ્ત્રી વ્યભિચાર કરતાં પકડાય તો એને પથ્થરે-પથ્થરે મારી નાંખવી જોઈએ. યહૂદી લોકોએ આવી એક વ્યભિચાર કરતાં પકડાયેલી સ્ત્રીને ઈસુની આગળ લઈ આવી એને પથ્થરે-પથ્થરે મારવાની માગણી કરી. ઈસુએ થોડા સમયના મૌન પછી કહ્યુંઃ 'તમારામાં જે નિષ્પાપ હોય તે એને પહેલો પથરો મારે' (યોહાન-૮ઃ૭). જ્યારે મોટાથી માંડીને બધાં એક પછી એક ચાલ્યા ગયા ત્યારે ઈસુએ પેલી સ્ત્રીને કહ્યુંઃ 'હું પણ તને સજા નથી કરતો. જા, હવેથી પાપ કરીશ નહિ ?' (યોહાન ૮ઃ૧૧). પણ ઈસુના ક્ષમા-ધર્મની પરાકાષ્ટા ક્રૂસે લટકાઈ રહી અસહ્ય વેદના વેઠતી વખતે એમના શત્રુઓને યાદ કરીને એમણે પોતાના પરમપિતાને પ્રાર્થના કરીઃ 'હે પિતા, આ લોકોને માફ કર; પોતે શું કરે છે એનું એમને ભાન નથી.' (લૂક ૨૩ઃ૩૪).

**ક્ષમા ધર્મથી આપણને થતા ફાયદાઓ**

ક્ષમા-ધર્મના માત્ર બે-ત્રણ મુખ્ય ફાયદાઓનો જ ઉલ્લેખ કરીશ.

૧. ખ્રિસ્તીઓની દૃષ્ટિએ સંપૂર્ણ મુક્તિ કે સ્વર્ગના પરમાનંદ માટે ભગવાનની પાસેથી બધા પાપોની માફી મેળવવી જોઈએ. પણ એ માટે આપણે ભગવાનના અન્ય સંતાનોની ભૂલચૂકની માફી આપવી જોઈએ. આપણે ક્ષમા-ધર્મ આચર્યા વગર પ્રભુ પરમેશ્વર પાસેથી ક્ષમા પામી સ્વર્ગમાં જઈ ન શકીએ.

૨. કુટુંબજીવનની પવિત્રતા અને એકતા માટે ક્ષમા-ધર્મ જરૂરી છે. પોતાના જીવનસાથીની ભૂલચૂક એમના તરફથી સમજીને પ્રેમથી સુધારવાનું કે માફી આપવાનું વલણ ન હોય તેવા કુટુંબોમાં કદી શાંતિ ન રહે. આપણા ગુજરાતીમાં એક કહેવત છે કે પેટનો બળ્યો ઘર બાળે ઘરનો બળ્યો ગામ બાળે. એટલે પ્રેમ અને નિખાલસતા વગર ઝઘડનાર યુગલોના બાળકો કુટુંબ અને સમાજ વિરોધી થશે જ. અને આવા બાળકો વિશ્વકુટુંબની સ્થાપના માટે કંઈ ફાળો આપી ન શકે.

૩ ચીનમાં એક કહેવત છે કે વેર વાળવા ઈચ્છનાર ખોદે છે બે કબર. એટલે કે જે વ્યક્તિ માફી ના આપે તે માનસિક રીતે પીડાતી હોય છે અને ધીમે ધીમે શારીરિક રીતે પણ રોગી બને છે. બીજું તે પોતાના શત્રુને અગર તો સામે જઈને મારી નાખવા કોશિશ કરે છે અથવા તો ધાકધમકીથી માનસિક ત્રાસ આપીને એને માનસિક અને શારીરિક રીતે રોગી બનાવે છે. આ રીતે બે કબરની જરૂર પડે છે, એક પોતાને માટે અને બીજી પોતાના શત્રુ માટે.

સાચા નામઠામ આપ્યા વગર હું અમદાવાદના બે ડૉક્ટરોની વાત કરીશ. એક ડૉક્ટર એક ખ્રિસ્તી સાધ્વીબહેન (એટલે સિસ્ટર) અને બીજો એક સર્જરીમાં નિષ્ણાત. આ સર્જન કેન્સરના છેલ્લા તબક્કામાં પથારીવશ થયાની વાત સિસ્ટર ડૉક્ટરને મળી. ડૉક્ટરોએ નિદાન કરેલું કે આ કેન્સર રોગી એક અઠવાડિયું પણ ના જીવે. સિસ્ટર ડૉક્ટર એમની પાસે ગયા ત્યારે ડૉક્ટરની ઈચ્છા પ્રમાણે એમને માટે ભગવાનને પ્રાર્થના કરી. પણ સિસ્ટરે એકાએક આંખ ઉઘાડીને કેન્સરવાળા ડૉક્ટરને કહ્યું કે તમે હજુ તમારા બે દુશ્મન

ડૉક્ટરોને માફી ન આપવાથી આપણી પ્રાર્થના સફળ થતી નથી. સિસ્ટરના કહ્યા પ્રમાણે એમણે પેલા બે દુશ્મનોને હૃદયના અંદરખાનેથી માફી આપી અને એમની જોડે માબાઈલ દ્વારા વાત કરી. એ દરમિયાન બીજા ડૉક્ટર મિત્રો રૂમમાં આવી ગયા. થોડા સમયની અંદર હાલવા-ચાલવાની શક્તિ વગર પથારીમાં પડી રહેલા ડૉક્ટર બધાના દેખતાં ઊઠીને સંડાસ જઈને પાછા આવ્યા. મને ભૂખ લાગી છે એમ કહેતાં સિસ્ટરે એમને એક કેળું ખવડાવ્યું. ટૂંકમાં ચમત્કારીક રીતે દોઢેક વર્ષ બહુ વેદના પીડા વગર કામ કર્યા પછી આ સર્જન શાંતિથી સ્વર્ગસ્થ થઈ ગયા.

પ્રસ્તુત સાધ્વીબહેન ડૉક્ટરે મને આવી ઘણી બધી ઘટનાઓની વાત કરી છે. અત્યારે આ વાત લખતી વખતે મારા ટેબલ ઉપર યોહાન ક્રિસ્ટોફ આર્નોલ્ડ નામના મનોવૈજ્ઞાનિક ડૉક્ટરે લખેલી 'ધ લોસ્ટ આર્ટ ઓફ ફોરગિવિંગ' નામની એક ચોપડી છે. આ ચોપડીમાં માફી આપ્યા વગર કેવી રીતે લોકો બીમાર પડે છે અને જ્યારે એમનામાં ક્ષમા-ધર્મનું બીજ ઉગવા લાગે ત્યારે કેવી રીતે આ લોકો સાજા થાય છે એવી ઘણી ઘટનાઓ વર્ણવેલી છે.

**ક્ષમા-ધર્મ અને પુણ્યપ્રકોપ**

ઘણાં વર્ષ પહેલાં હું વડોદરામાં એમ.એસ. યુનિવર્સિટીમાં ભારતીયદર્શનમાં એમ.એ. કરતો હતો. તે વખતના ઉપકુલપતિ જસ્ટીસ વકીલ તરફ મને ખૂબ માન અને પ્રેમ હતાં. એક દિવસ વિદ્યાર્થી ચળવળના સમયે એમણે મને પોતાની ઑફિસમાં બોલાવી જે વાત કરી એ ત્રીસ-ચાળીસ વર્ષ પછી પણ મારા મનમાં હજી તાજી છે. એમની હૃદયસ્પર્શી વાત સંક્ષેપમાં આપ લોકોની આગળ રજૂ કરું છું. એમણે કહ્યું: 'આપણી યુનિવર્સિટીમાં આશરે ત્રીસેક હજાર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ છે. એમાં દસ હજાર જેટલા અભ્યાસ તેમજ ચારિત્ર્યમાં સરાસરીથી પર છે. એમાંથી એક હજાર દુનિયાની ગમે તે યુનિવર્સિટીના સ્ટુડન્ટસ જોડે હરીફાઈ કરી શકે એવા છે. એમાં પચીસેક તો ખરા હીરા જેવા છે. એક હજાર જેટલા સ્ટુડન્ટસ અભ્યાસ તેમજ ચારિત્ર્યમાં નીચ કક્ષાનાં. એમાં પચીસેક મારામારીમાં માનનારા ગુંડાઓ જેવા છે તો એમાંના ચાર ગુંડાઓની ચંડાળ-ચોકડી છે. તેઓ મન ભાવે ત્યારે હડતાળ પાડી શકે, ગમે તે વિદ્યાર્થીને મારી શકે અને અમુક વાર બધી મર્યાદાઓ વટાવીને પ્રાધ્યાપકોને પણ મારે. અત્યારની આ હડતાળ તેઓએ અંગત હિત માટે જાહેર કરેલી છે. આ યુનિવર્સિટી આ ચંડાળચોકડીના હાથમાં છે. ક્યાં ગયા આ એક હજાર એકદમ ઉત્તમ વિદ્યાર્થીઓ ? ક્યાં છે પેલા પચ્ચીસેક હીરાઓ ? શું પચીસેક હીરા જેવા ઉત્તમ વિદ્યાર્થીઓ આ ચંડાળચોકડીની આગળ પાણી ભરે ? આપણે કહીએ છીએ યથા ધર્મ સ્તથો વિજય કે સત્યમેવ જયતે ! પણ આપણી યુનિવર્સિટીનો અનુભવ એ છે કે એક હજાર જેટલા ઉત્તમોત્તમ વિદ્યાર્થીઓ અને પચીસેક હીરાઓ આ ચંડાળચોકડીના અન્યાય અને અધર્મ સામે જીત મેળવી ન શકે. સારાનરસાની વ્યાખ્યા આપણે બદલવી જોઈએ. બર્ક નામના અંગ્રેજી તત્ત્વચિંતકે લખેલું કે દુનિયામાં જે અન્યાય અને અધર્મ ચાલે છે તેનું મુખ્ય કારણ કહેવાતા સારા લોકો એનો સામનો કરતા નથી. મારે મન માત્ર અધર્મ છોડવાથી જ કે ધર્મ આચરવાથી જ કોઈ સારો બનતો નથી, પણ પુણ્યપ્રકોપથી અધર્મનો સામનો પણ કરી ધર્મસંસ્થાપના માટે તનતોડ પ્રયત્ન કરે એ જ સારો માણસ-સારો વિદ્યાર્થી.

**ગાંધીજીની દૃષ્ટિએ ભ્રષ્ટાચાર, લાંચરુશ્વત, અસ્પૃશ્યતા અને બહિષ્કૃત ગરીબ લોકોનું શોષણ એવા અધર્મો જોઈને શાંત રહેનાર વ્યક્તિઓની ક્ષમાશીલતા તે સાચી ક્ષમાશીલતા નથી કે નથી સાચી અહિંસા. પણ કાયરતા છે.**

ક્ષમા-ધર્મ વિશેના મારા વિચારો ખોખરા અવાજે મારા મલ્લૂ ગુજરાતીમાં રજૂ કર્યા, તોપણ આપ સૌએ ખરેખર ક્ષમા-ધર્મના હિમાયતીઓને છાજે એ પ્રમાણે ધ્યાન દઈને સાંભળ્યા બદલ આપ સૌનો મારો આભાર. ત્યાગ સંયમના આ પર્યુષણ પર્વના આચરણથી આપ સૌ ક્ષમા-ધર્મને જીવનમાં ઉતારી વિશ્વકુટુંબની (વસુધૈવ કુટુંબકમ્) ભાવનાના હિમાયતીઓ થાઓ, એ જ મારી શુભેચ્છા અને પ્રાર્થના. ક્ષમા-ધર્મનું હાર્દ અભિવ્યક્ત કરે એવી એક આગમવાણીથી હું આ પ્રવચનથી વિરમું છું:

જં જં મણેણં બદ્ધં જં જં વાયાએ ભાસિઅં પાવં
જં જં કાએણ કયં મિચ્છા મિ દુક્કડં તસ્સ

(જે જે પાપપ્રવૃત્તિઓને મેં મનમાં સંકલ્પેલી હોય, જે જે પાપપ્રવૃત્તિઓ મેં વાણીથી કહી બતાવી હોય અને જે જે પાપપ્રવૃત્તિઓને મેં શરીર દ્વારા આચરી બતાવી હોય તે મારી તમામ પ્રવૃત્તિઓની હું ક્ષમા માગું છું.) ✷ ✷ ✷

(તા. ૪-૯-૨૦૦૮ના શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલું વક્તવ્ય.)

ડૉ. ઈશાનંદ વેમ્પેની, પ્રેમળ જ્યોતિ, પો. બો. નં. ૪૦૦૨.
(સેંટ ઝેવિયર્સ કૉલેજ સામે), નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.
ફોન નં. (૦૭૯) ૬૬૫૨૨૯૦૦ (ઑ.)
ઈ-મેલ : ishanandsj@jesuits.net

## અગત્યની સૂચના

'પ્રબુદ્ધ જીવન' સમયસર ન મળવાના અમને ઘણા ટેલિફોન આવે છે. માનવંતા સભ્યોને અમારી વિનંતી છે કે જેઓને 'પ્રબુદ્ધ જીવન' સમયસર ન મળે તેઓ તરત જ અમારી ઑફિસનો સંપર્ક કરે.

ઑફિસના ટેલિફોન નં. : ૦૨૨–૨૩૮૨૦૨૯૬
મથુરાદાસ : ૯૮૩૩૫૭૬૪૨૧
પ્રવિણભાઈ : ૯૨૨૨૦૫૬૪૨૮

# 'સર નેઈમ લેસ'

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

તા. ૭-૧૦-૨૦૦૪, ગુરુવારના રોજ,'સંદેશ'ના પ્રતિનિધિ મારું એક કલાકનું 'ઈન્ટરવ્યૂ' લઈ ગયા. એક પ્રશ્ન એમણે એવો પૂછ્યો કે હવે ગુજરાતમાં તમને તમારા સાચા નામથી ખાસ કોઈ જાણતું નથી. 'અનામી' જ તમારું નામ બની ગયું છે ને એ નામે નામી બન્યા છો તો હજી યે 'અનામી' તખલ્લુસ શા માટે?

મેં એ પ્રતિનિધિ ભાઈને કહ્યું કે વડોદરા નગરીના પ્રથમ મેયર સાહેબ શ્રી નાનાલાલભાઈ ચોકસી જ્યારે જ્યારે મને કોઈ પણ સમારંભમાં મળે છે ત્યારે ત્યારે 'કેમ છો નામી 'અનામી'?' એ રીતે જ બોલાવે છે પણ આ અનાદિ કાળમાં અને વિરાટ વિશ્વમાં કોણ નામી? કેટલા નામી? કેટલા કાળના નામી? જો કે 'અનામી' તખલ્લુસ મેં બે કારણે રાખેલું. એક તો ભગવાનનાં સહસ્ત્રનામમાં એક નામ 'અનામી' પણ છે અને બીજું કારણ હું સને ૧૯૩૨માં અંગ્રેજી ધોરણમાં પાંચમામાં ભણતો હતો ત્યારે અમારે અંગ્રેજીમાં એક કાવ્ય ભણવાનું હતું જેનું શીર્ષક હતુંઃ `Sir Nameless' આજે લગભગ સાતેક દાયકા બાદ એ કાવ્યનો સાર કૈંક આવો યાદ રહી ગયો છે. સરના ઈલ્કાબવાળા એક સજ્જનનું પૂતળું હોય છે. નગરજનો એની ખૂબ ઈજ્જત કરે છે, માનમરતબો જાળવે છે. સમય જતાં, પેઢીઓ બદલાય છે ને પ્રજા માનસમાંથી એ વિસ્મૃત થતા જાય છે. એ પૂતળાની પૂરી માવજત થતી નથી. કેટલાક લોકો એ પૂતળાની સાથે ચેડાં કરી એને ક્ષતિ પહોંચાડે છે. એક સમય એવો આવે છે કે એની સદંતર ઉપેક્ષા થાય છે ને એ પછી તો એવો સમય આવે છે કે કો'ક કંઠ પૂછે છેઃ 'આ કોનું પૂતળું છે?' તો જવાબ મળે છેઃ `Sir Nameless' નું.

ગીતામાં ભગવાને કહ્યું છેઃકાલોऽસ્મિ લોકક્ષયકૃત પ્રવૃત્ત। હું સ્વયંકાળ છું ને લોકોનો ક્ષય કરવા માટે પ્રવૃત્ત છું.'-મતલબ કે કાળની સમક્ષ બધા જ `Nameless'-'અનામી' છે. એ પછી મેં એમને લગભગ એક સૈકા પૂર્વે લખાયેલી કવિ મલબારીની 'ઈતિહાસની આરસી'ની વાત કરી, કટલીક પંક્તિઓ ગાઈ બતાવીઃ-

'રાજારાણા! અક્કડ શેના? વિસાત શી તમ રાજ્ય તણી?
કઈ સત્તા પર કૂદકા મારો? લાખ-કોટિના ભલે ધણી.
લાખ તો મૂઠી રાખ બરાબર, બળી આસપાસે બાળે.
ચક્રવર્તિ મહારાજ ચાલિયા, કાળ ચક્રની ફેરીએ;
સગાં દીઠાં મેં શાહ આલમનાં, ભીખ માગતાં શેરીએ.'
દીઠાં સ્મારકસ્થાન ઘણાં એ કીર્તિ-કૌટ આકાશ ચ્હડ્યા;
ખરતાં ખરતાં પથ્થર બાકી, ચૂના-માટીએ જકડ્યા.
દિલ્હી, આગ્રા, કનૌજ-કાશી, ઉજ્જન ઉજ્જવલતા ન્હાસી,
રૂમ, શામ ને ઇરાન ઉજ્જડ, રડે ગળામાં લઈ ફાંસી.
તવારીખનાં ચિહ્ન ન કાંઈ, જાણે બધી મશ્કરી એ,
સગાં દીઠાં મેં શાહ આલમનાં ભીખ માગતાં શેરીએ.'
'દીઠાં સ્મારક સ્થાન ઘણાં એ, કીર્તિ-કોટ આકાશ ચ્હડ્યા;
ખરતાં ખરતં પથ્થર બાકી, ચૂના-માટીએ જકડ્યા'-

આ પક્તિઓમાં `Sir Nameless' કાવ્યનો પડઘો સંભળાય છે. વ્યક્તિ, સંસ્થા કે રાષ્ટ્રની કાળની સમક્ષ આ નિયતિ છે!

આપણા સાહિત્ય-વારસાની વાત કરીએ તો બે નામ અમર થઈ ગયાં છે. રામાયણના કર્તા વાલ્મીકી ને મહાભારતના સર્જક વેદવ્યાસજી. એમની તુલનાએ કાલિદાસ ભવભૂતિ ને ભર્તૃહરિને ઓછા માર્ક મળે.

આ તો સંસ્કૃત સાહિત્યની વાત થઈ. એમાંય ભાસ, અમર, ને જગન્નાથને યાદ કરવા રહ્યા અને સંસ્કૃત સાહિત્યમાં નોંધવા જેવાય, ઐતિહાસિક દૃષ્ટિએ બીજાં અનેક નામ મળે ને છતાંય કેટલાક 'અનામી' રહી ગયા હોય! હિંદીમાં તુલસી, કબીર, સુરદાસ, નાનક, મીરાં વગેરેને યાદ કરવાં પડે ને છતાંયે ઘણાં બધાં નામ રહી જાય! ગુજરાતીમાં નરસિંહ, મીરાં, પ્રેમાનંદ, શામળ, અખો, દયારામનું પ્રદાન ઘણું બધું. એ પછી નર્મદ-દલપત, ગોવર્ધનરામ, મણિલાલ, ન્હાનાલાલ, કલાપી, બ.ક. ઠાકોર, નરસિંહરાવ, આચાર્ય ધ્રુવ અને પંડિતયુગ ને પછી ગાંધીયુગ, અનુગાંધીયુગના અનેક સાહિત્યકારોને યાદ કરવા પણ સામાન્ય પ્રજા આ બધાંના સાહિત્યસંબંધે શું જાણે છે? કેટલું જાણે છે? અરે! નોબેલ ઈનામના વિજેતા કવિવર રવીન્દ્રનાથ ઠાકુરનાં પાંચેક કાવ્યોના નામ પણ સામાન્ય પ્રજા જાણતી હોતી નથી. કવિ રાજેન્દ્ર શાહને જ્ઞાનપીઠ એવોર્ડ મળ્યો પણ ગુજરાતી ભાષા સાહિત્યથી અનભિજ્ઞ એવા કેટલાયે ગ્રેજ્યુએટોને એમના નામની પણ ખબર નહોતી! એક બાજુ આ સ્થિતિ છે તો બીજી બાજુ એવા પણ કેટલાક કવિઓ છે જેમણે પ્રમાણમાં ઓછું લખ્યું હોય ને છતાંય એમના એક-બે કાવ્યોથી વધુ જાણીતા થયા હોય. મારા દાદા ને પિતાજીને ભોજા ભગતનાં કેટલાંક કાવ્યો કંઠસ્થ હતાં; એમાંય એમનું 'પ્રાણીયા! ભજ લેને કિરતાર, આ તો સપનું છે-સંસાર' એ કાવ્ય તો આજે પણ એટલું જ લોકપ્રિય છે. ભોજાના એક ભજને-'હરિજન હોય તેણે હેત ઘણું રાખવું' ને 'આશ્રમ-ભજનાવલિ'માં સ્થાન મળ્યું છે. આશ્રમ-ભજનાવલિ'માં સ્થાન પામવાને કારણે ને કાવ્યગુણે, ખૂબ જ ઓછું લખનાર શ્રી હરિહર ભટ્ટ પણ 'એક જ દે ચિનગારી

મહાનલ!' ને કારણે પ્રખ્યાતિ પામ્યા છે પણ 'સગાં દીઠાં મેં શાહ આલમનાં ભીખ માંગતાં શેરીએ' ને કારણે આજે એકાદ સૈકા બાદ પણ તેઓ કવિ તરીકે જીવંત છે. પ્રમાણમાં ખબરદારે પણ ખૂબ લખ્યું છે પણ 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' એ કાવ્યે એમને જીવતા રાખ્યા છે. શ્રીમદ્ રાજચંદ્રના 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે, ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથજો' અને 'રામ કહો, રહમાન કહો, કોઉં, કાન્હ કહો, મહાદેવરી' એ આનંદઘનજીનાં પદો પણ અમર બની ગયાં છે. આમ તો મારા દશેક કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે. 'આકાશવાણી' પરથી સેંકડો ને 'દૂરદર્શન' પરથી કેટલાંક કાવ્યો પ્રસાર પામ્યાં છે, કેટલાકે તો મને 'રેડિયો પોયેટ' તરીકે બિરદાવ્યો છે, મારાં ગીતોની ત્રણેક કેસેટ ઉતરી છે છતાંયે ભોજો, હરિહર ભટ્ટ મલબારી, ખબરદાર, શ્રીમદ્ રાજચંદ્ર ને આનંદઘનજી જેવું એક પણ મારું કાવ્ય પ્રજામાં સ્વીકૃતિ પામ્યું નથી. લગભગ અર્ધો ડઝન જેટલાં મારાં કાવ્યો જે તે કાવ્ય સંગ્રહોના સંપાદનમાં સ્વીકૃતિ પામ્યાં છે પણ લોકકંઠમાં સ્થાન પામ્યાં નથી એ રીતે હું `Sir Nameless'–'અનામી' છું.

હું અંગ્રેજી ધોરણ પાંચમામાં હતો ત્યારથી જ કવિ 'કાન્ત'ની કવિતાનો પ્રશંસક હતો. સંભવ છે કે જિસસ કે સ્વીડન બોર્ગને ઉદ્દેશીને લખાયેલી 'કાન્ત'ની કવિતા 'અનામી નામ'માંથી મને એ ઉપનામ–તખલ્લુસની પ્રેરણા મળી હોય.

'અનામી નામ તારું હા 'સખે એ રહેવાનું!
નહીં મારે કદાપિ કોઈને એ કહેવાનું'.
'અને જ્યોર અનામી વિશ્વને વ્હાલુ એ નામઃ
પ્રતિક્ષણ સ્વર્ગની વીણા મુખે છે લેવાનું.'

એકવાર હું વલ્લભ વિદ્યાનગરની એક કૉલેજમાં ભાષણ આપવા ગયો હતો. એક શ્રોતાએ 'અનામી' નો પ્રાસ મેળવી 'નનામી'નો અર્થ પૂછ્યો. મેં 'અનામી'ની નનામી પર કવિતા લખીઃ–

'ચિર નિદ્રામાં અહીં પોઢ્યો' 'અનામી',
દુન્યવી દુઃખોની બાંધીને નનામી'.
ના લીધું કૈં ના દીધું, હળવો રહ્યો,
આવ્યો હતો એવો જ એ પાછો ગયો.

✷ ✷ ✷

રસિકભાઈ રણજિતભાઈ પટેલ,
C/12, નવદીપ એપાર્ટમેન્ટ, સારથિ બંગલોની સામે,
A-1, સ્કૂલ પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨.
મોબાઈલ : ૯૮૯૮૧૬૯૦૬૯.

# ધર્મ : મૃત્યુંજયી મહારથી

❑ પૂ. આચાર્યપ્રવર શ્રીમદ્ વિજયપૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

ધર્મ-ચક્રવર્તી એવું અખૂટ-અતૂટ સામ્રાજ્ય ધરાવે છે કે, પુણ્યના પીઠબળપૂર્વકના નિર્જરાના રોકડા નફાની કમાણી દ્વારા એ ગમે તેવા મૂલ્ય ધરાવતા શુભ તત્ત્વોને કાચી પળમાં ખરીદી શકે અને અશુભ તત્ત્વોને મારી હઠાવવાં, એ પણ એના માટે ડાબા હાથનો ખેલ ગણાય. ધર્મની આવી અચિન્ત્ય-શક્તિને ટૂંકમાં વર્ણવવી હોય, તો એમ કહી શકાય કે, ધર્મ શુભ-માત્રનો પ્રતિષ્ઠાપક છે તેમજ અશુભ-માત્રનો અવરોધક પણ ધર્મ જ છે. સર્વ શક્તિમાન તરીકે ઉપસી આવતા ધર્મ અંગે વધુ વિચારીએ તો, સર્વ અશુભનો પ્રતિકારક પણ ધર્મ જણાયા વિના નહિ રહે. ટૂંકમાં ધર્મ-સામ્રાજ્યની ચોમેર એવો પ્રબળ પુણ્ય-પ્રતાપ ઝગારા મારી રહ્યો છે કે, એમાં ભલભલા અંજાઈ જાય અને ખેંચાઈ આવે. આ પ્રતાપમાં સૂર્યથીય અધિક એવું તેજ ઝગારા મારી રહેલું હોય છે કે, ઘુવડ જેવા ગમે તેવા અશુભ તત્ત્વો દૂર દૂર પલાયન થઈ ગયા વિના ન રહે.

સર્વ શુભની સંસ્થાપના એ ધર્મનો પ્રભાવ અને સ્વભાવ છે. આ જ રીતે સર્વ અશુભનો અભાવ થઈ જવો, એ પણ ધર્મનો જ પ્રભાવ-સ્વભાવ છે. ધર્મ જ્યારે સર્વ અશુભના અવરોધક તરીકે આંખ અને અંતર સમક્ષ ઉપસી આવે, ત્યારે એક એવો પ્રશ્ન જાગવો સહજ છે કે, મૃત્યુને પણ અશુભ તત્ત્વોમાંનું જ એક પ્રમુખ અશુભ તત્ત્વ ગણી શકાય. તો પછી ધર્મ દ્વારા મૃત્યુનો પણ પ્રતિકાર થવો જોઈએ ને? પરંતુ મૃત્યુની ગતિ તો ત્રિકાળ અને ત્રિભુવનમાં અપ્રતિહત છે. તીર્થંકર દેવો સમક્ષ પણ એ મૃત્યુ નિશ્ચિત પળે હાજર થઈ જતું હોય છે. આમ બધા અશુભનો અવરોધક ધર્મ કઈ રીતે ગણાય? જો ધર્મ મૃત્યુનો પણ અવરોધક બની શકતો હોય, તો તો આવું બિરુદ ધરાવવાનો એનો અધિકાર અબાધિત ગણાય. પણ મૃત્યુના આગમનને રોકવાની વાત તો દૂર રહી. પરંતુ તેના આગમનની પળને થોડી આઘી પાછી કે આડી અવળી કરવી, એ ધર્મ માટે પણ ગજા બહારની વાત ગણાતી હોય, તો પછી અશુભમાત્રના અવરોધક તરીકે ધર્મની આરતી કઈ રીતે ઉતારી શકાય?

આવા સવાલનું સમાધાન કરતા પ્રસ્તુત એક સંસ્કૃત સુભાષિત કહે છે કે, ધર્મમાં મૃત્યુની પ્રતિકારકતા એ કારણે બરાબર ઘટી શકે છે કે, ધર્મ શુભગતિનો દાતા બનવા દ્વારા પરંપરાએ મૃત્યુનો અવરોધક બને છે. મૃત્યુની અવરોધકતા સીધેસીધી ભલે ધર્મમાં ઘટતી ન હોય, પણ શુભ-ગતિની પરંપરાના સર્જન દ્વારા અંતે તો મૃત્યુ-માત્રનો અવરોધક બનવા ધર્મ સફળ નીવડે જ છે.

શુભગતિના પ્રદાન દ્વારા ધર્મ અંતે કઈ રીતે મૃત્યુ-માત્રનો અવરોધક બને છે, એ બરાબર વિચારવા જેવું છે. મૃત્યુની

અવરોધકતા સાબિત કરતાં આ હેતુને જો ઊંડાણથી સમજવાનો પ્રયત્ન કરીશું તો ધર્મની મૃત્યુ–અવરોધકતા યુક્તિથી પણ સચોટ સમજાઈ જશે.

મરણની સામે સીધો જ મોરચો માંડવાનો વ્યૂહ જોકે ધર્મ નથી અપનાવતો. પણ સુખમાં અલીનતા અને દુ:ખમાં અદીનતાનો મંત્ર-જાપ કરાવીને સમાધિની સિદ્ધિ અપાવવામાં તો ધર્મ જરૂર સફળ બને જ છે. જીવન આધિ અને વ્યાધિમય હોવાથી આ મંત્ર-જાપના પ્રભાવે સમાધિ સિદ્ધ કરી શકાય છે. તેમજ જીવન અને મૃત્યુની પળે સચવાતી આવી સમાધિના પ્રતાપે મોતની વણઝારને અટકી જવાની ફરજ પાડવામાં સાધક જરૂર સફળ થાય છે. આ પણ એક જાતનો મૃત્યુની સામેનો પડકાર અને પ્રતિકાર જ ગણાય ને?

શુભ ગતિની સર્જાતી પરંપરાની ફલશ્રુતિ જ તો મૃત્યુનું મૃત્યુ છે. આ રીતે મૃત્યુના મૃત્યુને નોતરતી શક્તિને મૃત્યુ-પ્રતિકારક શક્તિ તરીકે બિરદાવવામાં આવે, તો કોઈ અતિશયોક્તિનો આશ્રય લીધો ન જ ગણાય. મૃત્યુની ગતિ યત્ર–તત્ર–સર્વત્ર અપ્રતિહત હોવાથી એની સામે સીધો મોરચો માંડીએ, તો સફળ ન થવાય, પણ આ રીતે શુભ-ગતિના સર્જન દ્વારા મૃત્યુના વિસર્જનનો વ્યૂહ ગોઠવવામાં આવે, તો એમાં ચોક્કસ સફળતા મળીને જ રહે. ધર્મ આ રીતે જ મૃત્યુ પર વિજયનો વાવટો ફરકાવી શકવાની સિદ્ધિ હાંસલ કરી જાણે છે. આ રીતે અશુભના અવરોધક તરીકેનું વિશેષણ ધર્મને બરાબર લાગુ પડી શકે છે.

ધર્મ મૃત્યુનો અનેક રીતે પ્રતિકારક બને છે. સૌપ્રથમ તો ધર્મ આપણને જીવન શું છે અને મૃત્યુ શું છે, એ સમજાવે છે. મૃત્યુથી આપણે પરિચિત નથી, માટે જ મૃત્યુથી આપણે ડરીએ છે. મૃત્યુને આપણે જો બરાબર પિછાણી લઈએ, તો પછી મૃત્યુ મહોત્સવ સમું ભાસે. જન્મ બાદ આપણે સતત મૃત્યુ પામતા જ રહેતા હોઈએ છીએ. જીવન દરમિયાન આપણી ગતિ સતત મૃત્યુ ભણી ચાલુ જ હોય છે. દા. ત. માણસ અમદાવાદથી મુંબઈ જવા માટેની રેલ્વે સફર શરૂ કરે, ત્યારે વચ્ચે વચ્ચે આવતા સ્ટેશન એને એ જ વાતની સ્મૃતિ કરાવતા રહેતા હોય છે કે, હવે મુંબઈ નજીક ને નજીક આવી રહ્યું છે. એથી મુંબઈ આવતાં એ પ્રસન્નતાપૂર્વક તરત જ નીચે ઉતરી જાય છે.

આપણું જીવન પણ એક આવી જ યાત્રા છે, જે જન્મથી મૃત્યુ સુધીની લંબાઈ ધરાવે છે. જીવનની ગાડી શૈશવ, યુવાની, પ્રૌઢાવસ્થા વટાવીને જેમ જેમ આગળ વધે છે, એમ મૃત્યુ નજીક આવતું જાય છે. આપણું આ જન્મ પૂરતું છેલ્લું સ્ટેશન 'મૃત્યુ' નામનું છે. એનો બરાબર ખ્યાલ આવી જાય, તો આ છેલ્લા સ્ટેશન પર ઉતરી જતા આપણે શોક-સંતપ્ત ન બનતા પ્રસન્ન બની ઉઠીએ કે, હાશ સ્ટેશન આવી ગયું! મુંબઈ જેમ એકાએક જ નથી આવી જતું, સ્ટેશને સ્ટેશને જેમ મુંબઈ નજીક આવતું હોય છે, એમ મૃત્યુ પણ એકાએક આવી જતું નથી. જેમ જેમ જીવનમાં આપણે આગળ વધીએ, એમ મૃત્યુ નજીક આવે છે. આ સંદર્ભમાં આપણે પ્રતિદિન થોડું થોડું મૃત્યુ પામતા હોઈએ છીએ, આનો ખ્યાલ આવી જાય તો અંતિમ સ્ટેશન પર મૃત્યુનું સ્પષ્ટ દર્શન થતાં આપણે ભયભીત ન બની ઉઠીએ. આમ જીવન-મૃત્યુની સાચી સમજણ આપણને ધર્મ દ્વારા મળતી હોય છે. આપણે આ સમજણ બરાબર પાકી કરી લઈએ, તો પછી મૃત્યુનો ડર જ ન રહે. ધર્મ આ રીતે મૃત્યુનો ડર દૂર કરી નાંખવા દ્વારા મૃત્યુનો પ્રતિકારક બનતો હોય છે. ધર્મ આગળ વધીને એમ પણ સમજાવે છે કે, કાયા પર જેમ કપડાંનું પહેરણ છે, એમ આત્મા પર દેહનું પહેરણ છે. નવા કપડાં પહેરતાં જેમ આનંદ અનુભવાતો હોય છે, એમ જૂનો દેહ તજીને નવો દેહ ધારણ કરવાની પળે તો મોઢા પર વધુ પ્રસન્નતા છલકાઈ ઉઠવી જોઈએ.

આપણે જેને જીવન ગણીએ છીએ, એ જીવનને યમરાજની નિદ્રાના સમય તરીકે સમજાવીને ધર્મ કહે છે કે, યમરાજ હમણાં જ ઉઠશે અને ભૂખ શમાવવા માનવનો કોળિયો કરી જશે. પછી એનાથી ડરવાનો શો અર્થ? માનવ જો કાળનો કોળિયો બની જ જવાનો હોય, તો જીવન કાળ દરમિયાન માનવે એવી માનસિક નીડરતા કેળવી લેવી જોઈએ કે, મૃત્યુને મહોત્સવ તરીકે આવકારી શકાય.

એક માત્ર ધર્મ પાસે જ એવી શક્તિ છે કે, જે આપણને મૃત્યુથી માહિતગાર બનાવીને સહર્ષ-સધર્મ મૃત્યુને વરવાની સમાધિ-કળાનું પ્રદાન કરે અને આ રીતની શુભ-ગતિના દાનનો જ એ પ્રભાવ છે કે, એથી મૃત્યુનું જ મૃત્યુ થઈ જવા પામે. આમ, ધર્મ એક મૃત્યુંજયી મહારથી છે.

સારી રીતે જીવવું, એનો અર્થ એટલો જ થાય કે, સારી રીતે મરવા માટે સજ્જ રહેવું. અને સમાધિપૂર્વક મરવું, એનો ગર્ભિતાર્થ એટલો જ થાય કે, વહેલા-મોડા મૃત્યુને મારીને મૃત્યુનો પ્રતિકાર કરીને જ મરવું! ધર્મ આ સંદર્ભમાં જ મૃત્યુ-પ્રતિકારક ગણાય છે.

આજના વૈદ્ય-ડૉક્ટરો ભલે મોતની સામે મોરચો માંડવાની વાતો કરતા હોય, પણ મૃત્યુના મૂળિયાને સમૂળગા ઉખેડીને ફેંકી દેવા તો એક માત્ર ધર્મ જ સમર્થ છે. કારણ કે એ મૃત્યુને ધક્કો મારીને બાજુ પર જ હડસેલી દેતું નથી, પણ એ મૃત્યુનું જ મૃત્યુ નીપજાવીને એવો સમૂળગો મૃત્યુનાશ નોતરે છે કે, કાળ અનાદિથી પનારે પડેલું મૃત્યુ પછી એ 'મૃત્યુંજયી'ની પાસે ફરકવાની હિંમત પણ કરી શકતું નથી.

✷ ✷ ✷

જિતેન્દ્ર જ્વેલર્સ, ૧૦૦, ભંડારી સ્ટ્રીટ,
ગોળદેવળ, મુંબઈ-૪૦૦૦૦૪

# પત્ર ચર્ચા

## વર્તમાન યુગમાં જૈન સાધુ સમાજે આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરવો જોઈએ?

*[ 'પ્ર.જી.'ના જુલાઈ અંકના તંત્રી લેખ 'વિહાર : માર્ગ અકસ્માત અને આધુનિકતા' દ્વારા અમે ઉપરના વિષયની ચર્ચા માટે સમગ્ર સમાજને આમંત્રણ આપ્યું હતું. એ વિશે પ્રાપ્ત થયેલ પત્રો 'પ્ર.જી.'ના આગળના અંકોમાં અમે પ્રકાશિત કર્યા હતા, આ અંકમાં વધુ પત્રો અહીં પ્રસ્તુત કરીએ છીએ. અમોને જેમ જેમ પત્રો પ્રાપ્ત થતા જશે એ પ્રમાણે પ્ર.જી.ના અંકમાં પ્રસિદ્ધ કરતા રહીશું. સર્વેનો આભાર. ❑તંત્રી ]*

(૮)

## સાધુ-સાધ્વીઓના વિહાર, માર્ગ અકસ્માત, આધુનિકતા વિગેરે બાબત

તંત્રીશ્રીએ બહોળા અનુભવ અને સદ્ભાવથી ઉપરના મુદ્દાઓની રજૂઆત કરી છે તે સાધુ-સાધ્વી સમાજ અને અધિકૃત આચારયુક્ત શ્રાવક-શ્રાવિકા સંઘે તેના ઉકેલ માટે પ્રયાસ કરવો જરૂરી છે. જૈન દર્શન વાસ્તવમાં શ્રમણ સંસ્કૃતિ છે. તેનો અર્થ એ કે તેમના પવિત્ર આચારો વડે જૈન સમાજની સંસ્કૃતિ ટકી રહે. જો કે આ કાળે આ પ્રશ્ન ઘણો જટિલ છે. છતાં ચારે અંગો વડે સમાજ સંકળાયેલો છે. સાધુ જન્મતા નથી, સંસાર ત્યાગ કરીને સાધુ બને છે. તેથી સંસારના સંસ્કારનો એકાએક નાશ થતો નથી. અને અંશે વૈરાગ્યજનિત સંસારત્યાગ હોય તો પણ તે યોગ્ય ગુરુજનોનું ઘડતર, સાન્નિધ્ય, વાત્સલ્ય માંગે છે. તેનો અભાવ તેટલો ભૌતિકતા કે આધુનિકતાનો પ્રભાવ રહે તેટલી ક્ષતિઓ, દોષો પેદા થવાના છે. તેનો ઉકેલ ભૌતિકતાવાદી શ્રાવક ગૃહસ્થ કેવી રીતે લાવે? અધિકૃત શ્રાવકો સદ્ભાવથી કંઈ કરી શકે કારણકે આ કાર્ય ટીકાથી ઉકલે તેવું નથી. ઘણી ક્ષમતા માંગી લે છે.

સ્વ. શ્રી ભદ્રંકર સૂરિ આચાર્ય કહેતા હતા કે જૈન ધર્મના સાધુ જીવનમાં લોચ, ખૂલ્લા પગે વિહાર, શક્ય એટલી નિર્દોષ ગોચરી, અસ્નાન, વાહન ત્યાગ જેવા માધ્યમો નીકળી જાય તો તે સાધુ જીવન નથી. જો કે આ બાબતો ઘણી સચવાઈ છે તેથી ત્યાગી વર્ગનો પ્રભાવ સમાજ પર ટક્યો છે. છતાં કેટલાક પ્રશ્નો વિચારણીય છે.

**વિહાર અને અકસ્માત :** મોટા ભાગનો સાધુ-સાધ્વી વર્ગ પાદવિહારી છે. ગ્લાન વૃદ્ધજનો વ્હીલચેર કે ડોળીનો ઉપયોગ કરે છે. તેમાં સૂક્ષ્મ અહિંસાના માધ્યમે મતભેદ છે. પણ તેઓ સ્થિરવાસી ન થાય ત્યાં સુધી આ પ્રશ્ન રહેવાનો. એક કાળે રસ્તાઓ રેતાળ હતા. આજે ડામરની સડકો અને બન્ને બાજુ કાંકરીઓ હોય છે. ગરમ બન્ને થાય છે. વળી શહેરમાં ગરમ ધરતી પર સાધુ-સાધ્વીજનો બપોરે બાર વાગે પ્રસન્ન ચિત્તે સ્વસ્થતાથી ખૂલ્લા પગે ચાલતા ગોચરી માટે ઘેર ઘેર પધારે છે. છતાં કોઈ કારણસર કે સહી શકે નહિ તે મોજાનો ઉપયોગ કરે છે. આગળ વધીને બીમારીમાં વાહનનો ઉપયોગ કે અન્ય સગવડો લેવાય છે. આ પ્રશ્નો જેમ સમાજના છે તેમ વ્યક્તિગત મનોબળના છે. કોઈક વળી સ્થિરવાસ કરી ક્વચિત દેહાધ્યાસ ત્યજી આરાધના સ્વીકારે છે. આપણે સંસારી જીવો ખૂબ સુખશીલતામાં રહી શું સૂચન કરી શકીએ? છતાં ભાવ શ્રાવક જેવા અધિકૃત શ્રાવકનો સમુદાય કંઈ સૂચન કે ઉકેલ માટે વિચારી શકે તે અસ્થાને નથી.

જ્યારે મોટા ભાગે શહેરમાં સારા ડૉક્ટરની સગવડ મળે તેવા આશયથી, વળી સશક્તો અભ્યાસની સગવડ મળે માટે શહેરમાં રહેવું પસંદ કરે છે, એટલે ગ્રામ્યનિવાસ સાંજે કે માંદે ગૌણ જ રહેવાનો છે. ગ્રામ્યનિવાસમાં સ્વપર શ્રેય છે.

હવે રહી અકસ્માતની વાત. અકસ્માત તો મોટર, બસ, ચાલતા માણસોને પણ થાય છે. એટલે આ અકસ્માત કોઈ વિહારની ખામીથી જ થાય છે તેમ નથી. હા, તેઓ કોઈવાર માર્ગની બાજુમાં અગવડ હોય ત્યારે સડક વચ્ચે ચાલે ત્યારે અકસ્માત બને છે. પરંતુ નાના રસ્તા, વાહનોની ઝડપ અને વધારો વિશેષ કારણ છે. તેમાં શું થઈ શકે? અકસ્માત થયા પછી તરત જ સારવાર મળે તેવા આયોજનો થવા માંડ્યા છે. પરંતુ આ પાદવિહાર તો સાધુ જીવનનું અંગ છે. તેમાં વાહન જેવો અન્ય વિકલ્પ આપણે યોજી શકીએ તેવું જરૂરી નથી. વિહાર કરનારે સાવચેતી રાખવી તે ઉપાય છે. પાદવિહારથી માર્ગમાં આવતા ગામો અને યાત્રા સ્થળોનો સંપર્ક રહેવાથી લાભ છે.

**આધુનિકતા** એટલે આધુનિક સાધનોનો ઉપયોગ; તેમાં વસ્ત્રો, પાત્રો, મોબાઈલ, ઘડિયાળો જેવા સાધનોનો સમાવેશ થાય. એમાં બે વર્ગ છે. કેટલાક અલ્પાધિક ચૂસ્ત છે. કેટલાક ઉપકરણ માનીને કંઈ વાંધો ગણતા નથી. આમાં શ્રાવક-શ્રાવિકા જવાબદાર ખરા? આપણે શ્રાવક ગૃહસ્થો કેટલા આધુનિક થયા છીએ? એટલે આપણે જ્યારે ત્યાગીવર્ગને કંઈપણ વહોરાવીએ ત્યારે શુભ ભાવથી આધુનિક વસ્તુઓ લઈ જઈએ. તેમાં સગા સ્વજની હોય તો પછી મર્યાદા રહેતી નથી. વ્હોરાવનાર ભક્તિભાવ ગણી પુણ્યનું પોટલું બાંધે છે. ગ્રહણ કરનાર ધર્મલાભ આપ્યો માને છે. આમ અન્યોન્ય અણસમજથી આધુનિકતામાં દોષ છે તે ગૌણ થઈ જાય છે. તેથી શિથિલતાને અવકાશ રહે છે. સાધુજનો તે તે સાધનોનો ઉપકરણની ઉપમા આપી મુક્તમને વપરાશ કરે છે. વળી એક કારણ એ પણ

મનાય છે કે આ વસ્તુઓ ત્યાગીજનો માટે બનતી નથી; પણ ગૃહસ્થો માટે બને છે. તેમાં તેમને જરૂરી વસ્તુ લેવામાં દોષ નથી. કોઈવાર વિવેક સચવાય નહિ તેવું બને છે અને અંતરમાં રહેલી વૃત્તિઓ પોષાય છે ખરી. હું મારી જાતને અહીં મૂકું! મારી પાસે સુંદર ઘડિયાલ કે કંઈ પાત્ર જેવી વસ્તુ છે. મને અમુક સાધુજનો પ્રત્યે ચાહના છે. તેમને ભક્તિથી આપું ત્યારે આનંદ માનું છું. સાધુજનો તેમને માટે નથી બનેલું પણ ગૃહસ્થ લાભ લે છે તેમ માની ગ્રહણ કરે છે. આમાં સત્ય તારવવું અઘરું છે. છતાં તારવી શકે તેવા ત્યાગીજનો છે તેનો પ્રસંગ જણાવું.

એકવાર સ્વ. પૂ. આચાર્ય ભદ્રંકર સૂરિજી પાસે દર્શનાર્થે જવાનું થયું. ત્યારે કોઈ ભાઈ વસ્તુઓના પોટલા લઈને આવ્યા. પૂ. શ્રીએ શ્રાવકને કહ્યું કે, 'પોટલા બહાર મોકલી દો પછી બેસો, વંદન કરો.' પેલા ભાઈ કહે સાહેબજી સુંદર મલમલ છે. ભારે કામળી છે (કિંમતમાં). પૂ.શ્રીનો અવાજ જરા મોટો થયો કે, 'એટલે જ ના પાડું છું. અમારે સાધુ રહેવું છે. સુંદરતા અમારું વ્રત અને તપ છે એટલે પહેલા પોટલા બહાર મોકલી દો. પરપદાર્થોમાં આકર્ષિત થઈએ અમારું ગુણ ઠાણું ટકે નહિ. અલંકારિક વસ્તુઓની આસક્તિને નષ્ટ કરવા આ વેશ છે ભાઈ!'

બીજો પ્રસંગ યાદ આવે છે. આ. પૂ. શ્રી કલાપૂર્ણશ્રીએ બત્રીસ વર્ષે દીક્ષા લીધી ત્યારે બે પુત્રો ૧૦ અને ૧૨ વર્ષના સાથે દીક્ષિત થયા. સગા-સ્નેહીઓ થેલીમાં બાળકો માટે વસ્તુ કે મિઠાઈ લાવે. પૂ. કનકસૂરિજી પેલાની પાસેની થેલી બહાર મૂકાવે. ભક્તો કહે બાળકો માટે છે. પૂ.શ્રી કહેતા, 'મારે બાળકને પવિત્ર સાધુ બનાવવાના છે. સંસારમાં પાછા મોકલવા નથી. માટે આવી વસ્તુઓ લાવવી નહિ.' આવા પ્રખર અને વાત્સલ્યપૂર્ણ ગુરુજનો હોય ત્યાં હજી સાધુ જીવનની પવિત્રતા જળવાય છે. બાકી તો ચારે બાજુ દેખાદેખી ચાલે છે. તેથી શિથિલતાનો દોષ વધવા પામે છે. આપણે એમના ત્યાગમાંથી કંઈક શીખવું છે. તે પૂરતું આપણે માટે વિચારણીય છે.

સાધુ-સાધ્વી જીવન સંસાર ત્યાગનું છે. પવિત્ર મહાવ્રતધારી છે. તેથી સમાજ તેમની પાસે ઉચ્ચ આદર્શોની અપેક્ષા રાખે તે સ્વાભાવિક છે. સાધુ જન્મતા નથી, પરંતુ ગૃહસ્થપણું ત્યજી ત્યાગી થયા છે. ત્યારે દરેકમાં વૈરાગ્યની પ્રબળતા હોય તેવું બનતું નથી. તેમાં પણ જો સાધુપણામાં કોઈ શ્રીમંત ભક્તો મળી ગયા અને વૈરાગ્ય હતો નહિ કે તે વિકસ્યો નહિ તેથી સુખશીલતા આવે. જો તપ વ્રત હોય તો પણ અન્ય રીતે આધુનિકતા સ્વીકારે ત્યારે શિથિલતા આવવાનો સંભવ છે. વળી એવું નથી કે ગરીબો જ દીક્ષા લે છે. શ્રીમંત ઘરના બાળકો, યુવાનો સમજપૂર્વક સ્વેચ્છાએ સંયમ સ્વીકારે છે.

અપરિગ્રહી એવા સાધુ-સાધ્વીજનોના મહાવ્રતની મર્યાદા શું? કેટલું પ્રમાણ કોણ સ્વીકારે. આથી બોધ આપનારને ગૃહસ્થો વંદન કરે પણ કંઈ અસર ન થાય અને ગૃહસ્થોને પણ આધુનિકતા, પરિગ્રહના વધારામાં રસ છે. પરિગ્રહ પરિમાણ છે તો પણ હોય તેનાથી વધારીને લે, આ પરિસ્થિતિમાં ત્યાગી કે ભોગી કોનું સત્ત્વ બળવાન થાય કે જે તત્ત્વદૃષ્ટિ ને પ્રગટ કરે?

કોઈકવાર એવો વિચાર આવે છે કે ભલે આપણે સંસારી છીએ, પણ એ.સી. હૉલ અને પંખા નીચે બેસી સાધુજનોના પરિષહ જય ને શિથિલતાની ચર્ચા, પ્રવચન કરીએ તો તેની કેટલી અસર ઉપજે? સમૂહ સંસારી છે તેમને સગવડ મળે તેનું પ્રાધાન્ય ભલે હોય છતાં તેમાં પ્રવચનોમાં મર્યાદા જળવાવી જરૂરી છે.

બીજો પ્રશ્ન કે શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી જેઓ આમ્નાયને આધીન છે. ત્યાં કંઈ પણ મર્યાદા સચવાય છે. પણ આમ્નાયથી બહાર હોય તે જૈનધર્મી હોય છતાં કોઈ મર્યાદા જણાતી નથી. આધુનિકતા અને સગવડોથી સજ્જ હોય. તેથી જેમને **ધર્મતત્ત્વની** સમજ નથી તેવા વર્ગને તેમાં આકર્ષણ થાય. તેમાં સંખ્યાબળ વધે છે. આ પ્રશ્ન તો ઊભો જ રહેવાનો. અહીં આપણે જે વિચારીએ છીએ તે કેવળ શ્વેતાંબર, મૂર્તિપૂજક માટે મર્યાદિત છે તેનો ખ્યાલ નથી. આમ્નાયમાં હજી સાદાઈ, સચ્ચાઈ, શ્રમણતા જળવાઈ છે. તેને ભાવિકો આવકારે છે. છતાં ઉપર જણાવ્યું તેનો ઉકેલ વિચારણીય છે.

વળી એક મુદ્દો છે આકર્ષક આમંત્રણ પત્રિકાઓ, પુસ્તકો. આ પત્રિકા વગેરેનું ખર્ચ ગૃહસ્થ કરે છે. સાધુજનો માને છે કે આપણે ત્યાગી છીએ. ભક્તોનો ભાવ છે. આપણને દોષ નથી. વાસ્તવ તેમના મનમાં ઊંડે ઊંડે આકર્ષિત વસ્તુની વૃત્તિ હોઈ શકે! જે આ રીતે પોષાતી હશે. પત્રિકાઓ રૂા. ૧૦૦ થી ૫૦૦ સુધીની જોવામાં આવે છે. એક વાર વાંચી પછી નિકાલ કરવાની પણ મૂંઝવણ થાય છે. અને પુસ્તકોના લખાણ તો ચાર પુસ્તકે એક પુસ્તક થાય તેવી પદ્ધતિ. લખાણ કરતાં વધુ ખર્ચ તેના બાહ્ય દેખાવનો છે. વળી ભક્તોના ખર્ચે છપાય અને કિંમત તો ઊંચી રાખે. આવી મૂડી ભેગી કરીને કોને આપવી છે? તેઓ વિદ્વાન, વિચારક છે. શા માટે વિચારી શકતા નથી. નથી ભક્તો વિવેક રાખતા કે નથી ત્યાગીજનો રાખતા. જો કે એમ પ્રચાર કરે છે કે **શ્રુતજ્ઞાન તો સોનો હીરે મઢીએ તોય ઓછું; પણ શ્રુતજ્ઞાન કહેવું કોને?** એવા શ્રુતજ્ઞાનના અભ્યાસની રુચિ કેટલી વિકસી? આથી જો શ્રાવક વર્ગ સજાગ નહિ બને તો જ્ઞાનભંડારો બેકાર પડ્યા છે તેમ ઘરમાં પુસ્તકોનો ભરાવો પાછો ત્યાં જ પહોંચે છે. વાસ્તવમાં અભ્યાસ વર્ગો વિકસાવવાની જવાબદારી સાધુજનો સાધ્વીઓને સાથે રાખી વિકસાવવી જોઈએ. કેવળ એક કલાકના વ્યાખ્યાનથી કે વાચનથી પ્રશ્ન હલ કેમ થશે? શ્રાવક-શ્રાવિકાઓ પણ નક્કી કરે **અમે પુસ્તકના આધાર સ્થંભ કે સહયોગી બનવાને બદલે અભ્યાસી બનશું.** તે જરૂરી છે. આધુનિક સાધનો વડે સ્ત્રીવર્ગને સમય હોય છે તો ધંધા જેવા કાર્યમાં પડે છે

તેને બદલે તત્ત્વનો અભ્યાસ કરવો જરૂરી છે. તેનું પ્રમાણ ઓછું છે.

હવે એક મુદ્દો વરઘોડા, પીઠિકાના ઉત્સવો, સ્વામીવાત્સલ્યો, પૂજનો જેની આવશ્યકતા મનાતી હતી કે આવા પ્રસંગે આબાલ વૃદ્ધો સૌ લાભ લેતા તે વાત ગૌણ થઈ અને શ્રાવક તથા સાધુ સમાજ વ્યક્તિગત પ્રચારના ભાવનું પોષણ થવાથી ઉત્સવ પછી કોઈ બોધ પામી જાય અને ત્યાગી થાય તેવું બનતું નથી. વળી તેમાં બધું ભાડૂતી. વાહનોની દોડાદોડી, પશુગાડીઓના શણગાર જોવા માટે વરઘોડાની શું અસર ઉપજે. છતાં એકાંતે કરવા જેવું નથી તેમ કહેવું નથી. ઉત્સવો ધર્મજીવનમાં પ્રાણ પૂરતા હતા. તેવું ઓજસ કેટલું જળવાયું છે? મૂળ ધર્મ જે તત્ત્વરૂપ, રત્નત્રય રૂપ હતો તે કેટલો વિકસ્યો છે? આટલી પત્રિકા, પુસ્તકો, ઉત્સવો પછી જો એમાં કંઈ પરિણામ ન આવે તો જૈન ધર્મની વિશેષતા શી?

છેલ્લે સાધુ-સાધ્વી જીવન માટે કંઈ પણ શીખ આપવી તે જવાબદાર અધિકૃત ગૃહસ્થનું કામ છે. અથવા તેવા શ્રાવકોનો સમુદાય એકઠો થઈ ઉકેલ લાવે. જ્યાં સવિશેષ સાધુ સમુદાય, સાધ્વી સમુદાયના મોવડીઓનો સાથ લેવામાં આવે તેમની સાથે ચર્ચા-વિચારણા થાય તો કંઈ ઉકેલ મળે. જો કે એ સમાજમાં એટલા ફાંટા છે કે કોઈ મેળ કરવો મુશ્કેલ છે. છતાં એક જ મોટા સમુદાયને પ્રથમ વિશ્વાસમાં લઈને આ અંગે વિચારણા થઈ શકે. તંત્રીશ્રી માટે એ કાર્ય ઘણું કઠિન છે છતાં પણ સૌનો સાથ છે તો કંઈ ઉકેલ થઈ શકશે તેવી અપેક્ષા છે કારણ કે આપણા આ સૂચન કે ચર્ચાની ત્યાગી સમાજ નોંધ લેશે ખરા? સંઘબળ સૌને માન્ય એવું સંગઠન છે. પણ ઉદારચિત્ત સમભાવી હશે તો સૌના સહકાર્યથી આ પ્રશ્ન હલ થશે.

ડૉક્ટર દવાખાનાની સગવડો, પંડિતોની પાસે અભ્યાસ, શ્રોતાવર્ગ, અન્ય સગવડોને કારણે સાધુ-સાધ્વીજનો શહેરમાં રહેવાનો આગ્રહ રાખે છે. તેમાં ઉપાશ્રયોના નિવાસની મર્યાદાને કારણે ફ્લેટના નિવાસ વધતા જાય છે. અણગારોને નિવાસ લેવા પડે છે. તે પ્રશ્ન પણ છે. વળી ઉપાશ્રયો થાય પણ ઠલ્લે માત્રાની જે ક્રિયા છે તે તો ઊભી જ રહે છે. તેનો ઉકેલ પણ પૂરતો થઈ શકતો નથી. શ્વેતાંબર સમાજમાં સાધ્વીજનોની સંખ્યા ઘણી છે. તેઓ નાના નાના શહેરમાં ચાતુર્માસ કરે ત્યાં પંડિતજનોની સગવડ કરાવે અને ભણે, ભણાવે તેવી યોજના થાય તો શહેરીકરણના દોષથી બચી શકાય. સાધ્વીજનોમાં પણ અભ્યાસી વર્ગ છે. તેઓ શિષ્યવર્ગને ભણાવી શકે. વ્યાખ્યાન આપી શકે. જ્યાં પૂ. આચાર્ય હોય ત્યાં સો બસો ભેગા રહે તેવું વરસમાં બીજા કોઈ એકાદ માસ માટે કરી શકાય. તો બન્ને વ્યવસ્થાઓ સચવાય.

આવા અનેક પ્રશ્નો છે. તે વિસ્તરતા જાય તે પહેલા તંત્રીશ્રીના પ્રયાસ મુજબ બન્ને સમાજના મળીને થોડી અધિકૃત વ્યક્તિઓ પુનઃ પુનઃ વિચારણા કરે તો કંઈક ઉકેલ સંભવ છે.

આ લેખ કેવળ સદ્ભાવથી લખ્યો છે છતાં જિનાજ્ઞા વિરૂદ્ધ કે અનઅધિકૃત કંઈપણ લખાયું હોય તો પુનઃ પુનઃ મિચ્છામિ દુક્કડમ્

**સુનંદાબહેન વોહોરા,**
૫, મહાવીર સોસાયટી, એલિસબ્રીજ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭. ફોન નં. : ૨૬૫૮૭૯૫૪

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ૭૫ મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંપન્ન

❑ કેતન જાની

**(નવેમ્બર ૨૦૦૯ના અંકથી આગળ)**

**સંશયરહિત સ્પષ્ટતા એ શ્રીકૃષ્ણના વ્યક્તિત્વની વિશિષ્ઠતા**

તા. ૨૧-૮ ના **'શ્રીકૃષ્ણનું વ્યક્તિત્વ'** વિશે વ્યાખ્યાન આપતા **શ્રીમતી કાજલ ઓઝા-વૈદ્યએ** જણાવ્યું હતું કે શ્રીકૃષ્ણના જીવનમાં અહંકાર, સત્ય અને સાધનશુદ્ધિનો અભાવ હશે પરંતુ સંશયરહિત સ્પષ્ટતા એ તેમના વ્યક્તિત્વની વિશિષ્ઠતા છે. પાંચ ગામ મળે તો મહાભારતનું યુદ્ધ કરવું નહીં એવો પ્રસ્તાવ પાંડવો વતી લઈને તેઓ જ કૌરવો પાસે ગયા હતા. ત્યારે ખુદ દ્રૌપદીએ જ પુછ્યું હતું કે મારા વાળ-વસ્ત્રો ખેંચ્યા તેઓ સાથે વિષ્ટિ કેવી? વિષ્ટિનો પ્રસ્તાવ સફળ થવાનો નથી એ જાણતા હોવા છતાં તેઓ ગયા હતા. યુદ્ધના મેદાનમાં અર્જુન મૂંઝાયો કે જેના ખોળામાં હું રમ્યો છું તેઓ પર શસ્ત્ર કેવી રીતે ઉપાડું? તે સમયે યુદ્ધ કરવા સમજાવનારા શ્રીકૃષ્ણ જ હતા. અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી ગર્ભમાંનો પરીક્ષિત મૃત અવતર્યો ત્યારે શ્રીકૃષ્ણ પુરુષ હોવા છતાં સૂતિકાગૃહમાં ગયા હતા. તેમણે કહ્યું કે જો જીવન સાધુવૃત્તિથી અને ન્યાયપૂર્વક જીવ્યો હોઉં તો આ શિશુ જીવતું થાય અને પરીક્ષિત જીવતો થયો હતો. શ્રીકૃષ્ણના એકપણ લગ્ન સ્નેહલગ્ન નહોતા પણ પોલીટીકલ હતા. એકવાર રુક્ષ્મણીએ પુછ્યું હતું કે તમે મારા ઓરડામાં આવો ત્યારે એકલા આવતા નથી. ત્યારે શ્રીકૃષ્ણે ઉત્તર આપ્યો હતો કે સિંહાસન ઉપર બેસનાર વ્યક્તિને અંગત સુખોને તેના પાયા નીચે દાટી દેવા પડે છે તે રાજ્ય જ સ્થિર રહી શકે. શ્રીકૃષ્ણએ સમષ્ટિ સાથે ક્યારેય અન્યાય કર્યો નહોતો. તેઓ જુઠ્ઠાણું કે અર્ધસત્ય ચલાવતા નહોતા પરંતુ તેઓ પોતાની દિશા કે કર્મો વિશે સુસ્પષ્ટ હતા. તે માટે માર્ગમાં કોણ મળે છે અને કયા સંજોગો

આવે છે તેની તેઓને પરવા નહોતી. પુરુષની પુરુષ અને સ્ત્રી સાથેની મૈત્રીનું તેઓ ઉત્તમ ઉદાહરણ છે. દ્રૌપદી સાથેની નિર્મળ મૈત્રીને કારણે શ્રીકૃષ્ણે તેમને ચિર પૂરા પાડ્યા હતા. સુદામા સાથેની મૈત્રી પણ તેણે બરાબર નિભાવી હતી. ગાંધારીએ શ્રીકૃષ્ણને શ્રાપ આપ્યો હતો કે ૩૬ વર્ષ પછી તમારા સહિત આખાય કુળનો નાશ થશે ત્યારે વિચલિત થયા વિના શ્રીકૃષ્ણે તુરત ઉત્તર આપ્યો હતો કે હું જાણું છું. તેમના મનમાં ક્યારેય વૈચારિક દ્વંદ્વ કે મૂંઝવણ નહોતી.

(શ્રીમતી કાજલ ઓઝા–વૈદ્ય ગુજરાતી ભાષાના જાણીતા નવલકથાકાર છે. ચાર વર્ષમાં તેમની ૨૨ નવલકથા પ્રગટ થઈ છે.)

X X X

### પર્વાધિરાજ પર્યુષણ આપણી જાતને અને આધ્યાત્મિક ચેતનાને 'ચાર્જ' કરવા માટે

**'અસ્તિત્વનો ઉત્સવ'** વિશે વ્યાખ્યાન આપતા **ભાગ્યેશ જહાંએ** જણાવ્યું હતું કે પર્વાધિરાજ પર્યુષણ આપણી જાતને અને આધ્યાત્મિક ચેતનાને 'ચાર્જ' કરવા માટે છે. આ સંદેશ આપણે સ્વીકારવાનો છે. એ એચ-૧એન-૧ રૂપી દૂષણો સામે સમજદારીનો માસ્ક બાંધીને માત્ર શુદ્ધ હવા એટલે કે સારા વિચારો – ગુણો ગ્રહણ કરવા જોઈએ. બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે. તેના માટે ધર્મની મથામણ છે. સત્ય એક જ છે. પણ તે અલગ અલગ રીતે રજૂ થઈ શકે છે. પર્યુષણ પર્વના દિવસોમાં આપણે આપણા અસ્તિત્વ પર સ્ટેથોસ્કોપ મૂકીને તપાસવાનું છે અને એક્સરે કાઢવાનો છે. આપણે ઉત્ક્રાંતિ તરફ જઈ રહ્યા છીએ કે પછી અધોગતિ તરફ તે વિચારવાનું છે. તેના વડે જ આપણી પ્રત્યેક ક્રિયામાં સુગંધ પ્રગટશે. પર્યુષણ, શ્રાવણ માસ અને ચાતુર્માસમાં અંતરની યાત્રા કરવાની છે. શ્રાવણમાં શ્રવણની જેમ કાવડ ઉપાડવાના હોય છે. પણ હવે માતાપિતા વૃદ્ધાશ્રમમાં ગયા છે. આપણામાં ઉત્સવનો 'એટેક' આવવો ન જોઈએ. અર્થાત્ તેમાં બધું યંત્રવત્ થવું ન જોઈએ. ધાર્મિક ઉત્સવથી આપણું હૃદય તરબતર થવું જોઈએ. પર્યુષણના પર્વમાં ચૈતન્ય પરિપાટી, અષ્ટમતપ, ક્ષમાપના અને સાધર્મિક ભક્તિ જેવાં તપ કરવાના હોય છે. સાધના અને તપ વડે પોતાની ઓળખ પામવાની હોય છે.

(ડૉ. ભાગ્યેશ જહાં કવિ અને સાહિત્યકાર છે. તેઓ સનદી અધિકારી છે. હાલ તેઓ ગુજરાત સરકારમાં માહિતી આયુક્તનો હોદ્દો ધરાવે છે.)

X X X

### ભક્તિમાં ઉંડો ઉતરે તે પોતે તરે છે અને પછી બીજાને તારે છે

**'ભક્તિ કરે તે તરે'** એ વિષય ઉપર બોલતા ચિંતક **હરિભાઈ કોઠારીએ** જણાવ્યું હતું કે આપણે એવું જીવન જીવવું જોઈએ કે તીર્થંકરને આનંદ થાય, તે જ સાચી ભક્તિ છે. ભક્તિ એ વ્યક્તિની સાયકોલોજીકલ જરૂરિયાત છે. વ્યક્તિમાં ભક્તિ માતૃભક્તિ, પિતૃભક્તિ, ગુરુભક્તિ, ઈશ્વરભક્તિ કે રાષ્ટ્રભક્તિ સ્વરૂપે હોઈ શકે છે. ભગવાન બુદ્ધ સ્વયં ભગવાનમાં માનતા નહોતા પરંતુ તેમના અનુયાયીઓએ તેમને ભગવાન માનીને પૂજ્યા છે. આપણે મંદિરો કે દેરાસરોમાં ઈશ્વરની કે તીર્થંકરોની મૂર્તિના દર્શન કરીએ છીએ અને આનંદ થાય છે. તે પ્રકારે સત્સંગ સાંભળીને આપણે એવું જીવન જીવવું જોઈએ કે મંદિરમાં કે દેરાસરમાં આપણને જોઈને ઈશ્વર કે તીર્થંકરને આનંદ થાય. ઈશ્વર ભક્તિમાં તલ્લીન થઈને ઘણાં નાચે છે. આપણને જોઈને ઈશ્વર નાચે તે સાચી ભક્તિની પૂર્ણાહૂતિ છે. આપણે કેવું જીવન જીવવું જોઈએ તે માટે તીર્થંકરો અને આચાર્યો આદર્શ છે. વ્યાખ્યાન મનોરંજન નથી તે મનોમંથન કરવા પ્રેરે છે. જીવનમાં કે દાંપત્ય જીવનમાં મોહ ઘટે એટલે પ્રેમ વધે છે. પ્રેમ ઘસાતો નથી. પ્રેમ ઉંચે જાય તો તે ભક્તિ અને નીચે જાય તો તે વાસના છે. સ્ત્રી પાસે સમર્પણ ભાવ છે. લગ્ન પછી નામ-અટક બદલે છે. પ્રસૂતિ પીડા વેઠી નવજાત શિશુને જન્મ આપે છે. સ્ત્રી પાસે શક્તિ છે. તેને જગાડો. ભક્તિ વડે શક્તિ ઉપર નિયંત્રણ થઈ શકે છે. સત્તા, સંપત્તિ અને શક્તિ આવે એટલે વ્યક્તિ બેફામ બને છે પણ માત્ર ભક્તિ જ તારી શકે છે. પતિ-પત્ની વચ્ચેની પ્રેમભક્તિ વડે ગૃહસ્થાશ્રમને સાર્થક બનાવી શકાય છે. જે વ્યક્તિ બધા કામ ભક્તિપૂર્વક કરે છે તેને જીવવાની ઉતાવળ નથી અને મૃત્યુનો ડર પણ નથી. ભક્તિ અનુભૂતિની વાત છે નહીં કે વાણી અથવા પ્રદર્શનની. ભક્તિનો અર્થ મિશન અથવા નિષ્ઠા એવો કરી શકાય. ભક્તિ વિના જ્ઞાન નિરસ છે. જ્ઞાનયોગી અને કર્મયોગી બંને માટે ભક્તિ જરૂરી છે. ભક્તિવિહોણું કર્મ નિરસ છે. કર્મ માટે પુરુષાર્થ અને ભક્તિ માટે ભાવના આવશ્યક છે. જ્યાં ભાવ કે ભક્તિ ન હોય તો પારિવારિક કે અન્ય સંબંધો માત્ર સહવાસ જ હોય છે પણ તેમાં સહજીવન હોતું નથી. જે વ્યક્તિ ભક્તિમાં પોતાની અંદર ઊંડો ઉતરે તે તરે છે અને અન્યોને તારે છે. તીર્થંકર તીર્થયાત્રાએ જતાં નથી પણ જ્યાં જાય ત્યાં તીર્થ ઉભા થાય છે.

(હરિભાઈ કોઠારી અગ્રણી ચિંતક અને પ્રસિદ્ધ વક્તા છે.)

X X X

### આજની યુવા પેઢીમાં પારદર્શકતા, વર્તમાનમાં જીવવાની અને બીજાને સુખ આપવાની વૃત્તિ

તા. ૨૨–૮ ના **'ઈશ્વર–વિજ્ઞાન અને યુવાન'** એ વિષય ઉપર વ્યાખ્યાન આપતાં **જય વસાવડાએ** જણાવ્યુંહતું કે આજના યુવાવર્ગમાં પારદર્શકતા, વર્તમાનમાં જીવવાની વૃત્તિ અને બીજાને સુખ આપવાની વૃત્તિ છે. તેઓ ઈશ્વર સુધી પહોંચી શકે છે. યુવા પેઢી પારદર્શક હોવાથી દંભ કરતી નથી અને જેવા છે એવા દેખાય છે તેઓ જ સત્ય સુધી પહોંચી શકે છે. બીજું, આજની યુવાપેઢી ભૂતકાળમાં જીવતી નથી. તેને દસ વર્ષમાં શું થયું તેમાં રસ નથી.

તે માત્ર વર્તમાનમાં જીવે છે. વર્તમાનમાં જીવે તે વર્ધમાનને પ્રાપ્ત કરી શકે. ત્રીજું, યુવાપેઢી બીજાને સુખ આપવાની વૃત્તિ ધરાવે છે. તેથી તે સુખી થઈ શકશે. યુવાનો વ્યાખ્યાનમાં આવે ત્યારે વક્તા તેઓની ટીકા કરતાં કહે છે કે તમે આ કરતા નથી અને અમુક કામો કરો છો જે વ્યાખ્યાન સાંભળવા આવે તેનો કોઈ વાંક હોતો નથી. તેની ટીકા ન કરો કે મહેણાં ન મારો. વૈરાગ્યમાં સંસાર કે અન્ય વસ્તુઓનો ત્યાગ કરવામાં આવે છે જ્યારે વિતરાગમાં ભગવાન મહાવીરથી વસ્ત્રો છૂટી ગયા એવું કહેવાય. દરેક ધર્મમાં કર્મ ક્રિયા બદલાય છે. પણ પ્રેમ, દયા, ક્ષમા અને કરુણા વિગેરે બાબતો બદલાતી નથી. જૈન ધર્મમાં નિયમો છે પણ નિયમતા નથી. સારા કાર્યો કરો પણ તેનો ઘમંડ ન કરો. જૈન ધર્મમાં ચિંતન નહીં પણ દર્શન છે. આ દર્શન એટલે વિઝન. દર્શન માટે પ્રકાશની નહીં પણ તેજસ્વીતાની જરૂર હોય છે. વિજ્ઞાન અને ધર્મ એકમેકના ભાગીદાર છે અને એકમેકમાં એકતા વિકસાવે છે.

(જય વસાવડા પત્રકાર છે અને કેટલાંય સામયિકોમાં કોલમ લખે છે. તેઓ ગુજરાતમાં કૉલેજના પ્રાચાર્ય રહી ચૂક્યા છે.)

X X X

**સંતોષનું ફળ આદરે તેની ૯૯ ટકા સમસ્યા હલ થઈ જાય છે**

તા. ૨૩–૮ ના **'જૈન ધર્મ ઔર તપશ્ચર્યા'** વિશે **આચાર્ય પુષ્પદંત સાગરજી મહારાજે** જણાવ્યું હતું કે મન સીમા ઓળંગે નહીં તો જીવનમાં આકાંક્ષાઓનું તોફાન આવી ન શકે. આચાર્ય કુંદકુંદ કહે છે કે સંતોએ અધ્યયન અને પઠનની જરૂર નથી. સાધક માટે માત્ર અષ્ટમ પ્રવચનનું જ્ઞાન પૂરતું છે. પાંચ સમિતિ છે. પ્રથમ ઈરિયા સમિતિ એટલે કે વિવેક સહિત ચાલો. કોઈનું અપમાન ન કરો. મંદિરમાં પૂજા કરવા જાવ પણ કોઈનું ખરાબ કરવા ન જાવ. બીજી ભાષા સમિતિ એટલે કે હંમેશાં સમજી વિચારીને બોલો. તેનાથી વિવાદ ટળી શકશે. એષણા સમિતિ એટલે કે મનને પકડી રાખો. ભોજનમાંથી વાળ–કાંકરા કાઢવા સરળ છે પણ મનમાંથી રાગ-અનુરાગ કાઢવા મુશ્કેલ છે. ચોથું આદાન નિશ્લેષણ એટલે કે કોઈ ઘડિયાળ ભેટ આપે ત્યારે વિચાર કરો કે મારે આની જરૂર નથી પણ હું તેનો સંગ્રહ કરું છું. સ્વાધ્યાયનો મતલબ પહેલા સ્વ પછી અધ્યયન. ગ્રંથને હાથ લગાડો ત્યારે ગ્રંથી તૂટવી જોઈએ. પાંચમી પ્રતિષ્ઠાવાન સમિતિ એટલે આપણી કોઈપણ પ્રવૃત્તિથી અન્યોને અસુવિધા કે તકલીફ ન થાય તેનું ધ્યાન રાખો. મળવિસર્જન કરતી વેળાએ કીડા મંકોડા ન મરે અને તેની દુર્ગન્ધથી બીજાને તકલીફ ન થાય તેનું ધ્યાન રાખો. તપ સુધી પહોંચવા પૂર્વેના ચાર તબક્કા છે. પહેલા જ્ઞાન, પછી શ્રદ્ધા, ત્યારબાદ ચારિત્ર અને છેલ્લે તપ આવે. તપથી શુદ્ધ થવાય છે. જ્ઞાન, શ્રદ્ધા અને ચરિત્ર ઈન્દ્રિયોનો નિગ્રહ કરે પછી તપ આવે છે તપ આંતરિક હશે તો પતન નહીં થાય. વિશ્વાસ અને શ્રદ્ધા બે અલગ વસ્તુ છે. વિશ્વાસ બુદ્ધિમાંથી પેદા થાય છે જ્યારે શ્રદ્ધા અંતરમાંથી જન્મે છે. સંતોષ મોટું તપ છે. જીવનમાં સંતોષ આવી જાય તો આપણી જીંદગીની ૯૯ ટકા સમસ્યા હલ થઈ જાય છે. સંતોષનું તપ કરનારને કોઈની સાથે છળ, કપટ, દુશ્મની અથવા સંગ્રહની જરૂર નથી. તેનાથી ચાર કષાય દૂર થાય છે. સંસારી જીવો ઈચ્છાપૂર્તિ માટે તપ કરે છે જ્યારે સાધુઓ કર્મને ઘટાડવા તપ કરે છે.

(આચાર્ય પુષ્પદંત સાગરજી મહારાજ જૈન ધર્મના દિગમ્બર સંપ્રદાયના સાધુ ભગવંત છે.)

X X X

**ક્ષમાના પર્વના દિને તેમાં આભારનું તત્ત્વ પણ મેળવો**

**'ક્ષમા વીરસ્ય ભૂષણમ્'** એ વિશે **ગુણવંત શાહે** વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે ભગવાન મહાવીર, ગૌતમ બુદ્ધ, ઈશુ ખ્રિસ્ત અને મહાત્મા ગાંધીજી અજાતશત્રુ હતા તેનો અર્થ એવો નથી કે તેઓના કોઈ શત્રુ નહોતા. પરંતુ તેઓએ કોઈને શત્રુનો દરજ્જો આપ્યો નહોતો. કાયર કે નબળી વ્યક્તિ માફી આપે એ શક્ય નથી. હાથીને જ્યારે મચ્છર કરડે ત્યારે તે સામો કરડતો નથી પણ તેની ઉપેક્ષા કરે છે. ભરવાડે ભગવાન મહાવીરના કાનમાં શલાકા ઘોંચી ત્યારે તેમને જે તકલીફ થઈ તેની કલ્પના કરવા જેવી છે. તેમણે પીડાની નોંધ સુદ્ધાં ન લીધી અને ક્ષમા આપી છે. આ બાબતે આપણે ભગવાન મહાવીરનું અનુકરણ કરીએ ત્યારે આપણામાં પણ 'માઈક્રો મહાવીર'નું તત્ત્વ પેદા થાય છે. આપણે ક્ષમાના આ પર્વની સાથોસાથ તેમાં આભારના તત્ત્વનું પણ મિલન કરવાનું છે. ગાય, ભેંસ કે તેના જેવા દૂધાળા પ્રાણીઓની પોણા ભાગની જીંદગી આપણને દૂધ આપવામાં વ્યતિત થાય છે. આપણા દેશના ગામડામાં જે ડેરીની ઈમારતો છે તે વાસ્તવમાં માતૃમંદિર છે. ગાયનું દૂધ એ સાક્ષાત ધાવણ છે. ગાય કે ભેંસ દૂધ આપતા બંધ થાય એટલે તેને કતલખાને મોકલી દેવામાં આવે છે. તેની આપણને શરમ આવવી જોઈએ. જ્યારે કેટલાક પરિવારોમાં કૂતરા કે બિલાડાને એરકંડિશન્ડ રૂમમાં રાખવામાં આવે છે. આપણી માનવજાતિ 'એનિમલ રિપબ્લિક' એટલે કે પ્રાણીજાત માટે ઓસામા બિન લાદેન જેવી આતંકવાદી છે. વિખ્યાત પર્યાવરણવાદી રાજેન્દ્ર પચૌરી કહે છે કે 'ગ્લોબલ વાર્મિંગ'ના મુકાબલા માટે શાકાહાર જરૂરી છે. પશુઓને માર્યા પછી તેને ધોવામાં જે પાણી વપરાય છે તે એંશી કરોડ નાગરિકોની જરૂરિયાત સંતોષી શકે છે. કોઈને ક્ષમા આપીને તે ભૂલી જવું જોઈએ. આપણા મોઢામાં જે એક કોળિયો પહોંચે છે તેના માટે એક હજાર લોકોએ પરિશ્રમ ઉઠાવ્યો હોય છે.

(ગુણવંત શાહ નિવૃત્ત પ્રાધ્યાપક છે. અનેક અખબારો અને સામયિકોમાં કોલમ લખે છે. તેઓ તેજસ્વી વક્તા અને ચિંતક છે.)

# વ્યક્તિમાં રહેલા બીજભૂત વ્યક્તિત્વને પ્રગટ કરે તે જ સાચી કેળવણી

❑ ગુણવંત બરવાળિયા

પ્રતિભા બીજની માવજત કરનારા પરિબળોમાં શિક્ષણનું સ્થાન પ્રથમ હરોળમાં છે. શિક્ષણ જીવનના પ્રત્યેક ક્ષેત્રને સ્પર્શતો વિષય છે. શિક્ષણ અને સંસ્કાર એકબીજાના પર્યાય છે માટે જ બાળકના ગર્ભસંસ્કાર સાથે જ શિક્ષણની પ્રક્રિયા શરૂ થાય છે.

શ્રીરામ, મહાવીર, હનુમાન, અભિમન્યુ, શિવાજી જેવી વિશ્વની મહાન પ્રતિભાઓને ગર્ભમાં જ શિક્ષણ અને સંસ્કાર મળ્યા હતા.

પોતાના આચાર, વિચાર અને વિહાર દ્વારા માતા પોતાના બાળકને ગર્ભમાં શિક્ષણ સંસ્કાર આપે છે. બાળકના જન્મ પછી તેની શૈશવ અવસ્થામાં પણ મા બાળકને સતત શિક્ષણ આપતું પવિત્ર વિદ્યાલય છે.

બાળક થોડું મોટું થતાં મા પોતાના જ સ્તરની વ્યક્તિને બાળકને શિક્ષણ આપવા માટે શોધે છે અને આ માના સ્તરની વ્યક્તિ તે 'માસ્તર' છે.

બાળકના ભીતરના ખજાનાનો જાણતલ અને તેને શોધવા માટે પ્રેરનાર પ્રેરકબળ માસ્તર છે.

ભગવાન ઋષભદેવે ખેતી, ઓજારો, હથિયારો અને અગ્નિનો ઉપયોગ જેવી પાયાની કેળવણી આ માનવજાતિને આપી અને તેમની બે પુત્રીઓ બ્રાહ્મી અને સુંદરીએ લીપી અને ૬૪ કળાઓ શીખવી.

ભારત વર્ષની પ્રાચીન શિક્ષણ પદ્ધતિમાં ડોકિયું કરીશું તો જણાશે કે એ સમયમાં ઋષિકુળ, ગુરૂકુળ, તપોવન જેવા આશ્રમોમાં ઋષિઓ બાળકોને જીવન ઉપયોગી વિવિધ પ્રકારની વિદ્યાઓનું શિક્ષણ આપતા.

ક્રમે ક્રમે શિક્ષણની ક્ષિતિજનો વિસ્તાર થયો. વિદ્યાલયો અને મહાવિદ્યાલયો સ્થપાયાં. ભારતવર્ષમાં તક્ષશિલા અને નાલંદા જેવાં વિશ્વવિદ્યાલયો પણ બન્યાં.

અઢારમી સદીમાં વિશ્વમાં બાળ શિક્ષણના સ્પેન્સર, રૂસો, ફ્રોબેલ, પેસ્ટોલોજી જેવા ચિંતકો ઉદયમાં આવ્યા. ઓગણીસમી સદીમાં મોન્ટેસરી અને રવીન્દ્રનાથ ટાગોરે શિક્ષણના ચિંતનમાં પ્રાણ પૂર્યા. એ જ અરસામાં ગુજરાતમાં પૂ. ગાંધીજી, ગીજુભાઈ બધેકા, હરિભાઈ ત્રિવેદી અને મૂળશંકર ભટ્ટ જેવા શિક્ષણ ક્ષેત્રના ઉચ્ચ વિચારકો મળ્યા.

જર્મનીમાં ૧૯૩૭માં ફ્રોબેલે કિન્નર ગાર્ડન એટલે બાળકોનો બાગ એવો મુક્ત અને સ્વતંત્ર વાતાવરણમાં નાના ભૂલકાઓને અનૌપચારિક શિક્ષણનો વિચાર આપ્યો. પરંતુ શિક્ષણનું વ્યવસાયિકરણ કરનારાઓએ રમતા, નાચતા, કૂદતા નિર્દોષ બાળકોને કે.જી.ની કેદમાં પૂરી દીધા ને તે શૈશવનું વિસ્મય છીનવી લીધું.

૧૯૪૭માં ભારતવર્ષને અંગ્રેજો સ્વરાજના લોખંડી ચોકઠામાં ફીટ કરીને ચાલ્યા ગયા. ૧૮૩૫માં લોર્ડ મેકોલે ભારત માટે એક શિક્ષણ નીતિનું બીજ રોપ્યું હતું. પોણા બસ્સો વર્ષ પછી એ વિષવૃક્ષના કડવા ફળ આજે પણ આપણે આરોગીએ છીએ.

આઝાદી મળ્યાને બાંસઠ વર્ષ થયા. શિક્ષણ સુધારણા માટે ત્રણ શિક્ષણ પંચ અને પાંચ સમિતિઓ નિમવામાં આવી છતાં શાળા અને કૉલેજોના પ્રવેશ મેળવવા મોટી કેપીટેશન ફી, ટ્યુશન, પ્રાયવેટ ક્લાસીસ, પરીક્ષામાં ચોરી, પરીક્ષા પદ્ધતિના અનિષ્ટો વિગેરે ગેરરીતિઓમાંથી શિક્ષણ ક્ષેત્રને મુક્તિ મળી નથી.

૧૯૯૯માં 'ભાર વિનાનું ભણતર' નામક યશપાલ કમિટિનો રીપોર્ટ આવ્યો. ૧૨ વર્ષ થયા છતાં કોઈ નક્કર પરિણામ આવ્યું નથી. બાળકોની સ્કૂલબેગનો ભાર વધતો જાય છે ને સાથે વાલીઓ પર ફી નો ભાર વધતો જાય છે.

કવિ મુકેશ જોષી કહે છે કે-

*'બાલ શિક્ષણના પ્રથમ શ્વાસે જ લ્યો હાંફી જતા*
*હાથ બદલાવ્યા છતાંય માંડ દફ્તર ઊંચકે*
*મમ્મી જેવી મમ્મીના પણ હાથ બે થાકી જતાં.'*

વળી કૃષ્ણ દવે તો ભગવાન શ્રીકૃષ્ણને કહે છે કે-

*'ગોવર્ધન નહિ લે, આ બાળકનું દફ્તર ઉંચકાશે?*
*અરે! એક જ પળમાં મોરપીંછના રંગો ઉતરી જશે.'*

નિશાળ વિશાળ અને રળિયામણી બને, શાળા 'ઘરશાળા' બને એટલે બાળકને શાળામાં પણ ઘર જેવું વાતાવરણ ને હૂંફ મળે તો બાળકને શાળામાં આવવા ઝંખના થશે. નિશાળે જવા થનગનાટથી પગ ઉપડશે. પરંતુ અહીં તો શિક્ષણ ચિંતક વિલીમય બ્રેકર કહે છે તેમ બાળકો શાળામાં આવે છે પોતાની જાતને કેળવણી આપવા નહિ પોતે જાણે લાકડાના પાટીયા હોય તેમ આવીને એ શિક્ષણ પાસે પડતું મૂકે છે અને કહે છે કે લો હવે આમાંથી ફર્નિચર બનાવો.' આવા નિર્જીવ પાટીયા જોઈએ ત્યારે કરસનદાસ માણેકની કાવ્ય પંક્તિઓ જરૂર યાદ આવે.

*ખીલું ખીલું કરતાં માસૂમ ગૂલસમ શિક્ષકને સોંપાણા,*
*કારાગાર સમી શાળાના કાઠ ઉપર ખડકાણાં*
*વસંત, વર્ષા, ગ્રીષ્મ-શરદના ભેદ બધાય ભૂલાણાં,*
*જીવન મોહ તણાં લઘુતમમાં પ્રગતિપદ છેદાણા.*
*હર્ષ ઝરણ લાખો હૈયાના ઝબક્યા ત્યાંજ જલાણા*
*લાખ ગુલાબી સ્મિત ભાવિના વણવિકસ્યા જ સૂકાણા*
*તે દિન આંસુ ભીના રે, હરિના લોચનીયા મેં દીઠા.*

કેળવણીને આપણે સાચા અર્થમાં સમજવી પડશે. કાકા કાલેલકરે કેળવણીને સ્વતંત્ર રાજરાણી સાથે સરખાવી છે. એ સત્તાની દાસી કે કાયદાની કિંકરી નથી. સર્વથા પ્રકારના બંધનોથી

મૂક્તિ અપાવે અને જીવન વધારે ઉન્નત અને બળવાન બનાવે તે જ સાચી કેળવણી છે. બહારથી અને અંદરથી વ્યક્તિ આખે ને આખી બદલાઈ જાય. કેળવણી એ રૂપાંતરની પ્રક્રિયા છે. મુક્તિ અપાવે તે જ સાચી વિદ્યા છે. સાચી કેળવણી તો બાળકોની અંદર રહેલું હીર પ્રગટાવવામાં રહેલી છે. કેળવણીનું ખરું કામ વ્યક્તિમાં રહેલા બીજભૂત વ્યક્તિત્વને પ્રગટ કરવાનું છે.

આર્ષ દર્શન, મુક્તિ, અંતઃપ્રેરણા, નિત્ય નવું સર્જન અને સાહસ – આચાર્ય વિનોબાજી આ પાંચ તત્ત્વોના પવિત્ર રસાયણ–પંચશીલ દ્વારા ભણતર, ગણતર અને ઘડતરની કેળવણી બનાવવાની વાત કરે છે. વ્યક્તિને કેળવે તે જ ખરી કેળવણી કહેવાય.

શિક્ષણ કે કેળવણીની સામાન્ય સમજ આપણામાં એવી હોય છે કે 'મારા બાળકને માટે એવું શિક્ષણ આપવું છે કે તેને મોટી અને ઊંચી ડીગ્રી મળે અને એ ડીગ્રી પણ એવી હોય છે કે તેને સમાજમાં માન મોભો તો મળે, ખૂબ જ શ્રીમંત કુટુંબની રૂપાળી કન્યા મળે કે ખૂબ જ શ્રીમંત કુટુંબનો મુરતીયો મળી જાય. ખૂબ જ સારી ઊંચા પગારવાળી નોકરી મળે અથવા તે ડીગ્રી દ્વારા પોતાનો વ્યવસાય કરી ખૂબ ઊંચી કમાણી કરી શકે. શિક્ષણ કે કેળવણી પાસે આપણી આ જ અપેક્ષા છે.

શિક્ષણ, વિદ્યા કે કેળવણી માત્ર પૈસા કમાવવાનું સાધન નથી. શિક્ષણ જીવનલક્ષી હોય તો જ જીવન ઉન્નત બને. શિક્ષણ અને સંસ્કાર એક સિક્કાની બે બાજુ છે તે ભૂલવું ન જોઈએ. કેળવણીનું અંતિમ ધ્યેય તો જ્ઞાનમાંથી શાણપણ સુધી લઈ જવાનું છે. જે શિક્ષણમાં નીતિ અને ધર્મના સંસ્કાર અભિપ્રેત હોય તે કેળવણી જ કલ્યાણકારી બની શકે.

કોઈ એક વ્યક્તિ વિજ્ઞાનક્ષેત્રની ઊંચી કેળવણી પ્રાપ્ત કરી વિનાશકારી બોમ્બ બનાવાવની શોધ કરે અને એ શોધ વેચી કરોડો રૂપિયા રળે અને લાખ્ખો માનવ સંહારનો નિમિત્ત બને.

કરોડ રૂપિયા દ્વારા એ ગાડી–બંગલો અને સંપત્તિની હારમાળા ઊભી કરી દે. પોતે મેળવેલ શિક્ષણ કે વિદ્યાના ઉપયોગ (દુરૂપયોગ) દ્વારા એ ભવ્ય જીવનશૈલી પામે અને પોતે એને વિદ્યાની ભવ્યતા પણ કહેશે. બીજી વ્યક્તિ તબીબી વિજ્ઞાનમાં શોધ કરી બીજાના જીવન બચાવવાનું કાર્ય કરે છે. ગરીબ દર્દીની ફી લીધા વગર દવા પણ કરે છે. ઓછા પૈસા કમાવાથી સાદી જીવનશૈલી છે, આપણે આને વિદ્યાની દિવ્યતા કહીશું.

સંસ્કાર કે વિવેકબુદ્ધિ વિહીન શિક્ષણ, વિદ્યા કે કેળવણી ન બની શકે. લુખ્ખુ શિક્ષણ વિવેકહીન ભવ્યતાનું પ્રદર્શન કરી શકે પરંતુ સંસ્કાર અને વિવેકસહ પ્રાપ્ત કરેલ શિક્ષણ પવિત્ર વિદ્યા કે કેળવણી બની દિવ્યતાનું દર્શન કરાવી શકે. દિવ્યતાનું દર્શન કરાવનાર વિદ્યાર્થી પર શ્રુત દેવતા કે મા સરસ્વતીના આશિર્વાદ જ હોય.

શિક્ષણની સમગ્ર પ્રક્રિયામાં શિક્ષણવિદ્દો, વિદ્વાનો, સારસ્વતો અને શિક્ષકોનું પવિત્ર અને અગ્રસ્થાન છે.

શિક્ષણવિદ્દો, શિક્ષણચિંતકો એ શિક્ષણનું આદર્શ માળખું બનાવવામાં મદદરૂપ થાય અને એ રૂપરેખાને ચરિતાર્થ કરવા શિક્ષકો એને પુરુષાર્થ દ્વારા સફળ પરિણામ આપવા તત્પર બનશે.

શિક્ષકો અને શિક્ષણશાસ્ત્રીઓ માટે ૧૯૩૭માં હરિજન બંધુમાં પ્રગટ થયેલા ગાંધીજીના વિચારો પથદર્શક બની રહે તેવા છે.

'સાચી કેળવણી તો બાળકો અને બાળાઓની અંદર રહેલું હીર પ્રગટાવવામાં રહેલી છે. આ વસ્તુ વિદ્યાર્થીઓના મગજમાં નકામી હકીકતોનો ખીચડો ભરવાથી કદી ન સાધી શકાય. એવી હકીકતો વિદ્યાર્થીઓ પર બોજા રૂપ થઈ પડે છે એ તેમની સ્વતંત્ર વિચાર-શક્તિને હણી નાંખે છે અને વિદ્યાર્થીને કેવળ યંત્રરૂપ બનાવી દે છે.

ગાંધીજીએ પ્રરૂપેલી નવી તાલીમના આદર્શ અને ઉત્તમ તત્ત્વો આજની શિક્ષણ પ્રણાલીમાં ઉમેરવા જેવા છે.

સોક્રેટીસે શિક્ષકને દાયણ સાથે સરખાવ્યો છે. શિક્ષક જ્ઞાન દેનારો નથી પરંતુ ખૂબ જ સીફ્તથી માવજતથી જ્ઞાનને બહાર લાવનાર છે.

બાળક અખૂટ ખજાનો ભરેલ એક બીજ રૂપ છે અને શિક્ષક માળીની ભૂમિકામાં છે જે બાળકની અંદર રહેલી શક્તિઓને બહાર લાવવા માટેનું સાનુકૂળ વાતાવરણ પૂરું પાડે છે. કોઈ બીજને વૃક્ષ બનાવવા માટે તેની અંદર રહેલા અંકૂરને બળજબરીથી બહાર ખેંચી કાઢવામાં આવે તો તે વૃક્ષ ન બની શકે. પરંતુ કુશળ માળી તેને ખાતર અને પાણીનું યોગ્ય સિંચન કરશે, તો યોગ્ય સમયે તે અંકુરમાંથી છોડ વિકસશે. સફળ ઉદ્યોગપતિ શ્રી અઝીમ પ્રેમજી કહે છે : આજના વિદ્યાલયો અને શિક્ષકો બાળકને માટી જેવું માને છે. તેને કોઈ પણ બીબામાં ઢાળી શકાય તેમ હોય છે.

અહીં વાલીઓ અને શિક્ષકો કુંભારની ભૂમિકા ભજવી બાળકને કેવો ઘાટ આપવો તેનો નિર્ણય કરે છે. એક ચીની કહેવત છે કુંભારને તમે એક બીજ આપશો તો તેનું બોન્સાઈ બનાવી દેશે. બોન્સાઈ એટલે એક પ્રકારનું કુંઠિત વૃક્ષ જેને માણસની મરજી મુજબ કૃત્રિમ ઘાટ આપવામાં આવ્યો છે. આ વૃક્ષ ક્યારેય આકાશની અખિલાઈને માપી શકતું નથી. તેનું અસ્તિત્વ કુંડામાં જ મર્યાદિત રહે છે. તેના મૂળને જમીનમાં ફેલાઈ જવાની તક મળતી નથી આજની શિક્ષણ સંસ્થાઓ બાળકની શક્તિઓને આ રીતે કુંઠિત બનાવી દે છે.

શિક્ષક, મિત્ર, ગુરુ કે માર્ગદર્શકની ભૂમિકાને બદલે જો તે સ્વાર્થી, લાલચુ અને નિર્દય બની સરમુખત્યારની ભૂમિકા ભજવે ત્યારે આખો સમાજ તેનાથી નારાજ થઈ જાય છે.

વર્તમાન પત્રોમાં આવા કિસ્સાઓ છાશ વારે પ્રગટ થાય છે. પાટણની કૉલેજના અધ્યાપકોએ વિદ્યાર્થિનીઓનું જાતિય શોષણ કર્યું.

એક વિદ્યાર્થીને શિક્ષકે પ્રશ્ન પૂછ્યો, જવાબ ન મળ્યો. શિક્ષકે એટલા જોરથી તમાચો માર્યો કે કાનના પડદા ફાટી ગયા.

દિલ્હીની એક શાળાના શિક્ષકે સાત વર્ષની એક બાળાને હોમવર્ક

કરીને ન લાવવાની સજા રૂપે નિર્વસ્ત્ર કરી પાટલી પર ઊભી રાખવાનો દંડ ફટકાર્યો. શિક્ષકને જેલની સજા મળી.

ઉદેપુરમાં પરીક્ષાખંડમાં એક વિદ્યાર્થિનીએ ડેસ્ક બહાર પગ લાંબા કર્યા. શિક્ષિકાએ સજા કરી તે બાળાનું જીવન ગયું. સમાજની નજરોમાં શાપિત શિક્ષિકા કારાગારમાં કેદ થઈ.

અમેરિકાની એક શાળાના વિદ્યાર્થીને શિક્ષક સાથે ઝગડો થતાં પોતાની રીવોલ્વરમાંથી શિક્ષકને ગોળી મારી.

આ કોઈ ગુનેગાર કે પોલીસની વાતો નથી. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેની ઘટનાઓ છે. આવી જે ઘટનાઓ ઘટે છે તે માત્ર દુર્ઘટના જ નથી બનતી. ભીષણ કરુણાંતિકાઓ બનતી જાય છે.

સહશિક્ષણમાં કેટલીય યુવતીઓ સ્વેચ્છાએ જાતિય સહચર્ય માણે છે તો કેટલીય બળાત્કારનો ભોગ બને છે. આ સમસ્યા શાળામાં સેક્સ એજ્યુકેશન આપવાથી નહિ ઉકલે પરંતુ ઘર અને શાળા જીવનના પાયામાંથી મળતા નીતિ, સદાચાર, સમૂહજીવન, ધર્મ અને વિવેકયુક્ત સંસ્કાર જ આ દુષણને ડામી શકે.

૧૯૪૯માં ડૉ. રાધાકૃષ્ણનની આગેવાની હેઠળના પંચે પોતાના અહેવાલમાં પરીક્ષા પદ્ધતિની સુધારણા પર ભાર મૂક્યો. ૧૯૬૬માં ડૉ. ડી. એસ. કોઠારીના અધ્યક્ષસ્થાને રચાયેલ કમિશને કહ્યું કે 'વિદ્યાર્થીઓના જ્ઞાનનો ક્યાસ તેમના માર્ક્સ ઉપરથી આવી શકે નહિ.' વધુ માર્ક્સ મેળવવાની રેસમાં વાલીઓ અને શિક્ષકો સ્કૂલોમાં ભણતા ભૂલકાને શિક્ષણના બોજા હેઠળ કચડી રહ્યાં છે. આપણી પરીક્ષા પદ્ધતિની સૌથી મોટી ખામી એ કે વિદ્યાર્થી અહીં પરીક્ષાર્થીની ભૂમિકામાં હોય છે અને શિક્ષક ન્યાયાધીશની ભૂમિકામાં હોય છે. હકીકતમાં શિક્ષણ એક એવી પ્રક્રિયા છે કે જેમાં બન્નેની બરાબરની ભાગીદારી હોય છે. પરીક્ષા પદ્ધતિનો ઉપયોગ વિદ્યાર્થીને પાસ કે નાપાસનો સ્ટેમ્પ મારવા માટે જ થઈ રહ્યો છે. આજની પરીક્ષાનો હેતુ હવે પાસ થવા પૂરતો જ મર્યાદિત નથી રહ્યો. તે વધુ માર્ક્સ મેળવવાની રેસ બની ગઈ છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (બીસીએસઈ)માં દર વર્ષે છ લાખ વિદ્યાર્થીઓ બેસે છે. તેમાંથી નપાસ થયેલા વિદ્યાર્થીઓ પૈકી કેટલાક ડીપ્રેશન અને માનસિક બિમારીઓનો ભોગ બને છે અને ૪૦૦૦ વિદ્યાર્થીઓ દર વર્ષે આપઘાત કરે છે. એટલું જ નહિ ૯૨ ટકા માર્ક્સ મળવાથી જ સારી કૉલેજમાં એડમિશન મળશે, એવી ગ્રંથિથી ૯૦ ટકા મેળવનાર વિદ્યાર્થી હતાશામાં જીવનનો અંત આણે છે. જો આપણે વિદ્યાર્થીને સ્ટ્રેસ, હતાશા અને તાણના સકંજામાંથી છોડાવવો હોય તો પરીક્ષા પદ્ધતિનો હેતુ વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવાનો છે એ વળગણમાંથી બહાર આવવું જોઈએ. દસમા ધોરણની પરીક્ષા તો વિદ્યાર્થીઓ પર માત્ર બોજો બની રહેલ છે.

વિદ્યાલયો અને કૉલેજ કે યુનિવર્સિટીની હૉસ્ટેલોમાં અને છાત્રાલયોમાં રેગિંગની ઘટનાઓ પણ એક ભયંકર દુષણ છે. રેગિંગનો ભોગ બનનાર વિદ્યાર્થીઓ કે વિદ્યાર્થિનીઓ તાણ હતાશા કે ડિપ્રેશનનો ભોગ બને છે. જીવનથી વિમુખ થવાના પણ કેટલાક કિસ્સાઓ બન્યા છે. સંસ્થાના સંચાલકોએ કડક હાથે કામ લઈ આ શરમજનક વિકૃતિને ડામી દેવી જોઈએ. તાજેતરમાં કેન્દ્ર સરકારના માનવ સંસાધન સચિવાલયે રેગિંગ અટકાવવા એક હેલ્પલાઈન શરૂ કરી છે. કોઈ પણ શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થી કે વિદ્યાર્થિની રેગિંગ અંગેની ફરિયાદ ૧૮૦૦-૧૮૦-૫૫૨૨ ટોલ ફ્રી નંબર પર નોંધાવી શકશે. Helpline@antiragging.net પર તંત્ર કે પોલીસની મદદ માટે ઈ મેઈલ કરી શકશે.

શિક્ષણ કઈ ભાષામાં આપવું તેના વિવાદમાં આપણે દાયકાઓથી ફસાયેલા છીએ. અંગ્રજી માધ્યમનો પાયો નાંખનાર મેકોલને તો અંગ્રેજો માટે બાબુઓ પેદા કરવામાં રસ હતો. શિક્ષણ ચિંતકોએ માતૃભાષાને આંખ અને અંગ્રેજી ભાષાને ચશ્મા સાથે સરખાવી છે. માતૃભાષામાં માના ધાવણ જેવું બળ અને પવિત્રતા છે. માતૃભાષામાં બાળકે ગોખણપટ્ટી નહીં કરવી પડે તે સહજ રીતે ભણી શકશે.

ઉત્તમ અંગ્રેજીનું શિક્ષણ જરૂરી છે. અંગ્રેજી શીખવા સામે વિરોધ ન હોઈ શકે. ભારત વર્ષમાં અંગ્રેજી સાથે અંગ્રેજીયત આવે તેની સામે વિરોધ હોવો જ જોઈએ. દરેક રાજ્યનો વહિવટ જે તે પ્રદેશની પ્રાંતીય ભાષામાં ચાલે સાથે પ્રાંત અને દેશનો વહિવટ રાષ્ટ્રભાષા હિંદીમાં ચાલે તે વાત વ્યવહારુ છે. વિશ્વના ૧૮૦ રાષ્ટ્રોમાંથી માત્ર ૧૨ રાષ્ટ્રોમાં અંગ્રેજીનો વ્યવહાર ચાલે છે. ફ્રાન્સ, જર્મની, રશિયા, ચીન, ઈઝરાયલ અને જાપાન જેવા દેશો પોતાની રાષ્ટ્રભાષામાં જ વ્યવહાર કરે છે. તો ય વિજ્ઞાન ટેકનોલોજીના ક્ષેત્રે એ રાષ્ટ્રો આગલી હરોળમાં છે.

સમાજે બાળકોમાં રહેલી લર્નિંગ ડીસએબીલીટી, સ્લો લર્નર (ડીસ લેક્ષિયા) અને હાઈપર એક્ટીવિટી, (બીહેવીયર ડીસઓર્ડર) અતિશય ચંચળતા પ્રત્યે દુર્લક્ષ સેવ્યું છે. સરકારે પ્રાથમિક કક્ષામાં જ આ માટે શાળાઓમાં સ્ક્રીનીંગ કેમ્પ યોજી (નિદાન શિબિર) આવા બાળકોને દરેક જિલ્લાઓમાં શિક્ષણની સગવડ કરી આપવી જોઈએ.

શિક્ષણ સંસ્થાઓનું વ્યવસાયિકરણ અને વૈશ્વિકરણ માટે સરકારે વિવેકયુક્ત નીતિ ઘડવી પડશે જેથી ગ્લોબલાઈઝેશનનો શિક્ષણ ક્ષેત્રમાં લાભ મળે અને અનિષ્ઠોથી દૂર રહેવાય.

શિક્ષણ ચિંતક મોતીભાઈ પટેલ કહે છે કે 'આજનો શિક્ષક ગુરુ બનવાની અને વિદ્યાર્થી શિષ્ય બનવાની હેસિયત જ ખોઈ બેઠો છે. પહેલા ગુરુને મન અધ્યાપન એ આનંદ હતો. આજે તો એ વ્યવસાય બની ગયો છે. શિક્ષણ સંસ્થાઓ માનવ ઉછેરના ઉપવન બનવાને બદલે કારખાના બની ગયા છે.

શિક્ષણમાં અનામત પ્રથાના રાજકારણના કડવા ફળ આપણે આરોગી રહ્યા છીએ. ઉચ્ચ વહિવટી ક્ષેત્રમાં ભ્રષ્ટ અને અનૈતિક અમલદારો આપણને કોણે આપ્યા? આ એક ચિંતા અને ચિંતનનો

વિષય છે.

વિદ્યાર્થીઓ અને વાલીઓએ હવે શિક્ષણને સમાજમાં આર્થિક સીડી ચઢવાના સાધન તરીકે નહિ પણ વ્યક્તિત્વ વિકાસના માધ્યમ તરીકે સ્વીકારવું પડશે.

શિક્ષણ એ માનવ હક્ક છે માટે દરેક બાળકને શિક્ષણ મળે એ જોવાની સરકાર અને રાષ્ટ્રના દરેક નાગરિકની ફરજ છે.

આ દેશમાં શિક્ષણ અંગે જાગૃતિ લાવવાનું અને શિક્ષકોને સંસ્કારવાનું કામ કથાકારો, લોકશિક્ષકો અને સંતો સુપેરે કરી શકે તેમ છે. પૂ. મોરારી બાપુએ પોતાના ગામમાં શિક્ષક સત્ર યોજી પાંચસો શિક્ષકોને પુસ્તકો અને કેસેટો અર્પણ કરી હતી. એ કાર્ય વિદ્યા જગતની અપૂર્વ ઘટના ગણાય.

જે વિદ્યાગુરુ પાસેથી આપણે વિદ્યા ગ્રહણ કરી પરિવાર અને સમાજમાં સ્થિર થયા પછી આપણે ક્યારેય તેને યાદ કરીએ છીએ?

સૌરાષ્ટ્રના એક ગામડામાંથી ભણી અને અમે બધા ભાઈ-બહેનો મુંબઈ આવ્યા. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વતનમાં લઈ અહીં ડૉક્ટર, સી.એ., એન્જિનિયર, એમ.બી.એ. થઈ પોતપોતાના વ્યવસાય ઉદ્યોગમાં સેટલ થયા. થોડા વર્ષો પહેલાં અમને વિચાર આવ્યો કે આપણે જેની પાસે ભણ્યા એ શિક્ષક-શિક્ષિકાઓને ગામ જઈ મળીએ. કેટલાક રિટાયર્ડ થયેલા, કેટલાક બીજે ગામ ગયેલા પરંતુ ગામની શિક્ષણ સંસ્થાઓના સહયોગથી જિલ્લાના કુલ્લે ૪૭ શિક્ષક-શિક્ષકિઓ અગાઉથી આપેલ આમંત્રણ પ્રમાણે અમારે ત્યાં પરિવાર સાથે પધાર્યા. દેશ-વિદેશમા વસતા અમારા પરિવારના સભ્યોએ એક દિવસ એ વિદ્યાગુરુવર્યો સાથે ગાળ્યો. 'ગુરુ વંદના' કાર્યક્રમ હેઠળ સમારંભમાં તેઓ જ્યાં બેઠા હતા ત્યાં જઈ અમે કુમકુમ અક્ષતથી તિલક કરી, મા સરસ્વતીની ચાંદીની મુદ્રા પ્રતીક રૂપે અર્પણ કરી, મીઠાઈ અને ઋણ સ્વીકાર સન્માન પત્ર સાથે વંદન કરી સન્માન કર્યું. આજે વર્ષો પહેલાંનો એ દિવસ મારા માટે અવિસ્મરણીય આનંદ પર્વ સમાન છે.

બાળકોના જીવનમાં શ્રમ, સ્વાવલંબન, સમૂહ જીવનના ખ્યાલો અને પ્રકૃતિનું સાન્નિધ્ય મળે તેવી શિક્ષણ સંસ્થાઓના વિકાસની જરૂર છે.

નાલંદા, તક્ષશિલા, વિક્રમ શિલા અને ગુજરાતના વલ્લભીપુરની સંસ્થાના અવશેષો આજના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ઈતિહાસ સાથે બતાવવા જેવા છે.

શાંતિ નિકેતન, શારદા ગ્રામ, લોક ભારતી, ઋષિકુળ, નવસારીનું તપોવન, સંસ્કારતીર્થ, આટકોટનું રૂડા ભગતનું વિદ્યા સંકુલ, અંકલેશ્વરનું ગુરુ વિદ્યાલય, સુરેન્દ્રનગરનું સરદાર પટેલ શિક્ષણ સંકુલ અને સુરતના ગજેરા વિદ્યા સંકૂલની શિક્ષણ જગતના જિજ્ઞાસુઓએ મૂલાકાત લેવી જોઈએ.

રાષ્ટ્રપિતા ગાંધીજી, જેના જન્મદિવસને આપણે શિક્ષક દિન રૂપે ઉજવીએ છીએ તે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન, મહિલા શિક્ષણના પ્રણેતા ધોંડો કેશવ કર્વે, રવીન્દ્રનાથ ટાગોર, મનુભાઈ પંચોળી, જુગતરામ દવે, ગીજુભાઈ, નાનાભાઈ ભટ્ટ, નવલભાઈ શાહથી લઈને સૌરાષ્ટ્રના છેવાડાના ગામ અમરેલીના વિદ્યાગુરુ ઋષિતુલ્ય નવલકાંત જોષી જેવા નામી અનામી અનેક શિક્ષકો અને શિક્ષણ જગતના મહાનુભાવો કે જેણે શિક્ષણના પવિત્ર ગંગાજળને દુષિત થતું અટકાવવાનો સમ્યક્ પુરુષાર્થ કર્યો છે, જેના કારણે વિદ્યારૂપી દીપકની જ્યોત પ્રજ્જવલિત છે અને એ વિદ્યા દીપકમાંથી લાખો દીવા પ્રગટી રહેલ છે એવા પુણ્ય શ્લોક પુરુષોની આપણે અભિવંદના કરીએ.

✷✷✷

૬૦૧, સ્મિત, ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૭૭.
ફોન : (૦૨૨) ૨૫૦૧૦૬૫૮. મોબાઈલ : ૯૮૨૦૨૧૫૫૪૨.

# જયભિખ્ખુ જીવનધારા : ૧૪

☐ ડૉ. કુમારપાળ દેસાઈ

*[ગુજરાતી સાહિત્યમાં નવલકથા, નવલિકા, ચરિત્ર, બાળસાહિત્ય જેવાં સાહિત્ય-સ્વરૂપોમાં ખેડાણ કરનાર સર્જક 'જયભિખ્ખુ'ની જીવનકથા હવે એમના સર્જનકાળના પરોઢ તરફ આગળ ચાલે છે. સર્જકની સર્જકતાનો થતો ક્રમબદ્ધ વિકાસ એ સહુ કોઈની જિજ્ઞાસાનો વિષય હોય છે. 'જયભિખ્ખુ'ના બાળપણની મધુર સ્મૃતિઓ જોયા પછી હવે જોઇએ એમના હૃદયમાં પડેલાં સર્જકબીજની વાત એમની જીવનકથાના આ ચૌદમા પ્રકરણમાં.]*

## નારીને રોવા વિના, કર્મમાં કંઈ છે નહીં!

વ્યક્તિના ચિત્તમાં રહેલી સર્જકતા કોળે છે કોઈ ઘટનાથી. કોઈ પ્રસંગ એવો સ્પર્શી જાય કે આખું અંતર ડામાડોળ થાય અને એમાંથી સર્જક-ચેતના જાગ્રત થાય છે.

આજથી ૯૦ વર્ષ પહેલાં ઉત્તર ગુજરાતના વરસોડા ગામમાં બનેલી એક ઘટનાએ નિશાળિયા જયભિખ્ખુના જીવનમાં પારાવાર મંથન જગાવ્યું.

અત્યાર સુધી શાળા, શિક્ષકો, મિત્રો અને પ્રકૃતિની આસપાસ ધબકતી એમની ચિત્ર-સૃષ્ટિમાં એક ઘટનાએ એવો પ્રલય સર્જ્યો કે જાણે બાળપણનું સમગ્ર મુગ્ધવિશ્વ એના પ્રવાહમાં તણાઈ ગયું અને જીવનનું એક નવું જ પરિમાણ ઊપસી આવ્યું. પોતીકાઓની

સૃષ્ટિમાં એક પરાયી વ્યક્તિનો પ્રવેશ થયો અને એ પ્રવેશે વિદ્યાર્થી ભીખાલાલ ('જયભિખ્ખુ'નું હુલામણું નામ)ના જીવનમાં પરિવર્તન આણ્યું. સ્વરચિત આત્મજગતમાં જીવતા આ વિદ્યાર્થીને પારકાની વ્યથાનો પ્રથમ અનુભવ થયો.

આને પરિણામે ૯૦ વર્ષ પૂર્વેની નારીની અસહાય સ્થિતિ જોનારા વિદ્યાર્થી ભીખાલાલ સર્જક જયભિખ્ખુ બન્યા પછી હંમેશાં નારીગૌરવનો પુરસ્કાર કરતા રહ્યા. એમણે 'દાસી જનમ જનમની, 'સાથી જનમ જનમના' જેવી નવલકથા, 'પારકા ઘરની લક્ષ્મી', 'કંચન અને કામિની', 'અંગના', 'કાજલ અને અરીસો', 'કન્યાદાન', 'કર લે સિંગાર' જેવા નારીજીવનવિષયક વાર્તાસંગ્રહો આપ્યાં. પન્નાદાઈ જેવી મધ્યયુગની અને કૅપ્ટન લક્ષ્મી જેવી અર્વાચીન યુગની સ્ત્રીઓના ચરિત્રો આલેખ્યાં, પરંતુ આ બધાંનો પ્રથમ સ્પર્શ વિદ્યાર્થી અવસ્થામાં અનુભવ્યો.

બન્યું એવું કે એક વાર શિયાળાની ધુમ્મસભરી રાત્રે એક બાળવિધવા ગામના યુવાન સાથે વરસોડા ગામના સ્ટેશન પર ઊતરી. ફક્ત બે ઘાસલેટના દીવાવાળા ભૂખડીબારસ જેવા સ્ટેશન પર ઊતરનારા ગણ્યાગાંઠ્યા ઉતારુઓ જ હોય. આમેય આવી હિમભરી રાત્રે કોણ મુસાફરી કરવાનો વિચાર કરે? મોડી રાત્રે ગાડી આવતી, ત્યારે સ્ટેશન પર સામાન્ય રીતે એકાદ ગાડાવાળો આવતો હતો. નસીબમાં ઉતારુ હોય તો ભાડું મળતું હતું. પરંતુ એ દિવસે આ શિયાળાની કડકડતી ટાઢને કારણે ગાડાવાળો પણ આવ્યો નહોતો.

ગાડીમાંથી ઊતરેલી શહેરની સુકોમળ નારી ખાડા-ટેકરા અને ધૂળ-ઢેફાંવાળા માર્ગ પર ચાલવા ટેવાયેલી નહોતી, પરંતુ કરેય શું? અંધારી રાત નિર્જન સ્ટેશન પર વિતાવવી મુશ્કેલ હતી. એમાં પણ સ્ટેશનના બુઢ્ઢા માસ્તરે રેલવેફાનસના અજવાળે આ રૂપવાન યુવતીને જોતાં જ એની આંખો ચમકી હતી, આથી એમને માટે બે ગાઉ ચાલીને ગામમાં પહોંચવા સિવાય બીજો કોઈ રસ્તો નહોતો. આ શહેરી યુવતી અને ગામડાના યુવાને ઝડપભેર ચાલીને રસ્તો પસાર કરવાનું નક્કી કર્યું. એણે કમરનો પાલવ જરા કસીને બાંધ્યો. પગના ઝાંઝર કાઢી લીધાં અને પછી ચાલવા માંડી. રસ્તામાં પથરા, ખાડા અને કાંટા હતા. સ્વચ્છ પાકા રસ્તા પર ચાલવા ટેવાયેલી એના પગની કોમળ પાનીઓ છોલાવા લાગી. ઝડપભેર ચાલતાં એના મખમલી ચંપલના બંધ તૂટી ગયા. અંધારી રાત્રે ઉઘાડા પગે એ અને એની સાથે આવેલો ગામનો યુવાન ઊંચા શ્વાસે પંથ કાપતાં હતાં. ઝડપભેર ચાલતાં ક્યારેક ખાડામાં પડી જતાં સહેજમાં બચી જતાં, તો ક્યારેક પગમાં બાવળની શૂળો ભોંકાતી હતી.

બાળવિધવા નારી એના નસીબને જાણતી હતી. હિંદુ વિધવાના નસીબમાં જીવે ત્યાં સુધી સદા શૂળ હોય છે અને મૃત્યુ પામે ત્યારે શૂળી હોય છે.

આ નારીને જીવનના જોખમનો ખ્યાલ હતો. બાળવિધવા થઈને કરેલા લગ્નના પરિણામની જાણ હતી. પેલા યુવાન સાથે એ ઘેર પહોંચી, ત્યારે એના કોમળ દેહમાં શ્વાસ માતો નહોતો. એની ચંપાફૂલ જેવી પાનીઓ લોહીથી રંગાઈ ગઈ હતી અને કડકડતી ઠંડી રાતમાંય ભય, બીક અને થાકને કારણે શરીર પર પરસેવો વળી ગયો હતો. એ દિવસે આ યુગલ ગામમાં આવ્યું, એ પછી એમણે ફરીથી ન શહેર જોયું, ન એ સ્ટેશન જોયું. જે દિવસે એ ઘરમાં દાખલ થયા ત્યારથી તે એમનો દેહ પડ્યો ત્યાં સુધી તેમાં જ રહ્યા. કારણ કે આ ઘરમાં સામાજિક બંધનોને તોડીને નાસી છૂટેલી નારી રહેતી હતી. આખું વિશ્વ એનું વેરી હતું. નિર્બળ સમાજને આ અબળા પર જોર જમાવવાની ભારે તાલાવેલી હતી. 'નિર્બલ કે બલ રામ' કહેનારાઓ એમના બળનો ઉપયોગ આ નિર્બળો ઉપર કરવા તલસી રહ્યા હતા.

ઘરના પિંજરમાં જીવતી આ નારીનું નામ હતું નીમુબહેન. સુંદર રૂપ ધરાવતી આ નારી જ્યારે ગરબે રમવા જાય, ત્યારે શેરી ગુંજી ઊઠતી હતી. છોકરાઓ એને પદમણી નાર કહેતાં હતાં. સવા વાંભનો ચોટલો અને એવી જ ઓઢવાની અદ્ભુત છટા. આવાં ગામડાં-ગામમાં એની માફક સુંદર રીતે કપડાં પહેરતાં કોઈને ન આવડે. એના અવાજમાં મીઠાશ અને સંસ્કાર હતાં એટલે સાંભળનારા ક્યારેય થાકતા નહીં.

બાળવિધવા નીમુબહેને બાળપણથી જ જીવનનાં ઝેર પીધાં હતાં. બાળવિધવાનો પડછાયો કોઈ લે નહીં. એવામાં આ ગામના યુવાનનો અણધાર્યો પરિચય થયો. આ યુવાને નીમુબહેનને કહ્યું કે, આ શહેર તો વેઠિયા લોકોથી ભરેલું છે. ગામડામાં જે લહેર છે, તેની તો વાત જ ન થાય! એણે નીમુબહેનને કહ્યું, 'નરક સમું શહેર છોડીને, ચાલો, ગામડામાં જઈને ગોકુલ-વૃંદાવનની મોજ માણીએ.'

શિક્ષિત નીમુબહેને વાંચેલી કથાઓમાં પણ ગામડાંનાં લોભામણાં વર્ણનો હતાં. ગામડાનો માનવી સુખી, શહેરનો માનવી પારાવાર દુઃખી, ગામડું તો ધરતી પરનું સ્વર્ગ છે અને શહેર તો સાતમું નરક છે. એમાં વળી પેલા યુવાને પોતાના ખેતર-પાદરની, જમીન-જાયદાદની મોટી મોટી બડાશો મારી હતી.

આ ભોળી સ્ત્રીને માણસ માત્રની વાતમાં વિશ્વાસ હતો. યુવાન જે કહે તે માની લેતી. એણે કલ્પના પણ કરી નહોતી કે એક વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે છળપ્રપંચ ખેલતો હોય. પોતાના સ્વાર્થ ખાતર કોઈની જિંદગી સાથે રમત રમતો હોય! એણે તો જુવાનની મોટી બડાશભરી વાતોને સત્ય માની લીધી અને એથી એને કહ્યું, 'તારે ખાતર ગામડાની ગોરી બનીશ. તારાં દહીં-દૂધ વલોવીશ, ખેતરે ભાત લઈને આપવા આવીશ.' હજી યુવાની ઉંબરે પગ મૂકતી નીમુબહેને ગામડાનાં કેટલાય સોનેરી સ્વપ્નાં સજ્યાં. જીવનમાં

હળાહળ વિષ પીનારને ગામડાના નવનીતની અભિપ્સા જાગી. નીમુબહેન વિચારતાં કે શહેરનાં સઘળાં દુઃખોનો ગામડામાં અંત આવી જશે. ગામના ભલાભોળા લોકો વચ્ચે જીવતાં જીવનનાં જખમ રૂઝાઈ જશે.

યુવાને શહેરની નોકરી છોડી અને બાળવિધવા નીમુબહેને ઘર છોડ્યું, પણ ગામમાં આવીને જોયું તો કલ્પનાજગતથી બધું ભિન્ન હતું.

ગામડું ગામ અને આટલું રૂપ એમાં વળી ઘરેણાં અને સુંદર વસ્ત્ર પહેરે, તો તો શું નું શું થઈ જાય? ભૂલે-ચૂકે માથામાં વેણી નંખાય નહીં અને વાળ પણ સીધી પાંથીના ઓળવાના. નીમુબહેનનું હૈયું ભરાઈ આવ્યું. કિસ્મતની દગાબાજી તે કેવી?

નાની વયે પતિ છીનવી લીધો અને જેની સાથે જીવન બાંધ્યું એ પ્રપંચી નીકળ્યો. ઘરની બળી વનમાં ગઈ, તો વનમાં વળી દવ લાગ્યો. પોતાના નસીબને દોષ આપતાં નીમુબહેને વિચાર્યું કે ભલે ઉલમાંથી ચૂલમાં પડી હોઉં, પણ જીવનથી હારી જવું નથી.

શહેરથી આવેલા નીમુબહેનને ગામડાની ગોરી બનતાં વાર ન લાગી. બધાં ઘરેણાં ઉતારી નાખ્યા અને માત્ર સૌભાગ્યનું ચિહ્ન રાખ્યું. બનારસી અને મૈસુરી સાડીઓ મૂકી દીધી અને લાલ કિનારવાળી સાદી સાડીઓ પહેરવા માંડી. વાળ પણ સાદી રીતે ઓળવા લાગ્યાં. શહેરમાં નળ હતા એટલે ગામડામાં માથે હેલ (બેડું) મૂકીને જતાં ફાવે નહીં. ક્યારેક ગુચ્છાદાર વાળ પરથી બેડું સરી પણ પડે. એ ઘંટીએ દળવા બેઠાં અને ઘંટી એમને ફાવી ગઈ.

આટલા વેદનામય જીવન વચ્ચે પણ ક્યારેક હસી લેતાં અને અનાજ દળીને ઊઠે ત્યારે લાલચોલ હાથ બતાવીને આ રસિક નારી કહેતી,

'તમારા ભાઈએ કેવી સુંદર મહેંદી મૂકી છે?'

નીમુબહેનને 'સરસ્વતીચંદ્ર' ગ્રંથ અતિ પ્રિય હતો. ગામડાના વિદ્યાર્થીઓ સાથે બેસીને નીમુબહેન એની વાર્તા કહેતા. ક્યારેક રામાયણ, મહાભારત, અરેબિયન નાઈટ્સ, વેતાલ પચ્ચીસી અને સૂડા બહોતેરીનું પાન કરાવતાં. વળી એમની વાત કહેવાની રીત પણ એવી કે બધા હોંશેહોંશે સાંભળે. રોજ વિદ્યાર્થીઓ ભેગા થાય અને નીમુબહેન એક પછી એક વાત કહે.

આમ વિદ્યાર્થી અવસ્થામાં જ જયભિખ્ખુને આકસ્મિક રીતે 'સરસ્વતીચંદ્ર' જેવા મહાન ગ્રંથનો સહેલાઈથી અને સરળતાપૂર્વક પરિચય થયો. એ ગ્રંથ એમના જીવનનો અતિ પ્રિય ગ્રંથ બની રહ્યો. નીમુબહેન આ કથાઓ જે સહજતાથી કહેતાં હતાં, તેમાંથી 'જયભિખ્ખુ'ના ચિત્તમાં કથારસની આલેખનરીતિના બીજ રોપાયાં. નીમુબહેન કથા કહે એટલે નિશાળિયાઓના સઘળાં દુઃખો ભુલાઈ જાય. લેસન કરવાનું દુઃખ, મોંપાઠ લેવાનું દુઃખ, બાપાજીની ધમકીનું દુઃખ, માસ્તર ઘરે ભણાવવા આવે એનું દુઃખ-એ બધું ભુલાઈ જતું.

હજી આ દિવસો વીતતા હતા, ત્યાં જ નીમુબહેનના કુટુંબીઓએ મોટું તોફાન જગાવ્યું. તોફાનનું કારણ એ હતું કે એમના કુટુંબની છોકરી આવી રીતે નાસી જાય એ બરાબર નહીં, પણ એથીય વધારે આ જાની કુટુંબની છોકરી જોશી કુટુંબના છોકરા સાથે પરણે, તો તો બધા જાનીને માથે કલંક સમાન ગણાય. એના કુટુંબીજનોને લાગ્યું કે નાતમાં એમની આબરૂનો સવાલ ઊભો થયો છે અને મહામૂલી આબરૂ જાળવવા માટે એક નિરાધાર નારીના જીવન-મરણનો શો હિસાબ? એમના કુટુંબીજનોએ એને જીવતી ઉપાડી જવાના, નદી-કૂવે હોય, તો એને ધક્કો મારવાના પ્રયત્નો કર્યા, પરંતુ નીમુબહેન ભગવાન પર ભરોસો રાખીને શાંતિથી જીવતા હતા.

બીજી બાજુ વિદ્યાર્થીઓ પણ એમનો કેડો મૂકતા નહીં. સહેજ નવરા પડે કે તરત જ નીમુબહેનને ત્યાં પહોંચી જાય. તેઓ રામાયણની એકાદ ટૂંક, ભીમનું એકાદ પરાક્રમ કે 'સરસ્વતીચંદ્ર'નો સુંદર પ્રસંગ કહી સંભળાવે. એ ઘઉં વીણતા હોય તો વિદ્યાર્થીઓ એમની સાથે ઘઉં વીણે, તુવેર ફોલતાં હોય તો તે ફોલવા લાગી જાય, રાંધતા હોય તો લાકડાં, તેલ કે પાણી લાવી આપે. વાત સાંભળવા માટે બધું કરવા તૈયાર. એમની વાત કહેવાની રીત પણ અદ્ભુત હતી.

એકવાર બધાં છોકરાઓ વાત સાંભળવા આવ્યાં, ત્યારે નીમુબહેને છણકો કર્યો,

'રોજ શું જીવ ખાવ છો, જાવ, જતાં રહો.' ભીખાલાલ અને એમના મિત્રો નિરાશ થયા. વળી આશ્ચર્ય પણ થયું કે ક્યારેય ઊંચા સાદે નહીં બોલનારાં નીમુબહેન આજે કેમ ગુસ્સે થયા? નક્કી કંઈક અવિનય-અપરાધ થયો હશે? બધા વિદ્યાર્થીઓ કપાતા કાળજે પાછા ફર્યા. બે દિવસ એમની પાસે ગયા નહીં, પરંતુ સૌને સતત અજંપો કોરી ખાતો હતો. આખરે બધાએ નક્કી કર્યું કે એક વાર એમને મળીએ, આપણો ગુનો જાણીએ, ગુનાની માફી માગીએ અને એમના મુખેથી માફી આપે, પછી એ એમના રસ્તે અને આપણે આપણા રસ્તે. બધા વિદ્યાર્થીઓ કેવી રીતે મળવું એનો વિચાર કરતા હતા, ત્યાં ત્રીજે દિવસે નીમુબહેને ભીખાને જ બોલાવ્યો.

'ભાઈ, બે દિવસથી કેમ કાંઈ દેખાતા નથી?'

'બહેન, તમને માઠું લાગ્યું છે ને! એક વાર કંઈ ગુનો થયો હોય તો માફી માંગવા આવવું'તું. પણ તમે વિશેષ નારાજ થાવ એનો ડર હતો.'

'મારાં બાળુડાંઓ! તમારાથી હું નારાજ થઈશ!' નીમુબહેન ગળગળા બની ગયા. 'અરે, તમારા સંગાથથી તો હું જીવું છું. હું મરું રે, મારા ભાઈ! તમે મને છોડી દેશો તો વિના મોતે મરી જઈશ. મન ઉદાસ હશે. ભૂલથી તમને દુભવ્યા હશે, ભાઈ! મારા

જેવી હતભાગિની પર ગુસ્સો શોભે?'

નીમુબહેનની સુંદર આંખોમાંથી મોતી ઝરતાં હતાં. આ જોઈને ભીખો પણ રડવા લાગ્યો. ભીખાને રડતો જોઈ એ આગળ વધ્યાં અને કહ્યું, 'મરદ થઈને રૂએ છે?'

ભીખાએ કહ્યું, 'શું છોકરીઓને જ રડવાનો પરવાનો છે? ભરાયેલું મન તો ખાલી કરવું પડે ને.'

નીમુબહેન શાંત થઈ ગયા, પણ સરસ્વતીચંદ્રમાંથી એક કવિતા ગાઈ સંભળાવીઃ

'નરજાત સુખી અહીં હશે, કદી મ્હાલતી સ્વચ્છંદથી;
પણ નારીને રોવા વિના, કર્મમાં કંઈ છે નહિ!'

ભીખાની ઉંમર નહોતી કે આ કવિતાનો અર્થ સમજી શકે, પણ નીમુબહેન ખુશ થયાં એનો આનંદ હતો અને એના સમાચાર આપવા માટે એ મિત્રો પાસે દોડી ગયો. એ પછી થોડા દિવસો બાદ નીમુબહેનના કુટુંબીજનોએ ઉપાડો લીધો. ગરીબડાં ઘેટાંનો પ્રાણ લેવા, સર્વત્ર ખૂની વરુઓ પોતાના કાતિલ પંજા પસારીને બેઠાં હતાં.

ઘરના વડીલોએ પણ ભીખાને કહ્યું કે નીમુબહેનના ઘરે જવામાં જોખમ છે અને એક દિવસ રાત્રે નીમુબહેનના ઘેર કેટલાક તોફાનીઓ ઘૂસી આવ્યા. એમાં એક ભીખાનો મિત્ર ગીરજો હતો. ભીખાએ જ્યારે જાણ્યું ત્યારે ગીરજા તરફ ભારે રોષ જાગ્યો. એમની દોસ્તી ખંડેર બની ગઈ, પરંતુ નીમુબહેનનું નાક કાપી નાખવા આવેલા તોફાનીઓ ફાવ્યા નહીં. કારભારીના દીકરા ભીખાને કારણ નીમુબહેન અંતે નિર્ભય બન્યા.

વિદ્યાર્થીકાળની આ ઘટના સર્જક 'જયભિખ્ખુ'ના ચિત્તમાં જડાઈ ગઈ હતી, આથી એમણે જે કથાઓ લખી એમાં નારીની વેદના લખી, નારીને ભોળવનારા પુરુષોના પ્રપંચોને આલેખ્યાં, તો બીજી બાજુ નવી નારીની સ્વાર્થી મનોદશા પર આક્રોશ ઠાલવ્યો.

આ બધાંનું કારણ શું? કારણ એ કે જયભિખ્ખુના ચિત્તમાં નીમુબહેન જેવું નિર્મળ નારી-વ્યક્તિત્વ છવાયેલું હતું.

(ક્રમશ)

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫.

---

# શ્રી જૈન મહાવીર ગીતા-એક દર્શન: ૧૫

❑ પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજી

**પંચદશ અધ્યાય : જ્ઞાન યોગ**

'શ્રી જૈન મહાવીર ગીતા'માં પંદરમો અધ્યાય 'જ્ઞાનયોગ' છે. આ પ્રકરણમાં ૩૩૮ શ્લોક છે.

'શ્રી જૈન મહાવીર ગીતા'માં આ અધ્યાયનું નામ 'જ્ઞાનયોગ' છે. ભારતીય સંસ્કૃતિમાં અને જૈન સંસ્કૃતિમાં જ્ઞાનનું કેટલું મહત્ત્વ છે તે આ પ્રકરણના નામ પરથી ફલિત થાય છે. જૈન ધર્મમાં જ્ઞાનને મોક્ષ-પ્રાપ્તિનું મૂળ કહ્યું છે. શ્રી મહાવીર ગીતાનો પ્રારંભ આવી રીતે થાય છેઃ

धर्मयोगं निराभ्याय, सूरयो गौतमादयः।
पप्रच्छुः श्री महानवीरं, ज्ञानयोगबुभुत्सवः।।
श्रीवीर प्रोविवाज्ज्ञानयोगं मोहविनाशकम् ।
यं प्राप्य कृतकृत्याः स्युर्मनुष्याः सिद्धिगामिनः।।

**'શ્રી ગૌતમ વગેરે સૂરિઓએ ધર્મયોગ (વગેરે) વિશે સાંભળીને પછી જ્ઞાનયોગ પ્રાપ્ત કરવાની ઈચ્છા થઈ. તે વિશે શ્રી મહાવીરને પૂછ્યું.'**

**'જેને પ્રાપ્ત કરનાર મનુષ્યો સિદ્ધિ પ્રાપ્ત કરે છે અને કૃતકૃત્ય બને છે એવા મોહનો નાશ કરનાર જ્ઞાનયોગને શ્રી મહાવીરે કહ્યો.'**

સંસારમાં આત્મા અનાદિકાળથી પરિભ્રમણ કરે છે એનું કારણ જીવની સાથે ચોંટેલું મોહનીય કર્મ છે. જ્ઞાનનું શું મહત્ત્વ છે તે ઉપરના બીજા શ્લોકમાંથી ફલિત થાય છે. આત્માને અનાદિકાળથી સંસારમાં રખડાવનાર મોહનીય કર્મનો નાશ કરવા માટે જ્ઞાન સમર્થ છે. સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ થાય એટલે જીવ મોક્ષની દિશામાં ચરણ માંડે.

'જ્ઞાનયોગ'ની આવી વિશિષ્ટ સિદ્ધિ છે તેમ કહીને શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી તત્ત્વજ્ઞાનની ઊંચી ધરોહર પર લઈ જાય છે. જૂઓઃ

**'જીવ અજીવન વગેરે મળીને સોળ પદાર્થો (તત્ત્વો) છે. પુરુષ આત્મરૂપ છે અને પ્રકૃતિ જડ સ્વરૂપ છે. (શ્લોક, ૩) પુરુષ સ્વરૂપવાળો છે જ્યારે પ્રકૃતિ દ્વૈતરૂપ વાળી છે. આ બંનેનો સ્વાભાવિક રીતે જ અનાદિકાળથી સંબંધ છે. (શ્લોક,૪). મહાન દેવો, સિદ્ધ, બુદ્ધ, નિરંજન રૂપ શુદ્ધ આત્મા છે. તે બધા અષ્ટકર્મ વિહીન હોવાથી જન્મથી પર છે અને મહેશ્વર રૂપ છે. (શ્લોક, ૫). પ્રકૃતિ અથવા કર્મની માયાએ બન્ને પર્યાય છે. અર્થાત્ એક રૂપ છે. તેમજ આત્માઓ કર્મ કરનારા છે અને કર્મનો વિનાશ કરનારા છે. (શ્લોક, ૬). અંતરાત્મા સાત્ત્વિક કર્મથી યુક્ત અને ઈશ્વરરૂપ છે. આ પરમાત્મા રૂપ એવા અંતર આત્માઓને કર્માતીત અને કલ્યાણકર માનવા જોઈએ. (શ્લોક, ૭). વ્યવહારની રીતે આત્મા એ કર્મનો કર્તા, ભોકતા રૂપ છે પરંતુ ખરી રીતે તો પ્રકૃતિ કર્તા, ભોક્તા અને શક્તિરૂપ છે. (શ્લોક, ૮). ચોક્કસ રીતે આત્મા કદી કર્તા, ભોકતા બનતો નથી. આત્માએ કર્મના પ્રભુરૂપ અને સાક્ષીરૂપ છે.' (શ્લોક, ૯).**

જૈન ધર્મની વિશેષતા એનું તત્ત્વજ્ઞાન છે. આત્મા, કર્મ,

ભવભ્રમણ, આત્મશુદ્ધિ માટેનો પુરુષાર્થ વગેરે માટે જૈનધર્મમાં અત્યંત સૂક્ષ્મ ચિંતન કરવામાં આવ્યું છે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી વિશિષ્ટ અને વિરલ આલેખન દ્વારા જેમ અનેક અજાણી દિશાઓ ખોલી આપે છે તેવી જ રીતે અહીં 'જ્ઞાનયોગ'માં જૈન ધર્મના તત્ત્વજ્ઞાનને ઊંડાણપૂર્વક સમજાવે છે અને આપણને ધર્માભિમુખ કરે છે. શ્રી મહાવીરસ્વામી આત્મા શું છે, તેની વિશેષતા શું છે અને લોકાકાશમાં આત્માનું શું સ્થાન છે તે વર્ણવે છે.

**'દ્રવ્યોનો ધ્રુવભાવ મારી જેમ સનાતન અને નિત્ય છે. હંમેશાં પર્યાયના વ્યય અને ઉત્પત્તિ વારાફરતી થયા કરે છે. (શ્લોક, ૩૮). હું લયસૃષ્ટિ અને બંને સ્વરૂપ વાળો છું. પરબ્રહ્મ સનાતનરૂપ છું. મારા જ્ઞાનમાં વિશ્વના લય અનેઉત્પત્તિ સમાઈ જાય છે. (શ્લોક, ૩૯). જ્ઞેયરૂપ વગેરેથી ભિન્ન એવું આ સનાતન વિશ્વ છે. ભિન્ન ભિન્ન વિવિક્ષાથી આ જડ અને વ્યક્તિરૂપ એવું વિશ્વ ભિન્ન છે. (શ્લોક, ૪૦). હું સર્વશુદ્ધ સ્વરૂપવાળો છું. સત્તાથી હું નિરંજન રૂપ છું. વ્યક્ત અને અવ્યક્ત સ્વરૂપ વાળો છું. સત્, ચિત્ અને આનંદરૂપ છું. (શ્લોક, ૪૧). હું સ્વરૂપથી સરૂપ અને પરરૂપથી અરૂપ છું. અસંખ્યાતા પ્રદેશવાળો હું નિરાકાર, મહાન, વિભુરૂપ છું. (શ્લોક, ૪૨). અનંતશક્તિથી હું છ રીતે કાર્ય કરનાર છું. લક્ષ્ય, અલક્ષ્ય-સ્વરૂપવાળો, આસ્તિ, નાસ્તિ સ્વરૂપવાળો છું. (શ્લોક,૪૩). હું સાકાર છું. નિરાકાર છું. જ્ઞાનને કારણે તો મારામાં જગત રહેલું છે. હું જીવ અને અજીવ પદાર્થોનો જ્ઞાપક છું. હું રક્ષક છું. (શ્લોક-૪૪). આત્માને નિત્ય મારા સમાન અને જ્ઞાન ધારક ગણવા. મારા થકી જ સૃષ્ટિ અને લય થાય છે. (શ્લોક-૪૪) આત્માને નિત્ય મારા સમાન અને જ્ઞાન ધારક ગણવા. મારા થકી જ સૃષ્ટિ અને લય થાય છે. (શ્લોક-૪૫). અનાદિકાળથી આ વિશ્વ દશ્યરૂપ અને અદશ્યરૂપ જાણવું. જીવો અને અજીવો જ્ઞાન વડે આ વિશ્વમાં વ્યાપક છે. (શ્લોક, ૪૬). મારા સ્વરૂપનું જ્ઞાન કરનારા ભક્તિ ભાજકો છે જેઓ પ્રીતિપૂર્વક મારામાં લીન થાય છે અને મહાજ્યોતિનો આશ્રય લે છે. (શ્લોક-૪૭). એક ઈન્દ્રિય વગેરેના ભેદથી જીવો પાંચ પ્રકારના છે. જ્યારે આત્માઓ બે પ્રકારના છે. એક સિદ્ધ અને બીજા સાંસારિક' (શ્લોક, ૪૮).**

શ્રીમદ્ બુદ્ધિસાગરસરીશ્વરજી જૈનશાસનમાં વિરલ વિદ્યાપુરુષ હતા. ભગવાન મહાવીરનું ધર્મતત્ત્વ સમજવા અને પામવા પ્રચંડ પુરુષાર્થ કર્યો હતો. નિયમિત યોગસાધના દ્વારા એઓ સ્વાધ્યાય મગ્ન પણ રહેતા હતા. જ્ઞાનયોગમાં તેઓ જે જૈન ધર્મનો મર્મ પામ્યા તે પ્રગટ થાય છે. મૂળ તો આખી વાત આત્મશુદ્ધિની અને આત્મકલ્યાણની છે. આત્માનો શી રીતે ઉદ્ધાર થાય અને આત્માનું શી રીતે કલ્યાણ થાય તેનું ગહન ચિંતન 'જ્ઞાનયોગ'માં સતત નિહાળવા મળે છે. જિનપૂજા, ગુરુસેવા, સંઘસેવા, સાત ક્ષેત્રોમાં દાન કરવું, રોગી અને દુઃખી લોકોને ઔષધ વગેરેનું દાન આપીને મદદગાર થવું, જૈન ધર્મના પ્રભાવ અને વિસ્તાર માટે મહાન વિદ્યાપીઠોની સ્થાપના કરવી ઈત્યાદિ પ્રેરણા અહીં સતત પ્રાપ્ત થાય છે.

ધર્મનું કાર્ય છે સન્માર્ગની પ્રેરણા કરવી અને ધર્મીજનોને ધર્મમાર્ગે ટકાવવા. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી એ માટેની પ્રેરણા જ્ઞાનયોગમાં આ રીતે કરે છેઃ

**'પરોપકારના કાર્યોમાં મારા લોકોએ ભેદભાવ કરવો જોઈએ નહીં. બધાની સેવા આત્મભાવથી કરવી જોઈએ. તેનાથી પુણ્યબંધ થાય છે. (શ્લોક, ૧૮૭). જીવોનું કલ્યાણ થાય છે એવા ભાવથી ધાર્મિકનીતિથી મારા ભક્તોએ મહાન પુણ્ય આપનાર એવું કાર્ય કરવું જોઈએ. (૧૮૮). પરતંત્રતા એ મહાદોષવાળું અને પાપથી ભરેલું કાર્ય છે. શાંતિ અને સુખનો નાશ કરનાર એવું પાપકર્મ હંમેશાં છોડી દેવું જોઈએ. (શ્લોક, ૧૮૯). ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો નાશ પાપ કહેવાય છે. તે સર્વ લોકોના નીતિ, ધર્મ અને સદાચારનો નાશ કરે છે. (શ્લોક, ૧૯૦). મનીષિ લોકોએ પાપના આચાર વિચારનો ત્યાગ કરીને પુણ્યના આચાર વિચારના કાર્યો આળસ છોડીને કરવા જોઈએ. (શ્લોક, ૧૯૧). જગતમાં જૈનધર્મની મહાસેવા એ એક જ સારરૂપ છે. તે સર્વ સિદ્ધિ આપનાર અને સર્વપાપનો નાશ કરનાર છે. (શ્લોક, ૧૯૨). અનાદિ એવા તીર્થંકરોથી જૈનધર્મ પ્રકાશિત થયેલ છે. તેની આરાધના વગેરે દ્વારા લોકો સ્વર્ગ સિદ્ધિ વગેરે મેળવે છે. (શ્લોક, ૧૯૩). આત્મવત્ બધા લોકોના સ્વાતંત્ર્ય, સુખ વગેરેના હેતુઓ માટે અને દુઃખીઓના દુઃખના નાશ માટેનો ઉદ્યોગ પૂણ્યબંધ કરનાર છે. (શ્લોક-૧૯૪). અનીતિના વિનાશથી પુણ્યબંધ થાય છે. પશુ, પક્ષી, વૃક્ષો વગેરેની રક્ષા કરવાથી પુણ્યબંધ થાય છે.' (શ્લોક, ૧૯૫).**

'શ્રી જૈન મહાવીર ગીતા'ના 'જ્ઞાનયોગ'માં શ્રીમદ્ બુદ્ધિસાગર-સૂરીશ્વરજી ધર્મ વિશે વિરાટ પરીપ્રેક્ષ્યમાં જે કંઈ કહે છે તે આત્મસ્થ કરવા જેવું છે. ધર્મ આચરણ માટે છે, દંભ માટે નહીં. ધર્મ આત્માના ઉત્થાન માટે છે, જડ સાધના માટે નહીં. આ દિવ્યદૃષ્ટિ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીના ચિંતનમાંથી સાંપડે છે. જ્ઞાનયોગના વિશાલ અધ્યાયના અંતમાં તેઓ કહે છેઃ

**'જૈનધર્મ સનાતન સવિકલ્પ અને અવિકલ્પ રૂપ છે અને શુદ્ધ ચારિત્ર રૂપ એવો આત્મા જ જૈન ધર્મ છે. (શ્લોક, ૩૬૬). ગુરુદેવના સ્વરૂપ ધર્મરૂપ આત્મા જ છે. અસ્તિત્વ અને વ્યક્તરૂપ એવો આત્મા જ મહાવીર છે. (શ્લોક, ૩૩૭). નયના સાપેક્ષ બોધ વડે વ્યક્તિનું જ્ઞાન ઉત્પન્ન થાય છે. વ્યક્તિ સ્વરૂપ વડે સત્તા ઉદ્‌ભવે છે એવું આ જૈન દર્શન જય પામો. (શ્લોક, ૩૩૮).**

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની આ ભાવનામાં આપણે પણ સૂર પૂરાવીએ કે સમસ્ત સૃષ્ટિનું કલ્યાણ ઈચ્છનાર અને સકળ વિશ્વને અનેકાંતવાદની અદ્‌ભુત ભેટ આપનાર જૈનદર્શન નિરંતર જય પામો, જય પામો. **(ક્રમશઃ)**

પૂજ્ય આચાર્ય વાત્સલ્યદીપ,
જૈન જ્ઞાનમંદીર, જ્ઞાનમંદીર રોડ, દાદર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૮.

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

### (ડિસેમ્બર ૨૦૦૯ના અંકથી આગળ)

**૫૯૬. પ્રશમ :** તત્ત્વના મિથ્યા પક્ષપાતથી ઉત્પન્ન થતા કદાગ્રહ આદિ દોષોનો ઉપશમ એ 'પ્રશમ'.
तत्त्वों के असत् पक्षपात से होनेवाले कदाग्रह आदि दोषों का उपशम प्रशम ।
The calming down of the vices like wrong insistence etc. that result from a misplaced partisanship of philosophical views-that is prasama.

**૫૯૭. પ્રસ્તર (પ્રતર) :** જે માળવાળા ઘર તળ સમાન છે તે.
जो कि मंजिलावाले घर के तले के समान है ।
Strata which are like storeys of a multistoreyed building.

**૫૯૮. પ્રાણ :** પાંચ ઈન્દ્રિયો, મન-વચન-કાયબલ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ અને વાયુ એ દશ પ્રાણ છે.
पाँच इन्द्रियाँ, मन-वचन-काय से तीन बल, अच्छ्वासनि:श्वास और आयु ये दस प्राण है।
The five sense organs, the three energies i.e.-manas, speech and body, out-breath and in-breath, life-quantum these are ten pranas.

**૫૯૯ પ્રાણત (ઈન્દ્ર) :** આનત અને પ્રાણત દેવલોકના ઈંદ્રનું નામ.
आनत और प्राणत देवलोक के इन्द्र का नाम।
The name of the indra of Anata and Pranata Kalpas.

**૬૦૦. પ્રાણાતિપાતિકી ક્રિયા :** પ્રાણીઓને પાંચ ઈન્દ્રિયો, મન-વચન-કાયબલ, ઉચ્છ્વાસનિઃશ્વાસ અને વાયુ એ દશ પ્રાણથી વિખૂટા કરવાની ક્રિયા 'પ્રાણાતિપાતિકી' છે.
प्राणियों को पाँच इन्द्रियाँ, मन-वचन-काया से तीन बल, उच्छ्वासनि:श्वास और आयु ये दस प्राणों से वियुक्त करने की क्रिया।
Action of the form of depriving the living beings of their Pranas or vital elements.

**૬૦૧. પ્રાત્યયિકી ક્રિયા :** નવાં શસ્ત્રો બનાવવાં તે પ્રાત્યયિકી ક્રિયા.
नये शस्त्रों का निर्माण करने की क्रिया।
The forging of new weapons.

**૬૦૨. પ્રાદોષિકી ક્રિયા :** ક્રોધના આવેશથી થતી ક્રિયા તે પ્રાદોષિકી ક્રિયા.
क्रोध के आवेश से होनेवाली क्रिया ।
Action undertaken under the impulse of anger.

**૬૦૩. પ્રાપ્યકારી (ઈન્દ્રિય):** જે ઇન્દ્રિય ગ્રાહ્ય વિષયો સાથે સંયુક્ત થઈને જ એમને ગ્રહણ કરે તે.
जो इन्द्रिय ग्राह्य विषयों को उनसे संयुक्त होकर ग्रहण करती है।
Those indriyas which grasp their object only through coming in contact with it.

**૬૦૪. પ્રાયશ્ચિત્ત :** લીધેલ વ્રતમાં થયેલ પ્રમાદજનિત દોષોનું જેના વડે શોધન કરી શકાય તે 'પ્રાયશ્ચિત્ત'.
धारण किए हुए व्रत में प्रमादजनित दोषों का शोधन करना ।
That through which it is possible to make clean sweep of the defects born of negligence arisen in connection with a vrata that has been accepted.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

**(વધુ આવતા અંકે)**

# સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ :**પગમેં ભમરી (દ્વિતીય ચરણ)**

લેખકનું નામ : **લીલાધર માણેક ગડા**

સંપાદન : **પ્રવીણચંદ્ર શાહ**

પ્રકાશક : અમૃત ચૌધરી, ડિવાઈન પબ્લિકેશન,

૩૦, ત્રીજે માળે, કૃષ્ણ કોમ્પ્લેક્સ, જૂનું મોડલ સિનેમા, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

ફોન :(૦૭૯) ૨૨૧૬૭૨૦૦,

(મો.) ૯૪૨૭૦૧૨૮૯૫. કિંમત : રૂા. ૧૫૦/-, પાના ૨૨૦, આવૃત્તિ : પ્રથમ ૨૦૦૯.

માધવ રામાનુજ લખે છે. 'અધાની સેવા યાત્રાના સંભારણ અહીં પાને પથરાયા છે. આ પુસ્તક લાગણીના પાવન પ્રવાહને વહાવતી સગપણની સરિતાના સ્પર્શની...સ્નેહભીના સ્પર્શની અનુભુતિ કરાવે છે.'

લીલાધરભાઈ 'પગદંડી'ના તંત્રી તરીકે તે સમયે બનેલી (૨૦૦૫)માં કેટલીક ઘટનાઓનું અને ચારિત્રનું આલેખન નહોતા કરી શક્યા. 'પગદંડી'ના તંત્રી પદેથી નિવૃત્ત થયા પછી આવી ઘટનાઓ અને ચરિત્રો વિશે તેમણે લખ્યું. એ ઘટનાઓનો સંગ્રહ એટલે 'પગમેં ભમરી'-દ્વિતીય ચરણ.

લીલાધરભાઈ છેલ્લા પાંત્રીસ વર્ષથી કચ્છ અને મુંબઈમાં આરોગ્યની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે. આ પ્રવૃત્તિઓના સંચાલનાર્થે કચ્છના ૭૫૦ જેટલાં ગામડાં ખૂંદી વળ્યાં છે. તેથી આ પુસ્તકના વિવિધ વિષયોને લેખકે ચાર વિભાગમાં વિભાજિત કર્યા છે. (૧) દર્દ-દર્દી-રીશ્તો, (૨) રેખાચિત્રો, (૩) રાહત-પુનર્વસન-પુનર્નિર્માણ આફત પછી અને (૪) તકવંચિત સમુદાયો. આમાં કુલ ૪૧ લેખોનો સમાવેશ લેખકે કર્યો છે. લીલાધરભાઈએ સામાજિક કાર્યમાં જીવન સમર્પિત કર્યું છે. કચ્છનો ધરતીકંપ, કાશ્મીરનો ધરતીકંપ, ઈરાનનો ધરતીકંપ, ઈન્ડોનેશિયાનો ત્સુનામી ધરતીકંપ તથા કચ્છના ગ્રામવિસ્તારોમાં વસતા અસહાય પરિવારની લાચારી વગેરે વિષયોને આલેખ્યા છે. એમના અથાક રઝળપાટ, મેળાઓ કે વિવિધ અણધાર્યા સંજોગોમાં જે સંખ્યાબંધ પાત્રો મળ્યા, ઘટનાઓ ઘટી, તેનું મૂલ્યાંકન તેમણે અહીં કર્યું છે.

જીવનમાં ઓછી મહત્ત્વની જણાતી બાબતો પર લખવામાં પ્રગટ થતી સર્જકતાનો પરિચય લીલાધરભાઈના લોકભાષામાં લખાયેલ આ નિબંધોમાં થાય છે. આ પુસ્તકના લેખોમાં લેખકની પારાવાર હુંફનો અને એમની કલમમાંથી કરુણ કવિતાનો સ્પર્શ સતત ટપકતો રહે છે.

x x x

પુસ્તકનું નામ : **સ્મૃતિના ઉપવનમાં**

લેખક-સંકલન : **બંસરી પારેખ – રંજન પારેખ**

પ્રકાશક : **ઈમેજ પબ્લિકેશનન્સ પ્રા. લિ.**

૧૯૯/૧, ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦ ૦૦૨. ફોન : ૨૦૦ ૨૨૬૯૧, ૨૨૦૦૧૩૫૮. મૂલ્ય : રૂા. ૧૫૦/–

પાના-૧૭૮. આવૃત્તિ પ્રથમ, ડિસેમ્બર–૨૦૦૮.

આ ગ્રંથ વિશે સુરેશ દલાલ લખે છે. 'આ ગ્રંથમાં રમણભાઈના દેશ અને પરદેશના અસંખ્ય ચાહકોએ વ્યક્તિ રમણભાઈ અને કવિ રમણભાઈ વિશે તો લખ્યું જ છે. એટલું જ નહીં પણ મુંબઈના એ જમાનાના અત્યંત અગ્રણીઓ, કેળવણીકારોએ પોતાનું હૃદય ખોલીને આ દંપતી વિશે પારદર્શક વાતો કરી છે. એમના શિક્ષકો, વિદ્યાર્થીઓએ રમણભાઈને સ્મરણાંજલિ અર્પી છે.'

આ ગ્રંથમાં અંગ્રેજીમાં લખાયેલ ૮૭ લેખો અને ગુજરાતીમાં લખાયેલ ૪૪ લેખો મોડર્ન સ્કૂલમાં ભણી ગયેલા વિદ્યાર્થીઓના છે. આ વિદ્યાર્થીઓએ શાળામાં વિતાવેલા યાદગાર સમયને પોતાની કલમ દ્વારા સજીવન કર્યા છે. એમના આ સંસ્મરણોમાં સાદી-સીધી ભાષામાં શાળા માટેનો અને એમના ગુરુદંપતી માટેનો અખૂટ પ્રેમ અને આદર વ્યક્ત થયો છે. અને તેથી જ આ પુસ્તકની શૈલી આડંબર વિનાની સાદી અને સરળ છે. રમણભાઈ અને પુષ્પાબહેનની દીર્ઘકાલીન સેવાઓને તેમના વિદ્યાર્થીઓએ આ પ્રસંગે શ્રદ્ધાંજલિ આપેલ છે.

આ પુસ્તકમાં રમણભાઈનું આંતરબાહ્ય વ્યક્તિત્વ દેશ-પરદેશના તેમના અસંખ્ય ચાહકોની કલમે વ્યક્ત થયું છે. ટૂંકમાં આ ગ્રંથ એટલે સ્મૃતિનું ઉપવન. આ ગ્રંથ વાંચવા જેવો અને વસાવવા જેવો અવશ્ય છે.

x x x

પુસ્તકનું નામ : **વૃંદાવન મોરલી વાગે છે**

ભારતીય કૃષ્ણભક્તિ કવિતા

સંપાદન : ભોળાભાઈ પટેલ-અનિલા દલાલ

પ્રકાશક : ભારતી દવે-પ્રકાશનમંત્રી,

ગુજરાતી સાહિત્ય પરિષદ,

ગોવર્ધન ભવન, નદી કિનારે, 'ટાઈમ્સ' પાછળ, આશ્રમ માર્ગ, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

ફોન : ૨૬૫૭૬૩૭૧, ૨૬૫૮૭૯૪૭.

મૂલ્ય : રૂા. ૧૬૦/– પાના-૪૨+૨૭૮.

આવૃત્તિ : સપ્ટેમ્બર–૨૦૦૭.

ગુજરાતી સાહિત્ય પરિષદની શતાબ્દી પ્રસંગે પ્રગટ થયેલ આ પુસ્તકમાં સંસ્કૃત, હિંદી, બંગાળી આદિ ભારતીય ભાષાઓના શિષ્ટ અને લોક-સાહિત્યમાંથી ચૂંટીને ૩૨૧ જેટલાં કૃષ્ણવિષયક પદ, ભજન અને ગીતો સમાવવામાં આવ્યાં છે. 'વૃંદાવન મોરલી વાગે છે'માં ભારતીય કૃષ્ણભક્તિ કવિતા રૂપે સાકાર થઈ છે. સંસ્કૃત સાહિત્યમાં તેમજ મધ્યકાલીન ભક્તિ-આંદોલન દરમ્યાન પદ, ભજન, કિર્તન કે કવિતા રૂપે રાધા-કૃષ્ણ વિષયક અસંખ્ય રચનાઓ લખાય છે.

આ પુસ્તકમાં સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, બંગાળી, અસમિયા, ઓડિયા, મરાઠી, તમિળ અને કન્નડા ભાષાઓની મધ્યકાલીન વૈષ્ણવ ભક્તિ કૃષ્ણ કવિતા ગુજરાતી લિપ્યાન્તર અને અનુવાદ સાથે મૂકી છે અને દરેક ભાષાની કૃષ્ણ કવિતાનો ટૂંકો પરિચય પણ આપવામાં આવ્યો છે.

આ ગ્રંથની વિશેષતા એ છે તેમાં રાધા-કૃષ્ણના કલાત્મક રેખાંકનો આ ગ્રંથને સુશોભિત કલાદૃષ્ટિથી સભર અને સુરુચિપૂર્ણ બનાવે છે.

આ પુસ્તકના વાચકના કાન દ્વારા વૃંદાવનની મોરલીના સૂર હૃદય સુધી પહોંચી તેને ભાવવિભોર કરે છે.

✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪,
ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦૦૬૩.
ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2009-11



# પંથે પંથે પાથેય...

## એક પુણ્યદર્શન

❑ ભોગીલાલ શાહ

દિલ્હી-રાષ્ટ્રપિતા ગાંધીજીની સમાધિ-રાજઘાટના દર્શન કરવાનું એક-બે વખત બનેલું. પરંતુ પૂ. કસ્તુરબા અને પૂ. મહાદેવ દેસાઈની સમાધિના દર્શન કરવા પૂના જવાનો કાંઈ મેળ પડતો ન હતો. વર્ષોથી મન ઝંખતું હતું કે ક્યારે પૂના જવાનું થાય અને આ બે મહાન રાષ્ટ્રભક્તોની સમાધિના દર્શન કરી કૃતાર્થ થાઉં. મારે મન મંદિર કે યાત્રા સ્થળો કરતાં આ ભાવ યાત્રા અને દર્શન વધુ પાવનકારી હતા.

પૂ. ગાંધીજીના સમગ્ર જીવન પર છવાઈ જનાર એવા પૂ. બા તથા માનસપૂત્ર મહાદેવ દેસાઈને સદેહે તો ન જોઈ શક્યો પરંતુ તેમણે જે સ્થાન પર ચિર નિદ્રા લીધી તે પવિત્ર સમાધિના પૂણ્ય દર્શન કરવાની વર્ષોની તીવ્ર મનોકામના ગયા વર્ષે ૨૦૦૮માં સાકાર થઈ. એક સામાજિક પ્રસંગે પૂના જવાનું થયું ત્યારે મારા યજમાનને મારા મનની વાત જણાવી અને મને યરવડા જેલમાં સમાધિ દર્શન માટે ગોઠવણ કરી આપવાની વિનંતી કરી.

પૂ. મહાદેવ દેસાઈ (મૃત્યુ ૧૫ ઑગસ્ટ) અને પૂ. બા (મૃત્યુ ૨૨ ફેબ્રુઆરી, ૧૯૪૪) જ્યાં પૂ. બાપુના સાન્નિધ્યમાં અંતિમ નિદ્રામાં પોઢી ગયા તે સમાધિની યાત્રા અને દર્શન મારા મનમાં અનેક પુનિત ભાવો જન્માવી ગયા અને હું ધન્યતાની લાગણી અનુભવી રહ્યો.

માનવ ઈતિહાસમાં ભાગ્યે જ આવી મોહન-મહાદેવની સમર્પિત જોડી તથા પૂ. બા-બાપુનું સાયુજ્ય જોડું જોવા મળશે. મહાદેવભાઈ અને ગાંધીજીના બન્ને વ્યક્તિત્વો એકબીજાથી ભિન્ન અને જુદાં જુદાં હતાં. પૂ. બાપુનું વ્યક્તિત્વ વૈશાખના પ્રખર સૂર્ય જેવું હતું તો મહાદેવનું વ્યક્તિત્વ પૂનમના ચંદ્રની શીળી ચાંદની જેવું સૌમ્ય હતું. ગાંધીજીના પ્રથમ દર્શનથી જ મહાદેવ તેમના પ્રેમમાં પડી ગયા અને મનોમન નક્કી કર્યું કે દેશની સેવાર્થે જીવન સર્પિત કરવું હોય તો બાપુ જેવા સમર્થ ગુરુના ચરણે જ કરવું. જેમ ભક્ત ભગવાનમાં એકાકાર થઈ જાય તેમ મહાદેવે સમગ્ર વ્યક્તિત્વ પૂ. બાપુની સેવામાં ઓગાળી દીધું. તેઓ માત્ર ગાંધીજીના રહસ્યમંત્રી જ નહોતા પરંતુ તેમના સમર્થ ભાષ્યકાર અને સાથે સાથે પીર, બબરચી અને ભિસ્તી પણ હતા. ગાંધીજી કહેતાઃ મહાદેવનું જીવન અખંડ કાવ્ય છે અને તેમનું બલિદાન રાષ્ટ્રની સ્વતંત્રતાની વેદી પર મોંઘેરું અને અદ્વિતીય હતું.

મહાદેવના મૃત્યુ પછી ગાંધીજીએ તેમના અસ્થિ એક ડબ્બીમાં સંભાળીને રાખી મૂક્યાં અને એ રાખથી પોતાના માથે તિલક કરતા. પૂ. બાપુ, સરોજીની નાયડુ અને મીરાબહેન રોજ સવાર-સાંજની સમાધિ સ્થળની યાત્રામાં જોડાતાં અને ત્યાં ગીતાજીના ભક્તિયોગનો પાઠ થતો. મીરાબહેન તો આ સમાધિને ફૂલો અને શંખલાથી શણગારી માટીની લીંપણથી સમાધિ પર ૐ લખી તેની નીચે ક્રુસ અને ચાર ખૂણે તારા કર્યા હતા.

પૂ. ગાંધીજી સાથે બાસઠ વર્ષનો સથવારો નિભાવ્યો છતાં પૂ. કસ્તુરબા માત્ર ગાંધીજીના અનુગામી જ નહિ પરંતુ સાચા અર્થમાં સહધર્મચારિણી અને તેમના બધાં સુખદુઃખમાં ભાગીદાર રહી ભારતીય પરંપરાના પ્રતિનિધિ સ્વરૂપે પત્નીધર્મ સુપેરે નિભાવ્યો હતો. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીને તેમની સેવાને નિમિત્ત બનાવી દાનમાં મળેલાં ઘરેણાંને પોતાની અંગત મિલકત નહિ ગણતાં તેનો ટ્રસ્ટ બનાવવાનો ગાંધીજીનો નિર્ણય લગભગ એકપક્ષી હોવા છતાં પૂ. બાએ તેનો અફસોસ કે રંજ કદી વ્યક્ત કર્યો નહોતો. મરણાસન્ન હોવા છતાં માંસનો શેરબો ન લેવામાં ગાંધીજી સાથે સંપૂર્ણ સહમત હતાં. ગાંધીજીના જીવનમાં ઘણાં નિર્ણયો આદર્શ પ્રેરિત હતા પરંતુ તેને વાસ્તવિક ઘાટ આપવાનું શ્રેય બાને ફાળે જાય છે. ભલે કસ્તુરબાના સંસ્કાર વૈષ્ણવ પરંપરાના હતા છતાં અસ્પૃશ્યતાનું નિર્મૂલન, સર્વધર્મ સમભાવ કે બ્રહ્મચર્યના વ્રતને બાએ સહજભાવે સ્વીકાર્યું હતું.

૨૨ ફેબ્રુઆરી, ૧૯૪૪–ગાંધીજી સવારે ફરવા જતાં પહેલાં બિમાર બા પાસે આવ્યા. થોડીવારે કહ્યું, 'હું ફરી આવું?'

બાએ ના પાડી. પહેલાં હંમેશાં બા જ કહેતાં કે ફરી આવો પણ આજે ગાંધીજીને પોતાની પાસે બેસાડી રાખ્યા. બાપુ બાના ખાટલા પર બેઠા. બા તેમના ખોળામાં સૂતાં હતાં. ગઈ રાતથી બાને પાણી પીવાની અરુચિ થઈ હતી, પણ દેવદાસ ગંગાજળ લાવ્યા હતા એમ સાંભળી બાએ મોં ખોલ્યું અને બાપુએ એક ચમચી ગંગાજળ રેડ્યું. બાપુએ પૂછ્યું: 'શું થાય છે?' અત્યંત કરુણસ્વરે બાએ કહ્યું, 'કશું સમજાતું નથી.' નાડી ખૂબ મંદ પડી ગઈ હતી અને આંખો ચેતન વિહોણી બની ગઈ. ગળામાં ઘરેડો બોલવા લાગ્યો. શ્વાસ લેવા માટે મોં ઉઘડી ગયું અને એ બે ચાર શ્વાસ લઈને બા સંસારના બંધનમાંથી છૂટી ગયા...બા પૂ. બાપુના ખોળામાં જ ચિર શાંતિથી પોઢી ગયા. આવું દેવને પણ દુર્લભ દૃશ્ય ભલભલાના કાળજા કંપાવી જાય તેવું હતું.

બાની અંત્યેષ્ટી ક્રિયા પણ યરવડા જેલમાં આગાખાન મહેલના પરિસરમાં મહાદેવની સમાધિ પાસે જ થઈ. દેવદાસ હાથે અગ્નિ મૂકાયો ને સવારના સાડા દસ વાગે સંપન્ન થઈ. ગાંધીજી સમગ્ર ક્રિયા દરમ્યાન લાકડીના ટેકે ઊભા હતા; પછી ખુરશી પર બેઠા. બે કલાક પછી સાથીઓએ બાપુને થોડો આરામ કરવા સમજાવ્યા ત્યારે બોલ્યાઃ 'બાસઠ વર્ષ સાથે રહ્યા પછી હવે છેલ્લે દિવસે મારે શી ઉતાવળ છે?' બપોરે સાડાચાર વાગે ગાંધીજી ત્યાંથી ઊઠ્યા. ૨૬મી એ બાપુએ બાની સમાધિ પર ગુલાબનું ફૂલ મૂક્યું. બાના જવાથી બાપુ ખૂબ એકલતા અનુભવવા લાગ્યા. થોડા દિવસો સુધી તો ઉઠતાં, બેસતાં, સૂતાં, જાગતાં માત્ર બાનું જ સ્મરણ અને વિચારો આવતા હતા.

પૂ. બા અને પૂ. મહાદેવ દેસાઈ બન્ને સ્વતંત્રતાની વેદી પર પોતાના પ્રાણની આહુતી આપી અમર થઈ ગયા. પ્રાચીન ધર્મશાસ્ત્રોમાં દેવી-દેવતાઓના પરાક્રમ કે કુરબાનીની વાતો સાંભળેલી પરંતુ આધુનિક યુગના આ દેવ સમાન માનવોની રાષ્ટ્ર માટે આપેલી સેવા-શહાદત અદ્વિતીય છે.

હું પૂ. બા અને પૂ. મહાદેવ દેસાઈની સમાધિ સમક્ષ આંખો મીંચી નતમસ્તકે હાથ જોડી આ રાષ્ટ્રના મહાન સપૂતોના અતિતમાં ખોવાઈ ગયો. હૃદય ભાવાવેશથી ભરાઈ ગયું. આંખો અશ્રુથી ભીની થઈ ગઈ અને તેમને ભાવાંજલિ આપી ભારે હૈયે સમાધિ સ્થળ છોડ્યું.

(સંદર્ભઃ નારાયણ દેસાઈ લિખિત ગ્રથ ભા-૪ 'મારું જીવન એ જ મારી વાણી')

C/o. સુરેશા એપાર્ટમેન્ટ, ઈશ્વર ભુવન પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
ટે. નં. (૦૭૯) ૨૬૪૩૧૮૮૪.

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.